'તત્ત્વરુચિ' ટીકા અને ભાવાનુવાદ દ્વારા સમલંકૃત

ગૂર્જરેશ્વર કુમારપાળ પ્રણીત

# આત્મનિંદા દ્વાત્રિંશિકા



-: ટીકા રચના :-

પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનવિજયજી મહારાજ

॥ त्रिलोकबन्धो! जयताज्जिनेन्द्र! ॥
॥ दधातु तुष्टिं मयि विस्तरोगिराम् ॥
॥ नमामि नित्यं गुरू-रामचन्द्रम् ॥

'તત્ત્વરુચિ' ટીકા અને ભાવાનુવાદ દ્વારા સમલંકૃત
ગૂર્જરેશ્વર કુમારપાળ પ્રણીત

# આત્મનિંદા દ્વાત્રિંશિકા

❖ ટીકા અને ભાવાનુવાદકર્તા ❖
સંવિગ્નશિરોમણિ, તપાગચ્છશિરતાજ,
પૂ.આ.દે. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય,
પૂ. ગુરૂદેવ શ્રી ભવ્યવર્ધનવિજયજી મહારાજના શિષ્ય,
પૂ. ગુરૂદેવ શ્રી મંગલવર્ધનવિજયજી મહારાજના શિષ્ય,
પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનવિજયજી મહારાજ

❖ ટીકા સંશોધક ❖
ષડ્દર્શન નિષ્ણાત, પૂ.આ.દે. શ્રી વિ. ચંદ્રગુપ્તસૂરીશ્વરજી મ.

❖ પ્રકાશક ❖
**શ્રી નવકાર આરાધના ભવન**
**હાલોલ જૈન સંઘ**
૫૩, અલકાપુરી સોસાયટી, ગોધરા રોડ, હાલોલ-૩૮૯ ૩૫૦.

## ગ્રંથ પરિચય :

| | | |
|---|---|---|
| મૂળ ગ્રંથનું નામ............. | : | आत्मनिंदाद्वात्रिंशिका |
| ગ્રંથકર્તા ...................... | : | ગૂર્જરેશ્વર, રાજવી કુમારપાળ |
| ગ્રંથ રચનાનો સમય ........ | : | વિક્રમની ૧૨મી શતાબ્દીનો પ્રારંભિક સમય |
| ગ્રંથકારના ગુરૂદેવનું નામ... | : | કલિકાલસર્વજ્ઞ, પૂ.આ.દે. હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ |
| ગ્રંથનું શ્લોકમાન ............ | : | ૩૨ + ૧ (પ્રશસ્તિ) = ૩૩ |
| ભાષા ........................ | : | સંસ્કૃત / પદ્ય |
| ગ્રંથગત વિષય ............... | : | વીતરાગની ગુણસંપદાનું વર્ણન અને આપણા આત્માની દોષવિવશતાની નિંદા. |
| ટીકાનું નામ .................. | : | तत्त्वरूचि |
| ટીકાકાર ...................... | : | પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનવિજયજી મ. |
| ટીકા રચનાનો સમય ........ | : | વિક્રમ સંવત ૨૦૬૪, સિદ્ધક્ષેત્ર-પાલીતાણા. |
| ટીકાની ભાષા................ | : | સંસ્કૃત / ગદ્ય |
| ટીકાનું શ્લોકમાન............ | : | સાધિક ૩૧૧ / ત્રણશોને અગ્યાર શ્લોક. |
| ઐતિહાસિક નિરીક્ષણ........ | : | મૂળ ગ્રંથની રચના પછી લગભગ ૯૦૦ વર્ષ બાદ રચાયેલી પ્રસ્તુત ટીકા ગ્રંથ ઉપરની લગભગ પ્રથમ ટીકા છે. |
| પૂરક પ્રસ્તુતિ ................ | : | મૂળ શ્લોકો ઉપર અન્વય, શબ્દાર્થ અને શ્લોકાર્થ |

❄ ❄ ❄ ❄ ❄


પ્રત ............: ૧૦૦૦

આવૃત્તિ ........: પ્રથમ

પ્રકાશન ........: વિ.સં. ૨૦૬૪, શ્રાવણ સુદ-૨, રવિવાર, ૩ ઓગષ્ટ-૨૦૦૮

પ્રકાશન સ્થળ .: નવકાર આરાધના ભવન, ગોધરા રોડ, હાલોલ, જિ. પંચમહાલ.

પ્રાપ્તિ સ્થાન ....: **કુસુમ-અમૃત ટ્રસ્ટ, શાંતિનગર, અલકાપુરી, વાપી (વેસ્ટ)-૩૯૬ ૧૯૧.**

મુદ્રક............: *Tejas Printers*
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road, Kalupur, **A'BAD**-1.
**(M) 98253 47620 • PH. (079) (O) 22172271 (R) 29297929**

શાસ્ત્રનીતિ અને શુદ્ધપ્રરૂપણાની રક્ષા માટે
જીંદગીના છેલ્લાં શ્વાસ સુધી સંઘર્ષ કરનારાં...

# પૂ.આ.દે. શ્રી.વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા



જિનશાસનના સિદ્ધાંતો છે કાળાતીત ને ક્ષેત્રાતીત,
સિદ્ધાંતોના રક્ષણ માટે જીવતર જેનું થયું વ્યતીત;
જિનવાણીના જાદૂગર થઈ જગભરમાં મશહૂર બન્યાં,
રામચંદ્રસૂરિવરના ચરણે લાખોને ક્રોડો વંદના... ॥

નિકટભવ મોક્ષગામી, સરળતા અને સમતાના સ્વામી,

# પૂ. ગુરૂદેવ શ્રી ભવ્યવર્ધનવિજયજી મહારાજ



વૈરાગ્ય ને સંવેગની સ્થિરતા અનુપમઉલ્લસે,
સિદ્ધાંતની નિષ્ઠા જીવનમાં દિન ને રાતે વસે ।
ગુણલક્ષ્મી એવી આપની આત્મા અમારો અભિલષે,
શ્રી ભવ્યવર્ધનવિજયજી નયણે વસે હૃદયે વસે ॥

# પ્રાસ્તવિક

અનન્તોપકારી શ્રી અરિહંત પરમાત્માએ આ સંસારને દુઃખમય દુઃખફલક અને દુઃખાનુબંધી વર્ણવીને તેનાથી મુક્ત થવા માટેનો ઉપાય બતાવીને આપણી ઉપર ખૂબ ખૂબ અનુગ્રહ કર્યો છે.

અત્યાર સુધી અનંતાનંત કાલ ગયો. એ દરમ્યાન અનંતા શ્રી તીર્થંકર પરમાત્માઓ થઇ ગયાં. તેઓશ્રીના પરમતારક અનુગ્રહને ઝીલીને આજ સુધીમાં અનંતાનંત આત્માઓ આ સંસારથી મુક્ત બની અનંતસુખના ધામ સ્વરૂપ સિદ્ધિગતિને પામ્યાં છે. આ વસ્તુને જાણ્યા પછી પણ આપણને અનંતજ્ઞાનીઓએ કરેલાં અનુગ્રહને ઝીલવાનો ઉત્સાહ પ્રાપ્ત થતો નથી. ખૂબ જ વિષમ સ્થિતિ છે.

આ સ્થિતિનો અંત લાવવા માટે પરમતારક શ્રી તીર્થંકર દેવની ઉપાસના એક અદ્ભૂત અને અપ્રતિમ સમર્થ સાધન છે. આ ઉપાસના પણ અનેક પ્રકારની છે. તેઓશ્રીની પરમતારક આજ્ઞાનુસાર સર્વવિરતિ ધર્મની આરાધના સ્વરૂપ ઉપાસના સર્વશ્રેષ્ઠ છે. એને કરવાની શક્તિના અભાવમાં એકમાત્ર એ પ્રાપ્ત કરવાના લક્ષ્યથી પરમાત્માના દર્શનાદિ સ્વરૂપ પરમાત્માની ઉપાસના કરાય છે.

આવા પ્રકારની ઉપાસનામાંની જ એક ઉપાસના પરમાત્માની સ્તુતિ સ્વરૂપે પ્રસિદ્ધ છે. સકલ દોષથી રહિત અને સકલ ગુણોથી પરિપૂર્ણ એવા પરમાત્મા સ્તવનીય છે. પરમાત્માની સ્તવના કરવાની પ્રબલ ભાવના હોવા છતાં આપણી પાસે એવા શબ્દો હોતા નથી. તેથી આપણે આપણા ભાવોને સ્તવના દ્વારા પ્રગટ કરી શકતા નથી.

પરંતુ આપણા સદ્ભાગ્યે શ્રી વીતરાગ પરમાત્માના પરમતારક શાસનના અનુરાગી મહાપુરુષોએ રચેલી સ્તવનાના અનુકરણથી આપણે સ્તવના કરી શકીએ છીએ. અનેકાનેક મહાપુરુષોએ અનેક સ્તવનાઓની રચના કરી આપણી ઉપર અનુગ્રહ કર્યો છે.

એ સ્તવનાના વિશાલ સમુદાયમાં પરમાર્હત કુમારપાલ મહારાજાએ રચેલી આત્મનિંદા ગર્ભિત પરમાત્મસ્તવના આ પુસ્તક દ્વારા પ્રકાશિત કરાય છે. સ્તવનાકાર મહારાજાનો વૃતાંત સુપ્રસિદ્ધ છે. જીવનના છેલ્લા વર્ષોમાં ધર્મને પ્રાપ્ત કરી શ્રી અરિહંત પરમાત્માની પરમતારક આજ્ઞા અનુસાર કરેલી તેમની ધર્મઆરાધના એક અદ્ભૂત અનુપમ સાધના હતી. તેના અચિંત્ય પ્રભાવે તેઓશ્રીએ ગણધર નામકર્મનું ઉપાર્જન કરેલું. તેઓશ્રીએ કરેલી આ સ્તવનામાં પરમાત્મા પ્રત્યેની અનન્ય ભક્તિ અને તેના અચિંત્ય સામર્થ્યથી ભવસાગર તરવાની એકમાત્ર ભાવના વ્યક્ત થાય છે.

**સ્તવનાના આ બત્રીશ શ્લોકોનો ગુજરાતી અનુવાદ દરેક શબ્દોનો અર્થ અને 'તત્વરુચિ' નામની તે શ્લોકો ઉપરની સંસ્કૃત ટીકા રચીને મુ. શ્રી હિતવર્ધનવિજયજીએ સ્તવનીય પરમાત્માની ભક્તિના પુણ્ય રસથી આત્માને પવિત્ર બનાવવાની એક સુંદર તક આપી છે.**

આપી છે. જે ખરેખર જ આવકાર્ય છે. અંતે આ પ્રકાશનના યોગ્ય રીતે ઉપયોગથી આપણા આત્માને પરમાત્મા બનાવવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા...

- આ. ચન્દ્રગુપ્તસૂરિ

દશા પોરવાડ સોસાયટી
જૈન ઉપાશ્રય, પાલડી, અમદાવાદ.
અષાઢ વદ-૨, રવિવાર, તા. ૨૦-૦૭-૨૦૦૮

❄ ❄ ❄ ❄ ❄

✦ **સૂચના :**

૧. પ્રસ્તુત ગ્રંથરત્નનું પ્રકાશન શ્રી નવકાર આરાધના ભવન - હાલોલ જૈન સંઘના જ્ઞાનદ્રવ્યના સદ્વ્યય વડે થયું છે. તેથી ગૃહસ્થોએ આ ગ્રંથ વસાવવો હોય તો ૬૦/- રૂા. જ્ઞાનખાતામાં ભરીને ગ્રંથ વસાવવો. વાંચનાર્થે સદુપયોગ કરવો હોય તેમણે પણ યોગ્ય નકરો જ્ઞાનદ્રવ્યમાં ભરવો.

૨. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તેમજ ભારતભરના જૈન સંઘોના જ્ઞાનભંડારોને આ ગ્રંથ ભેટ આપવામાં આવશે. જેમને ખપ હોય તેમણે કુસુમ-અમૃત ટ્રસ્ટ, વાપીના સરનામે એક P.C. લખવો. જ્ઞાનભંડાર માટે સંઘ અથવા સંસ્થાના લેટરપેડ પર લખેલો પત્ર મોકલવો જરૂરી છે.



# ગૌરવ વચન

પ્રભુ મહાવીરદેવે સ્થાપેલું ધર્મતીર્થ જે શ્રુતજ્ઞાનના પ્રભાવે પાંચમા આરાના અંત સુધી જીવિત રહેવાનું છે એવા મહામહિમાવંતા શ્રુતજ્ઞાનના એક અંગ સ્વરૂપ आत्मनिंदा द्वात्रिंशिका અને એની ઉપર રચાયેલાં तत्त्वरुचि નામના સંસ્કૃત ટીકાગ્રંથને ચતુર્વિધ સંઘના કરકમળમાં સમર્પિત કરતાં અસીમ આનંદ અનુભવીએ છીએ.

આ એ ગ્રંથરાજ છે, જેની સંરચના ગુર્જરપતિ, રાજવી કુમારપાળે સ્વયં કરી છે અને એનું પરિમાર્જન કલિકાલસર્વજ્ઞ, શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પાસે કરાવ્યું છે.

ઓગણપચાસ વર્ષની ઉંમરે અઢાર દેશોની રાજ્યધુરા પામીને, એ પછી છપ્પન અથવા સત્તાવન વર્ષની વયે સમ્યક્ત્વ સહિત શ્રાવક ધર્મના બાર વ્રતો સ્વીકારનારા રાજવીએ લગભગ સીત્તેર વર્ષની ઉંમરે સંસ્કૃત ભાષાના વ્યાકરણનો અભ્યાસ કર્યો. ત્યાર બાદ, લોકોત્તર દેવતત્ત્વ માટે શ્રદ્ધાનો જે મહાસાગર પોતાના હૃદયમાં હિલોળા લેતો હતો તેને પ્રસ્તુત आत्मनिंदा द्वात्रिंशिका માં પ્રવાહિત કર્યો.

ઝેરનો પરિચય કરનારને અમૃતની જ્યારે કિંમત સમજાય છે ત્યારે તે અમૃતને ત્યજવા માટે પ્રાણાંતે પણ તૈયાર નથી થતો. મિથ્યા દેવતત્વની ઉપાસનામાં અડધીથી વધુ જીંદગી ખર્ચી નાંખનારા કુમારપાળ રાજવીને જ્યારે ભ્રમનિરસન થયું અને સુદેવતત્ત્વની કિંમત સમજાઇ ત્યારે સુદેવતત્ત્વ પ્રત્યે એમને જે શ્રદ્ધા ઉમટી એને શબ્દો દ્વારા વર્ણવવી સંભવિત નથી. સુદેવ અને સુગુરુ તત્ત્વ માટે પોતાના પ્રાણો ન્યોછાવર કરી દેવા તેઓ હરહંમેશ તૈયાર હતાં.

એમની આવી શ્રદ્ધાનાં પુરાવા આ आत्मनिंदा द्वात्रिंशिका માં ઠેર ઠેર મળે તેમ છે. આ ગ્રંથમાં રાજવીએ મિથ્યામતિ દેવોને લીંબડાના ઝાડ સાથે સરખાવ્યાં છે અને વીતરાગ ભગવંતને આમ્રવૃક્ષની ઉપમા આપી છે. **ગ્રંથાંતે એમણે પોકાર્યું છે "મારે બીજું કશું જ નથી માંગવું, બસ ! જ્યાં સુધી જન્મોની પરંપરા છે ત્યાં સુધી જિનાજ્ઞાની શ્રદ્ધા મારામાં વધતી રહો !" કુમારપાળના મુખેથી પ્રગટેલું ગ્રંથનું આ અંતિમ વચન વાંચીએ છીએ ત્યારે લાગે છે કે તેઓ જિનાજ્ઞાના દીવાના હતા.**

**આજ્ઞા નિરપેક્ષતાનો દવ આજે જ્યારે અચ્છા અચ્છા ધર્માત્માઓની જીંદગીને પોતાની લપેટમાં લઇ લેતો જોવા મળે છે ત્યારે કુમારપાળ રાજવીના આજ્ઞાના અનુરાગથી છલોછલ ભરેલાં આવા વચનો સાચે જ દિશાદર્શક બની રહે તેમ છે.**

કિંમત, આજ્ઞાસાપેક્ષ ધર્મની છે. ધર્મના નામે આજ્ઞાનિરપેક્ષ કરણીઓના ડુંગર તૈયાર કરી દેવામાં આવે તેની નથી. કુમારપાળ રાજવીને આ ઉપદેશ બરાબર સમજાઇ ગયેલો. આપણને આ સત્ય ક્યારે સમજાશે ?

આત્મનિંદા દ્વાત્રિંશિકા ની રચના થઇ એ પછી નવ-નવ શતાબ્દીઓનો વિરાટ કાળ વ્યતીત થઇ ચૂક્યો. પરંતુ આ સમય દરમિયાન મૂળ ગ્રંથ ઉપર કોઇ સંસ્કૃત ટીકા-ગ્રંથ રચાયો હોય તેવું પ્રાયઃ બન્યું નથી. પૂજ્ય મુનિરાજ શ્રી હિતવર્ધન વિજયજી મહારાજે પ્રસ્તુત, ગ્રંથરાજ ઉપર तत्त्वरुचि નામક ટીકાગ્રંથની રચના કરી છે. મૂળ ગ્રંથની જેમ ટીકા ગ્રંથ પણ સંસ્કૃતમાં રચવામાં આવ્યો છે. **ઇતિહાસની ઉપલબ્ધ સામગ્રીઓના આધારે એમ કહી શકાય તેમ છે કે આત્મનિંદા દ્વાત્રિંશિકા ઉપર રચાયેલો આ સર્વપ્રથમ ટીકા ગ્રંથ છે.**

પ્રસ્તુત ગ્રંથમાં, મૂળ શ્લોકો અને ટીકાની સાથે મૂળ શ્લોકનો અન્વય, શબ્દાર્થ, શ્લોકાર્થ તેમજ ટીકાનો ભાવાર્થ પણ પીરસવામાં આવ્યો છે. જેથી સંસ્કૃતની બે બુક ભણેલાં વિદ્યાર્થીઓ આ ગ્રંથનો કાવ્યાભ્યાસ માટે પણ ઉપયોગ કરી શકશે તેમજ સંસ્કૃત ભાષા નહિ જાણનારાં ગૃહસ્થો માત્ર ભાવાર્થનો આસ્વાદ લઇને પણ તત્ત્વસુધાનું આચમન કરી શકશે.

નૂતન ટીકા ગ્રંથનું પરિમાર્જન સ્વ-પર દર્શનવેત્તા, પૂ.આ.દેવ શ્રી વિજયચન્દ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજે ઉદારતાપૂર્વક કરી આપ્યું છે. તેમજ 'સૂરિ રામચંદ્ર'ના સમુદાયવર્તી, પૂ.સા. શ્રી ચંદનબાળાશ્રીજી મહારાજે પ્રુફ વાંચનમાં અવસરોચિત સહાય કરી છે.

મૂળ ગ્રંથમાં જિનભક્તિ અને દુષ્કૃત ગર્હાનું વિવરણ મુખ્યતયા જોવા મળે છે. મૂળ ગ્રંથના આ પદાર્થોને વફાદાર રહીને એના ઊંડાણમાં છૂપાયેલા તાત્વિક ભાવોની સ્પર્શના કરવાનો પ્રયત્ન तत्त्वरुचि ટીકામાં દૃષ્ટિગોચર બને છે.

મૂળ ગ્રંથ તથા તેની ઉપર રચાયેલી 'तत्त्वरुचि' ટીકા, ઉભય કૃતિઓને અમે હૃદયની શ્રદ્ધાપૂર્વક આવકારીએ છીએ. ટીકાકાર પૂજ્યશ્રી તેમજ મૂળ ગ્રંથના પ્રણેતા, પરમાર્હત, કુમારપાળ મહારાજાના ચરણોમાં વિનયસભર વંદન કરીએ છીએ.

અંતે, આવા ઉત્તમ ગ્રંથમણિના પ્રકાશન માટેનો ઉપક્રમ બનવા બદલ અમારો શ્રી સંઘ ગૌરવની લાગણી અનુભવે છે.



**શ્રી નવકાર આરાધના ભવન**

**હાલોલ જૈન સંઘ**

વિ.સં. ૨૦૬૪, અષાઢ વદ-૩, સોમવાર





॥ ऊँ ह्रीं श्रीं अर्हं नमः ॥

॥ ऊँ नमो भगवते श्रीपार्श्वनाथाय ॥

॥ तित्थयराणं अपच्छिमो जयइ ॥

॥ श्री गौतमस्वामिने नमः ॥

॥ ऊँ ऐँ नमः ॥

**※ टीकाकर्तुर्मङ्गलवचनानि :**

चतुःषष्टिसुरेन्द्रास्तु, पारं पूर्वं न लेभिरे ।
यस्य माहात्म्यराशीनां, रागाऽऽतीतं जिनं स्तुवे ॥ १ ॥
शास्त्राऽवगमसद्बीजं, शुभध्यानसमुद्गमम् ।
सद्गुरू-क्रमसत्कारं, प्रतिपद्येऽनुरागतः ॥ २ ॥
कुमारनरनाथेन, ग्रन्थितो यो जिनस्तवः ।
तत्र 'तत्त्वरुचि' र्वृत्तिर्गभीराऽथ वितन्यते ॥ ३ ॥

**※ ટીકાકારનું મંગલાચરણ :**

ચોસઠ ઈંદ્રો પૂર્વે જેમના મહિમા રાશિનો પાર પામ્યા નથી તેવા રાગરહિત જિનેશ્વરની સ્તુતિ કરું છું. ॥ ૧ ॥

શાસ્ત્રબોધનું જે બીજ છે અને કુશળ પરિણામોનું જે ઉત્પત્તિ સ્થાન છે એવા સદ્ગુરુભગવંતના ચરણોની સેવા બહુમાનપૂર્વક સ્વીકારું છું. ॥ ૨ ॥

કુમારપાળ રાજવી એ જે સાધારણ જિનસ્તવના ગૂંથી છે તેની ઉપર 'તત્ત્વરુચિ' નામની ટીકા અત્રે લખાઇ રહી છે. ॥ ૩ ॥

**※ अवतरणिका :**

जिनेश्वराणां सातिशयो जयः प्रस्तूयते ।

**※ ભાવાર્થ :**

જિનેશ્વરદેવોના ચાર અતિશયોની વિચારણાપૂર્વક તેમનો જય-જયારવ પ્રથમ શ્લોકમાં પ્રસ્તુત થયો છે.

**नम्राऽखिलाऽऽखण्डलमौलिरत्न-रश्मिच्छटापल्लविताङ्घ्रिपीठ !**
**विध्वस्तविश्वव्यसनप्रबन्ध !, त्रिलोकबन्धो ! जयताज्जिनेन्द्र ! ॥ १ ॥**

**※ अन्वय :**

हे त्रिलोकवन्धो !, विध्वस्तविश्वव्यसनप्रबन्ध !, नम्राऽखिलाऽऽखण्डलमौलिरत्नरश्मिच्छटापल्लविताङ्घ्रिपीठ !, जिनेन्द्र ! जयताद् ॥

※ **શબ્દાર્થ :**

- ✧ नम्र=નમેલું
- ✧ अखिल=સંપૂર્ણ
- ✧ आखण्डल=ઇંદ્ર
- ✧ मौलि=મસ્તક
- ✧ रत्न=મણિવિશેષ
- ✧ रश्मि=કિરણ-પ્રકાશ
- ✧ छटा=અદા
- ✧ पल्लवित=ખીલેલું
- ✧ अङ्घ्रि=ચરણ
- ✧ पीठ=પીઠિકા
- ✧ नम्राऽखिलाऽऽखण्डलमौलिरत्नरश्मिच्छटापल्लविङ्घ्रिपीठ!=નમેલાં એવા સઘળાય ઇંદ્રોના મસ્તક-મણિઓના પ્રકાશ વડે વિકસિત છે પાદપીઠ જેમના તેવા.
- ✧ विध्वस्त=ધ્વંસ કરેલ
- ✧ विश्व=દુનિયા
- ✧ व्यसन=આપત્તિ
- ✧ प्रवन्ध=પ્રકરણ
- ✧ विध्वस्तविश्वव्यसनप्रवन्ध!=ધ્વંસ કર્યો છે સંસારમાંથી આપત્તિના પ્રકરણનો જેમણે તેવા.
- ✧ त्रिलोकवन्धो!=હે ત્રણ લોકના મિત્ર !
- ✧ जिनेन्द्र!=અરિહંત !
- ✧ जयतात्=જય પામો

※ **શ્લોકનો ભાવાર્થ :**

વિશ્વમાંથી આપત્તિનું પ્રકરણ નષ્ટ કરી દેનારા, ત્રણ લોકના બંધુ, અસંખ્ય ભક્ત ઇંદ્રોના મસ્તકમણિઓના પ્રકાશ વડે જેમના પાદપીઠ વિકસિત થયાં છે તેવા હે જિનેશ્વર ! આપ જય પામો ! ॥ १ ॥

※ **तत्त्वरुचि :**

आत्मनिन्दाद्वात्रिंशिकां विधातुं यतमानस्तया च जिनस्तुतिं कर्तुमुत्कः कुमारपालनरपतिरत्राऽऽदौ जिनवराणां जयरवं विदधाति ।

नम्रेति । 'हे जिनेन्द्र !' जितद्रव्य-भावरिपूणामीश्वर ! भवान् जयताद् । जिनवराणामाप्तत्वे सत्यपि स्वकीयश्रद्धोत्कर्षत्वेनाऽत्राऽऽशीःप्रयोगो निर्दुष्टः । भगवद्भिर्मोहनीयक्षयेन भावशत्रुजयोऽत एव च द्रव्यशत्रूणामपि स्वाभाविकोविजयस्तस्य तदधीनत्वात् संप्राप्तोऽतस्तेषां जिनत्वे सर्वथाऽविरोधः । अन्ये केवलिनोऽपि जिना वर्तन्ते, भावतीर्थङ्करत्वप्रतिपत्त्यनन्तरं भगवतस्तेष्वपि वरिष्ठता भवति, तेषां भगवद्भाषितमार्गाऽऽश्रयणेनैव केवलज्ञानप्राप्तेः । एवं 'जिनेन्द्रे' ति विशेषणं भगवद्विषये यथातथ्यम् भासते । जिनेन्द्रेतिविशेषणस्य कैवल्यलाभानन्तरं घटमानत्वेनाऽत्र प्रभोः ज्ञानाऽतिशयस्वीकारः ।

स च कीदृशः ? 'त्रिलोकवन्धो !' षड्जीवनिकायसुहृद् ! । पुनः कथंरूपः सः ? 'विध्वस्तविश्वव्यसनप्रवन्ध !' विनाशितशरणाऽऽगतानामापत्तिप्रकरण !, स्वीकृतोऽत्राऽपायाऽपगमातिशयः,

विद्यमाने प्रभौ जगज्जन्तूनां द्रव्यपीडानाशनं अनेनाऽतिशयेन भवति । पुनः कथम्भूतः सः ? 'नम्राऽखिलाऽऽखण्डलमौलिरत्नरश्मिच्छटापल्लविताऽऽङ्घ्रिपीठ !' नमनशीलचतुःषष्टिसुरेन्द्राणां ये मुकुटाः, मुकुटेपु यानि स्वनिवद्धानि रत्नानि, तेषां या किरणमाला, तया प्रभावृद्धिप्राप्तः पादपीठः यस्य सः । विशेषणेऽस्मिन् 'नम्राऽखिलाऽऽखण्डले'त्यंशेन भगवतः पूजातिशयस्य प्रतिपत्तिस्तथा च 'अंह्रिपीठे'त्यंशेन प्रधानतया देशनाभूमौ तद्रचयत्त्वेन वचनातिशयस्य प्रतिपत्तिः । एवं चत्वारोऽतिशया आदिमे श्लोकेऽन्तर्वर्णिताः ।

**※ ટીકાનો ભાવાર્થ :**

આત્મનિંદા દ્વાત્રિંશિકાની રચના કરવા કટિબદ્ધ બનેલાં અને એ રીતે તીર્થંકરની સ્તવના માટે ઉત્સુક થયેલાં કુમારપાળ રાજવી સૌ પહેલાં પરમાત્માનો જયનાદ કરે છે અને તે આ પ્રથમ શ્લોકમાં રજૂ થયો છે.

**'જિનેન્દ્ર' વિશેષણનો વિમર્શ :**

તીર્થંકરો જિન પણ છે અને જિનોના ઇંદ્ર પણ છે. આ રીતે—

(૧) દ્રવ્ય અને ભાવ બે પ્રકારના શત્રુને જીતે તે જિન છે. મોહનીયકર્મનો ક્ષય તીર્થંકરોએ કર્યો છે માટે તેમના ભાવશત્રુઓનો જય થયો તેમજ ભાવશત્રુઓનો ક્ષય થયો હોવાથી દ્રવ્યશત્રુઓ પ્રત્યે શત્રુભાવનાની ઉત્પત્તિનો હવે સંભવમાત્ર પણ રહ્યો નથી, આ અપેક્ષાએ દ્રવ્યશત્રુનો વિજય પણ પ્રભુને સ્વાભાવિક પણે પ્રાપ્ત થયો. આમ, દ્રવ્ય-ભાવશત્રુના જય દ્વારા પ્રભુ 'જિન' છે તે નક્કી થયું.

(૨) અન્ય કેવળીઓ પણ જિન છે છતાં તેઓ અરિહંતભાષિત માર્ગનો આશ્રય કરીને જ જિન બન્યાં હોવાથી અરિહંતો જિનોમાં ઇન્દ્ર-વરિષ્ઠ છે. આ વાત પ્રભુની ભાવતીર્થંકર તરીકેની અવસ્થાને આશ્રયીને થઇ છે.

**ચાર અતિશયોનો સ્વીકાર :**

'જિનેન્દ્ર' વિશેષણ દ્વારા પ્રભુના જ્ઞાનાતિશયનો સ્વીકાર થયો છે કેમ કે કેવલજ્ઞાનની ઉત્પત્તિ પછી જ 'જિન' તેમજ 'જિનેન્દ્ર' વિશેષણોનું અર્થઘટન અસ્તિત્વમાં આવે છે. આથી जिन અને जिनेन्द्र ની અવસ્થાઓના બીજમાં કેવલજ્ઞાન રહ્યું છે તે નક્કી થયું. આ રીતે ઉપરોક્ત વિશેષણ દ્વારા જ્ઞાનાતિશયનો સ્વીકાર અત્રે થઇ જાય છે.

પરમાત્મા અત્રે त्रिलोकवन्धु કહેવાયાં છે એનું તાત્પર્ય એ છે કે પૃથ્વીકાય વિગેરે છ જીવનિકાય પ્રત્યે પ્રભુના હૃદયમાં સૌહાર્દ હતું. બંધુ તે છે જેને પોતાના બંધુ માટે સૌહાર્દ છે.

અહિં, विध्वस्तविश्वव्यसनप्रवन्ध ! વિશેષણ દ્વારા કહેવાયું છે કે શરણાગત જીવોની આપત્તિઓનું પ્રકરણ પ્રભુ દૂર કરે છે. આ રજૂઆત કરીને કવિએ અરિહંતના અપાયાપગમાતિશયનો સ્વીકાર

કર્યો છે. કેમ કે અરિહંત જ્યારે વિહરમાન હોય છે ત્યારે જગતના જીવોના રોગ-આતંકનો જે ક્ષય થાય છે તે ઉપરોક્ત અતિશયના પ્રભાવે થાય છે.

नम्राऽखिलाऽऽ... આ લાંબા વિશેષણમાં 'નમેલાં એવા ચોસઠ ઇંદ્રો' એવું જે આદિ વચન છે તેના દ્વારા જિનરાજના પૂજાતિશયની સિદ્ધિ થઈ અને 'अङ्घ्रिपीठ' એવા અંતિમ અંશમાં જે પાદપીઠનો ઉલ્લેખ થયો છે તે પાદપીઠ પ્રધાનરૂપે દેશનાભૂમિમાં રચાતું હોવાથી વચનાતિશયની પણ સિદ્ધિ થઈ. આમ, આ પ્રથમ શ્લોકમાં અરિહંતના ચારેય અતિશયોનો ગર્ભિત સ્વીકાર થયેલો છે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

जिनस्तवाय स्वकीयामसमर्थतां निवेदयन्नाह–

**※ ભાવાર્થ :**

હવેની ગાથામાં જિનસ્તવના માટે પોતાની અસમર્થતાનું નિવેદન કવિ કરે છે.

**मूढोऽस्म्यहं विज्ञपयामि यत्त्वा-मपेतरागं भगवन् ! कृतार्थम् ।**
**न हि प्रभूणामुचितस्वरूप-निरुपणाय क्षमतेऽर्थिवर्गः ।। २ ।।**

**※ अन्वय :**

हे भगवन् ! अपेतरागं कृतार्थं त्वां विज्ञपयामि यदहं मूढोऽस्मि, प्रभूणामुचितस्वरूपनिरूपणाया-ऽर्थिवर्गो न हि क्षमते ।।

**※ શબ્દાર્થ :**

- ✧ भगवन्!=તીર્થંકર !
- ✧ अपेतरागम्=રાગરહિતને
- ✧ कृतार्थम्=સિદ્ધ થયાં છે અર્થ જેના એવા તને...
- ✧ त्वाम्=તને
- ✧ विज्ञपयामि=નિવેદન કરું છું
- ✧ यद्=કે
- ✧ अहम्=હું
- ✧ मूढः=અજ્ઞાન
- ✧ अस्मि=છું
- ✧ प्रभूणां=સ્વામીના
- ✧ उचित=યોગ્ય
- ✧ स्वरूप=વસ્તુસ્થિતિ
- ✧ निरूपण=પ્રરુપણા
- ✧ उचितस्वरूपप्ररूपणाय=યોગ્યવસ્તુ-સ્થિતિની રજૂઆત માટે
- ✧ अर्थिन्=યાચક
- ✧ वर्ग=સમૂહ
- ✧ अर्थिवर्गः=પ્રાર્થના કરનારનો સમૂહ
- ✧ न=નહિ
- ✧ हि=ખરેખર
- ✧ क्षमते=સમર્થ છે

✻ **શ્લોકનો ભાવાર્થ :**

હે ભગવન્ ! રાગરહિત અને કૃતાર્થ એવા આપને હું નિવેદન કરું છું કે હું મૂઢ છું. પરમાત્માનું ઉચિત સ્વરૂપ પ્રરૂપવા માટે (અમારા જેવો) યાચક વર્ગ સમર્થ નથી. ॥ ૨ ॥

✻ **तत्त्वरुचिर्वृत्तिः :**

मूढ इति । 'त्वां' भगवन्तं । कीदृशं ? 'अपेतरागं' मोहवीजसमुच्छेदकरं यथाऽऽख्यातचारित्रस्योद्गताऽवस्थं । पुनः कथंभूतं ? 'कृतार्थं' स्व-परोपकारप्रवृत्तेः सर्वोत्कृष्टफलं तीर्थकरत्वं तदाप्तवन्तम् । ईदृशं त्वां 'विज्ञपयामि' विमर्शपूर्वकं निवेदयामि यद् । 'अहं मूढोऽस्मि' जिनागमाऽवगमविरहितोऽहमस्मि, अगीतार्थोऽस्मि, गृहिधर्मिणां श्रावकाणामागमपठनाऽनधिकारत्वेन गृहीतदेशविरतेरपि भूपतेस्तथाविधं मूढत्वनिवेदनं सुसङ्गतम् । परमार्थतो यावदगीतार्थता तावन्मूढतासंभव एव । 'प्रभूणां' आप्तानां-प्रथमपरमेष्ठिनां । 'उचितस्वरूपनिरूपणाय' शब्दाऽतीतगुणसम्पदो यथान्याय्यं व्याख्यानाय । 'अर्थिवर्गः' प्रार्थितमोक्षपुरुषार्थाऽधिकारो भक्तपरिवारः । 'न हि क्षमते' न हि प्रभू-भूवति । इदमत्र भावनाभगवतोऽन्तरङ्गमैश्वर्यमनन्तगुणात्मकमक्रमञ्च, वाचा तु सक्रमा सान्ता, कथं वाग्भिर्वचनातीतस्य वीतरागस्वरूपस्य प्रकाशनं शक्यते ? यदपि प्रकाशिष्यतेऽल्पमेवेति कविश्चिन्तयति ।

✻ **ટીકાનો ભાવાર્થ :**

(૧) તીર્થંકર દેવો 'अपेतराग' રાગ વિનાના છે એવું વિશેષણ શ્લોકમાં પ્રયોજાયું છે. આ વિશેષણની વ્યાખ્યા ટીકામાં આ રીતે થઈ છે : રાગ ત્યારે દૂર થાય જયારે મોહનું બીજ ઉચ્છેદ પામે. મોહના બીજનો ઉચ્છેદ તો થાય જો યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થાય. પ્રભુએ યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ કરીને મોહના બીજ સમાન રાગનો ઉચ્છેદ કર્યો છે માટે તેઓ अपेतराग છે.

(૨) कृतार्थ વિશેષણની વ્યાખ્યા ટીકામાં આ પ્રકારે વિસ્તરી છે : સ્વ અને પરના ઉપકારની પ્રવૃત્તિ એ અર્થ છે અને આ પ્રવૃત્તિનું ઉત્કૃષ્ટતમ ફળ ભાવતીર્થંકરપણાની પ્રાપ્તિ છે. ભગવાને ઉપરોક્ત બન્નેય પ્રકારની ઉપકારની ક્રિયા કરી છે અને તેનું સર્વોત્તમ ફળ મેળવ્યું છે માટે તેઓ કૃતાર્થ છે.

(૩) કુમારપાળ રાજા શ્રાવક છે છતાં પોતાને मूढ કહે છે. આ મૂઢ પદનું અર્થઘટન ટીકામાં આ રીતે કરવામાં આવ્યું છે : શ્રાવકોને આગમ પઠન-વાંચનનો અધિકાર ન હોવાથી તેમને જિનાગમના સબળ બોધનો વિરહ છે. એથી તેઓ અગીતાર્થ છે. **પરમાર્થ તો એ છે, જ્યાં સુધી અગીતાર્થતા છે ત્યાં સુધી મૂઢતાનો સંભવ છે જ.**

(૪) अर्थिवर्ग એટલે પ્રભુ પાસે યાચના કરનાર. આ શબ્દની વ્યાખ્યા અત્રે 'જેમને મોક્ષ-પુરુષાર્થનો અધિકાર મેળવવાની ઇચ્છા છે એવો ભક્ત પરિવાર' એવી કરવામાં આવી છે.

(૫) બીજાં શ્લોકનું તાત્પર્ય : ભગવાનનું અંતરંગ ઐશ્વર્ય અનંત ગુણોનું બનેલું છે. જેમાં ક્રમાવલી હોતી નથી, સામે પક્ષે વાણીને ક્રમ વડે યોજવી પડે છે અને તે અંતવાળી છે. આથી પ્રભુની ગુણસંપત્તિને વાણી વડે સંપૂર્ણતઃ કહેવી શક્ય નથી. જે કાંઇ કહેવાશે તે અલ્પ જ હશે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

जिनराजस्य साक्षात्कारहेतुं दर्शयन्नाह–

**※ ભાવાર્થ :**

અરિહંતના સાક્ષાત્કારનો હેતુ હવે દર્શાવવામાં આવે છે.

**मुक्तिंगतोऽपीश ! विशुद्धचित्ते, गुणाऽधिरोपेण ममाऽसि साक्षाद् ।**
**भानुर्दवीयानपि दर्पणेंऽशु-सङ्गान्न किं द्योतयते गृहाऽन्तः ॥ ३ ॥**

**※ अन्वय :**

हे ईश ! मम विशुद्धचित्ते गुणाऽधिरोपेण मुक्तिंगतोऽपि साक्षादसि, दवीयानपि भानुदर्पणेंऽशुसङ्गाद् गृहाऽन्तः किं न द्योतयते ? ।

**※ શબ્દાર્થ :**

- ✧ ईश!=ભગવન્ !
- ✧ गुण=આત્મસ્વભાવ
- ✧ अधिरोप=આરોપ
- ✧ गुणाऽधिरोपेण=ગુણના આરોપ વડે
- ✧ मम=મારે / મારા
- ✧ विशुद्ध=નિર્મલ
- ✧ चित्त=મન
- ✧ विशुद्धचित्ते=નિમળ એવા મનમાં
- ✧ मुक्ति=મોક્ષ
- ✧ गत=ગયેલ
- ✧ मुक्तिंगतः=મોક્ષમાં ગયેલ
- ✧ अपि=પણ
- ✧ साक्षाद्=પ્રત્યક્ષ
- ✧ असि=છે, બીજો પુરુષ, એ.વ.
- ✧ दर्पण=અરીસો
- ✧ अंशु=કિરણ
- ✧ संग=યોગ
- ✧ दर्पणेंऽशुसंगाद्=અરિસામાં કિરણના પ્રતિબિંબપાતથી
- ✧ दवीयान्=ઘણો દૂર એવો
- ✧ भानुः=સૂર્ય
- ✧ गृहान्तः=ભોંયરું અથવા અંદરનો ઓરડો
- ✧ किं न ?=શું નહિ ?
- ✧ द्योतयते=પ્રકાશિત કરે છે

**※ શ્લોકનો ભાવાર્થ :**

હે નાથ ! તું મોક્ષમાં ગયેલો છે છતાં ગુણના આરોપના માધ્યમે મારા નિર્મળ ચિત્તમાં સાક્ષાત્ હાજર છે. ઘણો દૂર રહેલો સૂર્ય પણ દર્પણમાં ઝીલાયેલાં કિરણના પ્રતિબિંબ વડે મકાનના ભોંયરાને શું અજવાળતો નથી ? ॥ ૩ ॥

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

मुक्तिमिति । 'हे ईश !' मम साधनापथस्वामिन् ! । 'त्वं मुक्तिंगतोऽपि' सकलकर्मदलनिर्मूलनेनाऽऽलम्बितसिद्धाऽवस्थोऽपि, संसारात् सर्वथा निर्गतोऽपि । 'मम साक्षादसि' अनुभवगोचरोऽसि । केन हेतुना ? 'गुणाऽधिरोपेण' त्वदाज्ञाऽनुरागजन्येन त्वत्स्वरूपश्रद्दधानेन तादृशाऽध्यवसायविशेषेन । कुत्र ? 'विशुद्धचित्ते' दूरीकृतमिथ्यात्ववासने मद्धृदये । इयमत्र युक्तिः । 'भानुः' दिनकरः, 'दवीयानपि' योजनानां सप्तशताऽधिकाऽन्तरं दूरस्थोऽपि । 'दर्पणेऽशुसङ्गाद्' काचे किरणप्रतिविम्वपाताद् । 'गृहाऽन्तः' अवरूद्धसूर्यप्रकाशमार्गमवकरविशेषं । किं न 'द्योतयते' - किं न हि चकासयति ?

इदमत्र हार्दम् - साऽन्धकारेऽवकरे सूर्यदर्शनहेतुर्यथा प्रतिविम्वपातस्तथाऽप्राप्तसातिशयज्ञानानां भक्तानामपि भगवत्साक्षात्कारहेतुर्जिनाज्ञाऽनुरागः । अनेनाऽऽज्ञानुरागेन चित्तशुद्धिर्भवति, शुद्धचित्ते जिनाऽनुभवद्योतिर्जायते ।

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) પરમાત્મા મોક્ષમાં પહોંચી ગયાં છે અને આપણે એમના ભક્તો સંસારમાં છીએ. ભગવત્સાક્ષાત્કારની આતુરતા ભક્તમાં હોવી સંભવિત છે. પ્રસ્તુત શ્લોકમાં ભગવત્સાક્ષાત્કારનો ઉપાય દર્શાવવામાં આવ્યો છે.

(૨) કુમારપાળ રાજા અત્રે દાવો કરે છે : મારા વિશુદ્ધ બનેલા ચિત્તમાં મે અરિહંતના ગુણોનો આરોપ કરી દીધો છે તેથી મોક્ષે ગયેલા અરિહંત પણ મારે સાક્ષાત્ છે. આમ, રાજવીએ ભગવત્સાક્ષાત્કારનો હેતુ વિશુદ્ધ ચિત્તમાં પ્રભુના ગુણોનો આરોપ છે એમ દર્શાવ્યું.

(૩) ટીકામાં 'विशुद्धचित्त' ની વ્યાખ્યા આ રીતે થઇ છે : **વિશુદ્ધ ચિત્ત તેને કહેવાય જેમાંથી મિથ્યાત્વની વાસના દૂર થઇ હોય.**

(૪) ભગવાનના ગુણોનો ચિત્તમાં આરોપ એટલે શું ? **જિનાજ્ઞાના અનુરાગ દ્વારા પેદા થયેલી જિનેશ્વરના ગુણોની શ્રદ્ધાનો અધ્યવસાય એટલે જિનના ગુણોનો ચિત્તમાં આરોપ.**

(૫) અરિહંતો અતિશાયી જ્ઞાન ધરાવે છે. એમનું સ્વરૂપ જોવા માટે પણ એવું જ અતિશાયી જ્ઞાન ન જોઇએ ? આ પ્રશ્નનું સમાધાન આપતાં અહીં જણાવ્યું છે કે અંધારા ઓરડામાં સૂર્યનો પ્રકાશ આવતો નથી. સૂર્ય ઘણો જ દૂર છે છતાં **અરિસાના માધ્યમે જેમ**

**સૂર્યપ્રકાશને એવા ઓરડા સુધી લઈ જઈ શકાય છે તેમ ચિત્તવિશુદ્ધિ અને ગુણશ્રદ્ધાના માધ્યમે અલ્પજ્ઞાની ભક્તોને પણ ભગવત્સાક્ષાત્કાર થઈ શકે છે.**

(૬) તાત્પર્ય એ છે : ભક્તો માટે ભગવત્સાક્ષાત્કારનો હેતુ જિનાજ્ઞાનો અનુરાગ છે. કેમ કે આ જિનાજ્ઞા રાગ દ્વારા ચિત્તશુદ્ધિ થાય છે. શુદ્ધ ચિત્તમાં વીતરાગભાવના અનુભવની ઝલક મળે છે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

जिनस्तवेन वहुजन्माऽर्जितपापक्षयः संभवतीत्याह–

**※ ભાવાર્થ :**

તીર્થંકરની સ્તવનાથી અનેક જન્મના પાપોનો ક્ષય થાય છે એવું હવેની ગાથામાં કહેવાશે.

**तव स्तवेन क्षयमङ्गभाजां, भजन्ति जन्माऽर्जितपातकानि ।**
**कियच्चिरं चण्डरूचेर्मरीचि-स्तोमे तमांसि स्थितिमुद्वहन्ति ।। ४ ।।**

**※ अन्वय :**

तव स्तवेन अङ्गभाजां जन्माऽर्जितपातकानि क्षयं भजन्ति, चण्डरुचेर्मरीचिस्तोमे तमांसि कियच्चिरं स्थितिमुद्वहन्ति ? ।।

**※ શબ્દાર્થ :**

- ✧ तव=તારાં
- ✧ स्तवेन=સ્તવન વડે
- ✧ अङ्गभाजाम्=શરીરધારીઓનાં
- ✧ जन्मार्जितपातकानि=જન્મોથી એકઠાં કરેલ પાતકો
- ✧ क्षयम्=નાશને
- ✧ भजन्ति=ભજે છે
- ✧ चण्डरुचि=સૂર્ય
- ✧ मरीचि=કિરણ
- ✧ स्तोम=સમૂહ
- ✧ चण्डरुचेर्मरीचिस्तोमे=સૂર્યનો પ્રકાશસમૂહ હોતે છતે
- ✧ तमांसि=અંધકાર
- ✧ कियत्=ક્યાં સુધી / કેટલાં
- ✧ चिरं=લાંબો કાળ
- ✧ स्थितिम्=અસ્તિત્વને
- ✧ उद्वहन्ति=વહન કરે છે ?

**※ શ્લોકનો ભાવાર્થ :**

તારી સ્તવના વડે શરીરધારીઓના જન્મોથી એકઠાં કરેલાં પાતકો નાશ પામે છે. સૂર્યનો પ્રકાશસમૂહ જ્યાં છે ત્યાં અંધકારનું અસ્તિત્વ કેટલાં સમય માટે ટકી શકે ? ।। ૪ ।।

✻ **तत्त्वरुचिर्वृत्तिः :**

*तवेति । 'तव स्तवेन' द्रव्यतः पुष्पाऽऽदि स्वद्रव्याऽर्जितं यथाशक्ति विधिना समर्पणेन भावतश्च* त्वदाज्ञाऽऽराधनेन । एतदत्र प्रासङ्गिकम्-गणधरैर्गृहिभ्यो जिनपूजा नित्यकर्तव्यरूपोद्दिष्टा, उक्तं 'मन्हजिणाणं' सूत्रे, जिणपूआ जिणथूणणं, इयं च जिनपूजा गृहिभिः स्वद्रव्येणैव कार्या, न परद्रव्येण देवद्रव्येण वा । स्वकर्तव्यसेवनहेतावपि परद्रव्येण देवद्रव्येण वा जिनोत्तमं पूजयन् यथास्थानं मुधाप्रशंसा-देवद्रव्यभक्षणादिदोषलाभेन भववृद्धिमाप्नोति । प्रस्तुतमनुसन्धानयति । 'अङ्गभाजां' देहधारिणां परमार्थतः सम्यक्त्वं देशविरतिं सर्वविरतिं वाऽऽराधयतां । 'जन्माऽर्जितपातकानि' चतुरशीतिलक्ष-प्रमीतासु जीवयोनिषु भ्रमणेन आत्मसात् कृताः सावद्यसंस्काराः । 'क्षयं' आत्मनः परिभ्रंशनं । 'भजन्ति' प्राप्नोति । अत्रैवं युक्तिः । 'चण्डरुचेः' ग्रीष्मसम्बन्धिनः सूर्यस्य सति । 'मरीचिस्तोमे' किरणविस्तारे । 'तमांसि' अन्धकाराः । 'कियच्चिरं' कियत् कालाऽवधि । 'स्थितिं' अस्तित्वम् । 'उद्वहन्ति' धरन्ति ? ।

तात्पर्यमिदम् - सति सूर्यप्रकाशे न तमसां प्रभावस्तथा जिनस्तवे नाऽशुभपरिणामस्य प्रभावो-वलवान् भवति ।

✻ **ટીકાનો ભાવાર્થ :**

(૧) પુષ્પ-કેસર વિગેરે દ્રવ્યો સ્વદ્રવ્ય વડે એકઠાં કરીને વિધિપૂર્વક પ્રભુને અર્પણ કરવા તે દ્રવ્યસ્તવ છે. આજ્ઞાનું પાલન કરવું તે ભાવસ્તવ છે.

(૨) જિનપૂજા ગૃહસ્થનું નિત્ય કર્તવ્ય છે. ગણધરોનું આ વચન છે. मन्हजिणाणं સૂત્રનું जिणपूआ પદ એનું સાક્ષી છે. આવી જિનપૂજા ગૃહસ્થે સ્વદ્રવ્ય વડે જ કરવી જોઇએ. પરદ્રવ્યથી કે પછી દેવદ્રવ્યથી જિનપૂજા કરવાની નથી.

**પોતાના કર્તવ્યના પાલનરૂપે કરાતી જિનપૂજા જે પરદ્રવ્ય અથવા દેવદ્રવ્ય વડે કરે છે તેને પ્રસંગાનુસાર મુધાપ્રશંસા-દેવદ્રવ્ય ભક્ષણ વિગેરે દોષો લાગે છે અને એથી તેના સંસારની વૃદ્ધિ થાય છે.**

तव स्तवेन પદની ચર્ચામાં પ્રાસંગિક ચર્ચા તરીકે અહીં ઉપરોક્ત વિવરણ થયું છે.

(૩) જિનસ્તવન વડે જન્મ-જન્માંતરોના પાપ ખપે છે તે સાચું છે પરંતુ આ વચનનો પરમાર્થ એ છે કે સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિનો જેમણે ભૂમિકાનુસાર સ્વીકાર કર્યો છે તેમના પૂર્વસંચિત પાપો ખપે છે. પાપો ખપે છે એટલે કે પૂર્વજન્મોના પાપસેવનના સંસ્કારો આત્માથી વેગળા થતાં ચાલે છે.

(૪) પાપક્ષયનું તાત્પર્ય અશુભપરિણામોનો ક્ષય છે. સૂર્યપ્રકાશ જ્યાં હોય છે ત્યાં અંધકારનો પ્રભાવ નથી ટકતો તેમ વીતરાગનો સાચો દ્રવ્યસ્તવ અથવા ભાવસ્તવ જ્યાં છે ત્યાં અશુભ પરિણામોનો પ્રભાવ નથી ટકતો.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

कुतीर्थिकजनतारकं जिनवरमुपालम्भयन्नाह–

**※ ભાવાર્થ :**

કુતીર્થિકોને તારનારા તીર્થંકરને હવેના શ્લોકમાં ઉપાલંભ આપે છે.

**शरण्य ! कारुण्यपरः परेषां, निहंसि मोहज्वरमाश्रितानाम् ।**
**मम त्वदाज्ञां वहतोऽपि मूर्घ्ना, शान्तिं न यात्येष कुतोऽपि हेतोः ॥ ५ ॥**

**※ अन्वय :**

हे शरण्य ! आश्रितानां परेषां मोहज्वरं कारुण्यपरः (त्वं) निहंसि, त्वदाज्ञां मूर्घ्ना वहतोऽपि मम एष कुतोऽपि हेतोः शान्तिं न याति ॥

**※ શબ્દાર્થ :**

- ✧ शरण्य!=શરણ કરવા યોગ્ય !
- ✧ कारण्य=કારૂણિકપણું
- ✧ पर=શ્રેષ્ઠ
- ✧ आश्रितानां=શરણાગત એવા
- ✧ परेषां=કુતીર્થિકના
- ✧ मोहज्वरं=મોહના તાવને
- ✧ कारुण्यपरः=કારૂણિકોમાં શ્રેષ્ઠ એવો
- ✧ निहंसि=તું હણે છે
- ✧ त्वदाज्ञाम्=તારી આજ્ઞાને
- ✧ मूर्घ्ना=મસ્તક વડે
- ✧ वहतः=વહન કરતાં એવા
- ✧ मम=મારા
- ✧ एष=આ (મોહજ્વર)
- ✧ कुतः=શાથી ?
- ✧ अपि=પણ
- ✧ हेतोः=હેતુથી
- ✧ शान्तिम्=શાંતિ
- ✧ न याति=નથી પામતો

**※ શ્લોકનો ભાવાર્થ :**

હે શરણયોગ્ય ! શરણે આવેલાં કુતીર્થિકોનો મોહજ્વર પણ શ્રેષ્ઠ કારૂણિક એવા આપે હણી નાંખ્યો છે તો આપની આજ્ઞાને મસ્તક વડે વહેતાં એવા મારો એ મોહજ્વર શા માટે શાંતિ નથી પામતો ? ॥ ૫ ॥

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

शरण्येति । 'हे शरण्य' दुर्ध्यानतप्तजनानामेकाऽऽधार ! । त्वं 'कारुण्यपरः' निर्विकल्पकरुणाप्राप्तः असि । अतः 'आश्रितानां' आज्ञामङ्गीकुर्वतां । 'परेषां' कुतीर्थिकजनानां इन्द्रभूतिप्रमुखानां । 'मोहज्वरं' ज्वरवच्चित्तं तापयन्तं कदाग्रहरोगं । 'निहंसि' अपाकरोति । किन्तु, 'मूर्घ्ना' स्वेच्छापूर्वकेण । 'त्वदाज्ञां

वहतोऽपि मम' सम्यग्दर्शनं शुद्धमङ्गीकुर्वतोऽपि मे । 'एषः' मोहज्वरः पूर्वाऽऽचरितकुतीर्थिकक्रिया-संस्काररूपः । 'कुतोऽपि हेतोः' अप्रगटकारणाद् । 'शान्तिं' क्षयं । 'न याति' नाऽऽप्नोति ।

अत्राऽदः प्रासङ्गिकम् । नाऽत्रोपालम्भः शङ्क्यः, व्यवहारनयदृष्टया भक्तावुपालम्भोऽपि ग्राह्यः । तुरीय-पञ्चमगुणस्थानवर्तिनां भक्तानां भक्तियोगोमुख्यतया व्यवहारनयसाध्योवर्तते, निश्चयनयसाध्यस्य भक्तियोगस्य त्रिकरणेन सर्वसङ्गत्यागरूपत्वात् । अतोऽत्र तुर्य-तदुत्तरगुणस्थानमासेवमानेन कुमार-पालनरपतिना कृतोऽयं उपालम्भो निर्दुष्टो भासते ।

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) દુર્ધ્યાનથી સળગી ગયેલાં જીવો માટેનું એકમાત્ર શરણસ્થાન વીતરાગ ભગવંતો છે. शरण्य પદનું આ તાત્પર્ય છે.

(૨) અરિહંતો કારૂણિકોમાં શ્રેષ્ઠ એટલાં માટે છે, નિર્વિકલ્પકરુણા તેમને પ્રાપ્ત થયેલી છે. સવિકલ્પકરુણાથી પણ ઉંચી નિર્વિકલ્પકરુણા છે.

(૩) જ્વરની જેમ ચિત્તને શેંકવાનું કામ કદાગ્રહનો રોગ કરે છે. માટે मोहज्वर પદની વ્યાખ્યા કદાગ્રહનો રોગ એવી કરવામાં આવી છે.

(૪) કુતીર્થિકોને પણ અરિહંતે તાર્યા છે પરંતુ ત્યારે જ જ્યારે એમના દ્વારા આજ્ઞા સ્વીકાર થયો. आज्ञां वहतः । આજ્ઞાનું વહન એટલે સમ્યગ્દર્શનમાં સ્થિરતા.

(૫) એવી શંકા ન કરો કે આ શ્લોકમાં ભગવાનને ઉપાલંભ કેમ આપ્યો ! એવો પ્રશ્ન જેમને થાય છે તેમને સમાધાન આપવામાં આવે છે કે– વ્યવહારનયથી સાધ્ય એવો ભક્તિયોગ જ્યાં અને જેંઓ સાધે છે તેઓ વીતરાગને ઉપાલંભ આપે તે અનુચિત નથી. કુમારપાળ રાજવી ચોથા-પાંચમા ગુણસ્થાનકની આરાધના કરતાં હતાં તેથી તેઓનો વીતરાગ પ્રત્યેનો ઉપાલંભ નિર્દોષ છે.

**ચોથા-પાંચમા ગુણસ્થાનકે જે ભક્તિયોગનું સેવન થાય છે તે મુખ્યતયા વ્યવહારનયથી સાધ્ય હોય છે. નિશ્ચયનયથી સાધ્ય બનનારો ભક્તિયોગ તો સાધકને મન-વચન-કાયાથી સર્વસંગનો ત્યાગ થાય ત્યારે પ્રાપ્ત થાય છે.**

પ્રાસંગિક ચર્ચારૂપે અત્રે ભક્તિયોગનો વ્યવહારનય-નિશ્ચયનયથી વિમર્શ કરવામાં આવ્યો છે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

रत्नत्रयरक्षणाय प्रार्थयन्नाह–

**※ ભાવાર્થ :**

હવે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની રક્ષા માટે પ્રાર્થના કરવામાં આવે છે.

**भवाऽटवीलङ्घनसार्थवाह !, त्वामाश्रितोमुक्तिमहं यियासुः ।**
**कषायचौरैर्जिन ! लुम्प्यमानं, रत्नत्रयं मे तदुपेक्षसे किम् ? ॥ ६ ॥**

**※ अन्वय :**

हे जिन ! भवाऽटवीलङ्घनसार्थवाह ! त्वामाश्रितोऽहं मुक्तिं यियासुः, तत् कषायचौरैर्लुम्प्यमानं मे रत्नत्रयं किमुपेक्षसे ? ॥

**※ શબ્દાર્થ :**

- ✧ भव=સંસાર
- ✧ अटवी=જંગલ
- ✧ लङ्घन=પાર કરવું-ઉલ્લંઘવું
- ✧ सार्थवाह=સાર્થવાહ
- ✧ भवाऽटवीलङ्घनसार्थवाह!=સંસારરૂપી જંગલને પાર કરાવનાર સાર્થવાહ સમાન !
- ✧ त्वां=તને
- ✧ आश्रितः=આશ્રયેલો
- ✧ मुक्तिम्=મોક્ષને વિશે
- ✧ यियासुः=જવાને ઇચ્છુક (છું)
- ✧ कषायचौरैः=કષાયરૂપી ચોરો વડે
- ✧ लुम्प्यमानम्=લોપ પામતાં
- ✧ मे=મારા
- ✧ रत्नत्रयम्=દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપ ત્રણ રત્નોને
- ✧ तद्=તો
- ✧ किम्=શા માટે
- ✧ उपेक्षसे=તું ઉપેક્ષા કરે છે

**※ શ્લોકનો ભાવાર્થ :**

સંસારરૂપી અરણ્યને પાર કરાવનારા સાર્થવાહ સમાન હે જિનેશ્વર ! તારો આશ્રય લઈને હું મોક્ષે જવા માંગું છું. કષાયરૂપ ચોરો વડે મારી રત્નત્રયી લૂંટાઇ રહી છે છતાં તેની તું ઉપેક્ષા શીદને કરે છે ? ॥ ६ ॥

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

भवेति । 'हे जिन !' निरस्तबाह्याऽन्तरङ्गाऽरातिसमूह !, वीतरागविषये जिनत्वसिद्धिर्व्याख्या-वर्णितपूर्वा तेन नाऽत्र पुनर्विव्रीयते । स च कथं रूपः ? 'भवाऽटवीलङ्घनसार्थवाह !' चतुर्गतिक-संसारक्षयकरणक्रियाकर्णधार !, विना सार्थवाहेनाऽरण्यलङ्घनं पथिकान् वध-वन्धनादि-कष्टावल्यां निक्षिपति तथैव जिनवचः कर्णधारीकृत्यैव भवलङघनं योगाऽऽराधनस्वरूपं समारब्धव्यं, न तु स्व-

च्छंदतया मिथ्याच्छंदतया वा । अन्यथा भवलङ्घनं तु दूरे, योगच्छंदेनैवाऽगम्याऽन्ते संसारचक्रे आत्मनो निमज्जनं भावि स्वच्छन्दत्वाद् मिथ्याच्छन्दत्वाद् वा ।

अहं 'त्वां' भगवन्तं, 'आश्रितोऽस्मि' शरणाऽगतोऽस्मि । कीदृशोऽहं ? 'मुक्तिं यियासुः' मोक्षायाऽभिलाषुकः । 'कषायचौरैः' रत्नत्रयाऽपहारकरणस्वभावैः क्रोध-मान-माया-लोभैः । 'लुम्प्यमानं' छाद्यमानं । 'मे' मम, 'रत्नत्रयं' दर्शन-ज्ञान-संयमेति संज्ञासंस्तुतो गुणसमुदायः, एवमेतद् - दर्शन-ज्ञान-चारित्राऽऽसेवनेषु जिनोक्तसमग्रयोगपन्थाः समाविष्टः, तत्परिणतिरेवाऽऽत्मधनम्, अतस्तेभ्यो 'रत्न'-मिति संज्ञा दीयते । 'तद्' पूर्वोक्तं लुम्प्यमानं रत्नत्रयं, 'किमुपेक्षसे ?' केन प्रयोजनेन न हि त्रायसे ? ।

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) भवाऽटवीलङ्घनसार्थवाह ! પદની ઉંડી વિચારણા અત્રે આ રીતે પ્રસ્તુત થઈ છે : સાર્થવાહ વિના અંટવી પસાર કરવા નીકળનારો વધ-બંધન વિગેરે સેંકડો આપદામાં ફસાઈ જાય છે તેમ જિનવચનને કર્ણધાર બનાવ્યાં વિના ભવઅરણ્યના સામે કિનારે પહોંચવા નીકળેલો યોગી જેનો અંત ક્યાંય દેખાતો નથી એવા અનંત સંસારમાં ડૂબી જાય છે.

જિનવચનથી નિરપેક્ષયોગ યા તો સ્વચ્છંદતાનો વિલાસ બની જાય છે કે પછી મિથ્યાચ્છંદથી ગ્રસિત થઈ જાય છે. મિથ્યાચ્છંદ અને સ્વચ્છંદતા સમગ્ર સાધનામાર્ગને સંસારવૃદ્ધિનું સાધન બનાવી દેનારા દુષ્ટતમ તત્ત્વો છે માટે આ બે દુષ્ટ તત્વોથી બચતાં રહેવું આત્માર્થી માટે અત્યંત જરૂરી છે. ઉપરોક્ત બન્નેય તત્ત્વોથી બચવા માટે જિનવચનનું પારતંત્ર્ય સ્વીકારવું પડે છે. સંસાર અટવીનું ઉલ્લંઘન કરવું છે તો જિનરાજને સાર્થવાહ તરીકે સ્વીકારી લો !

(૨) रत्नत्रय એ તો જ્ઞાન-દર્શન અને ચારિત્ર નામના આત્મગુણોની ટૂંકી સંજ્ઞા છે. પ્રશ્ન એ છે કે દર્શન-જ્ઞાન અને ચારિત્રને 'રત્ન'ની ઉપમા કેમ આપવામાં આવી ? સમાધાન પ્રસ્તુત છે. દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં વીતરાગ ભાષિત સમગ્ર યોગમાર્ગ સમાયેલો છે. આ ત્રણની આરાધનાના માધ્યમે દર્શન વિગેરે ગુણની જે નિર્મળ પરિણતિ પ્રાપ્ત થાય છે તે સાચે જ આત્મસંપત્તિ સ્વરૂપ છે. આથી આ ત્રણેય ગુણોને રત્નની ઉપમા આપવામાં આવી છે.

(૩) આત્મસંપત્તિ જેવા દર્શન-જ્ઞાન-સંયમને લૂંટી જવાનું કામ ક્રોધ, માન, માયા અને લોભ કરે છે માટે આ ચાર કષાયોને ચોરની ઉપમા અપાયેલી છે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

भक्तौ पापानुबन्ध एवोत्कटोऽन्तरायकर इति वर्णयन्नाह–

**※ ભાવાર્થ :**

ભક્તિમાં ઉત્કટ અંતરાય કરનારું પરિબળ પાપનો અનુબંધ છે, એવું વર્ણન હવેની ગાથામાં થશે.

**लब्धोऽसि सत्त्वं मयका महात्मा, भवाऽम्बुधौ बम्भ्रमता कथंचित् ।**
**आः पापपिण्डेन नतो न भक्त्या, न पूजितो नाथ ! न तु स्तुतोऽसि ॥ ७ ॥**

**※ अन्वय :**

हे नाथ ! भवाम्वुधौ वम्भ्रमता मयका महात्मा त्वं कथंचिद् लब्धोऽसि, (किन्तु) आः पापपिण्डेन भक्त्या न नतः, न पूजितः, न स्तुतोऽसि ॥

**※ શબ્દાર્થ :**

- ✧ भवाऽम्वुधौ=સંસારસાગરમાં
- ✧ वंभ्रमता=ભ્રમણ કરતાં
- ✧ मयका=મારા વડે
- ✧ कथंचित्=ક્યારેક
- ✧ महात्मा=ઉત્તમ પ્રભુ એવો
- ✧ त्वम्=તું
- ✧ लव्धः=મળેલો
- ✧ असि=છે
- ✧ आः=ખેદદર્શક અવ્યય
- ✧ पापपिण्डेन=પાપ સમૂહના કારણે
- ✧ भक्त्या=ભક્તિથી (તું)
- ✧ नतः=નમેલ
- ✧ पूजितः=પૂજાયેલ
- ✧ स्तुतः=સ્તવેલ
- ✧ न=નથી
- ✧ नाथ!=હે દેવાધિદેવ

**※ શ્લોકનો ભાવાર્થ :**

સંસાર સાગરમાં ભ્રમણ કરતાં મને તું ક્યારેક તો મળ્યો છે. પરંતુ હે નાથ ! પાપસમૂહને વશ થઈ મેં તને ભક્તિથી પ્રણામ નથી કર્યો, પૂજા નથી કરી, સ્તવના નથી કરી. ॥ ૭ ॥

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

लब्धेति । 'लब्धोऽसि' अपारमार्थिकसेवागोचरीकृतोऽसि । 'त्वं' भगवान् । स च कीद्दशः ? 'महात्मा' वरीयान् सकलजीवेभ्यस्तीर्थकृदात्मद्रव्यत्वाद् । केन ? 'मयका' मया, कीद्दशेन ? 'भवाम्वुधौ वंभ्रमता' अनादिपुद्गलपरावर्ते संसारे द्रव्यतः क्षेत्रतः कालतोभावतश्चाऽनन्तशोऽनन्तं परिभ्रमणं कुर्वता । कथं रीत्या ? 'कथंचिद्' भवितव्यतावशेनाऽकुशलप्रारब्धायत्ततया वा, न हि कुशलप्रारब्धेन।

'आः' खेददर्शकाऽव्ययपदम् । 'भक्त्या' समर्पणवुद्ध्या । त्वं 'न नतोऽसि' न प्रणामीकृतः । 'न पूजितः' न पुष्पादिभिरर्चितः । 'न स्तुतः' न पक्षपातीकृतः । करयोजना प्रणामः, पुष्पादिभिरर्चा पूजा, पक्षाऽऽश्रयणं स्तुतिः, त्रयोऽप्येते जिनराजेभ्योनित्यं प्रयोज्याः । कथंभूतेन मयका स्तुत्याद्य-

कृतोऽसि ? 'पापपिण्डेन' स्वभावसात्कृतेनाऽकुशलकर्माऽनुवन्धसमूहेन । इदमत्र गुह्यम्-पापानुवन्धः समग्रधर्मविशुद्धावुत्कटविघ्नकरः, स चैवम्, धर्मारम्भस्तु भक्त्या भवति, भक्तिर्भक्तिपात्रे भवतु, अपुनर्वन्धकादिष्वादिधार्मिकेष्वपि जिनवागद्वेषोविद्यते, स चाऽद्वेष एव भक्तिवीजः ।

अस्माभिः पूर्वजन्मान्तरेषु जिनवागद्वेषोऽपि चेन्न लब्धस्तत्कारणमकुशलाऽनुबन्धः । एषोऽनुवन्धो जिनवचनविपरीतेऽनुष्ठाने रुचिर्जनयति वचनाऽनुसारिणि च कर्मणि अद्वेषमप्यवरुणद्धि । प्रधान-द्रव्यस्तवविषयाः पूजा-प्रणाम-स्तवादयोयदात्मभिः पूर्वं नाऽऽराधितास्तत्र हेतुरकुशलोऽनुवन्धः । प्रधानद्रव्यस्तवायाऽपि पापानुवन्धस्य तादृशः क्षयोऽपेक्षितः ।

**✻ ટીકાનો ભાવાર્થ :**

(૧) આપણો આત્મા અનંતપુદ્ગલપરાવર્તથી સંસારસાગરમાં ભ્રમણ કરે છે. આ પુદ્ગલપરાવર્તના ચાર પ્રકાર છે : ૧. દ્રવ્યપુદ્ગલપરાવર્ત, ૨. ક્ષેત્રપુદ્ગલપરાવર્ત, ૩. કાળપુદ્ગલપરાવર્ત, ૪. ભાવપુદ્ગલપરાવર્ત. ચારેય પ્રકારના પુદ્ગલપરાવર્તમાં આપણા આત્માએ અનંતીવાર અનંતું ભવભ્રમણ કર્યું છે.

(૨) આ ભવભ્રમણમાં ક્યારેક તીર્થંકરનો ભેટો થઇ ગયો છે જરૂર પરંતુ તે ભવિતવ્યતાના યોગે અથવા તો પછી પાપાનુબંધના યોગે થયેલો તીર્થંકરનો પરિચય હતો. કુશળ પ્રારબ્ધના યોગે અર્થાત્ પુન્યાનુબંધના યોગે તીર્થંકરનો પરિચય આપણને ત્યારે થયો નથી. એથી જ ત્યારે તીર્થંકરની જે જે સેવા કરી તે બધી જ અપારમાર્થિક બની ગઇ.

(૩) મૂળ કૃતિમાં કવિએ કહ્યું છે, પૂર્વજન્મોમાં મે જિનેશ્વરને પૂજ્યાં નથી, વાંદ્યા નથી, સ્તવ્યાં નથી કેમકે ત્યારે મારો આત્મા સ્વયં પાપના પિંડ સમાન હતો. 'पापपिण्डेन' પદના ઉંડાણમાં જઇને અહિં એનું તાત્પર્ય 'પાપના અનુબંધથી વાસિત એવો આત્મા' કરવામાં આવ્યું છે અને પછી પાપનો અનુબંધ ભક્તિમાર્ગમાં પણ કેટલો બધો વિઘ્નભૂત બને છે તેની પ્રાસંગિક ચર્ચા અત્રે થઇ છે. જે નીચેના મુદ્દામાં પ્રસ્તુત છે.

(૪) ધર્મવિશુદ્ધિમાં સર્વત્ર ઉત્કટ વિઘ્ન કરનારું પરિબળ કોઇ હોય તો તે પાપનો અનુબંધ છે. ધર્મનો આરંભ ભક્તિથી થાય છે. ભક્તિ, ભક્તિપાત્રમાં હોવી જોઇએ. અહીં પ્રશ્ન થશે કે અપુનર્બંધક અવસ્થામાં પણ ધર્મનો આરંભ માનેલો છે અને તમે ધર્મનો આરંભ ભક્તિથી થાય છે તેમ કહ્યું. તો પછી અપુનર્બંધકપણામાં પણ ભક્તિ હોવી જોઇએ. ત્યાં ભક્તિ શી રીતે સંભવે ?... સમાધાન છે, ત્યાં અપુનર્બંધક વિગેરે અવસ્થામાં અપુનર્બંધક વિગેરે પ્રારંભિકકક્ષાના ધર્માત્માઓમાં જિનવચનનો 'અદ્વેષ' રહેલો છે. આ 'અદ્વેષ' જ ભક્તિનું બીજ છે.

પૂર્વના જન્મોમાં આપણા આત્માને જિનવચનનો 'અદ્વેષ' પણ મળ્યો ન હતો. તેનું કારણ આ પાપાનુબંધ છે. અકુશલાનુબંધ=પાપાનુબંધ. પાપાનુબંધનું કામ વિચિત્ર છે.

તે જિનવચનથી વિપરીત અનુષ્ઠાનોમાં રુચિ કરાવે છે અને જિનાજ્ઞાનુસારી અનુષ્ઠાનોમાં રુચિ તો રોકે છે, અદ્વેષ બુદ્ધિને પણ રોકે છે. આવો બળવાન તે પાપાનુબંધ છે.

**પૂર્વજન્મોમાં આપણાં આત્માએ જે જિનપૂજા, પ્રણામ વિગેરે અનુષ્ઠાનો કર્યાં તે પ્રધાનદ્રવ્યસ્તવની કક્ષાના પણ નથી બન્યાં તેનું કારણ જિનવચનનો દ્વેષ કરાવનારો આ પાપાનુબંધ છે. પરમાર્થ એ છે : પ્રધાન દ્રવ્યસ્તવ માટે પણ પાપાનુબંધનો તે પ્રકારનો ક્ષય જરૂરી છે.**

✦ ✦ ✦

**※ अवतरणिका :**

सकलदुःखहेतुर्विपरीतबोध एवेति प्रतिपादयन्नाह—

**※ ભાવાર્થ :**

તમામ આપત્તિઓનું મૂળ મિથ્યાજ્ઞાન છે એવું પ્રતિપાદન હવેની ગાથામાં થશે.

**संसारचक्रे भ्रमयन् कुबोध-दण्डेन मां कर्ममहाकुलालः ।**
**करोति दुःखप्रचयस्थभाण्डं, ततः प्रभो ! रक्ष जगच्छरण्य ! ।। ८ ।।**

**※ अन्वय :**

हे प्रभो ! जगच्छरण्य ! कर्ममहाकुलालः कुवोधदण्डेन मां संसारचक्रे भ्रमयन् दुःखप्रचयस्थभाण्डं करोति, ततोः रक्ष ।।

**※ શબ્દાર્થ :**

- ✧ चक्र=માટીના વાસણ બનાવવાનું પૈડું
- ✧ कुलाल=કુંભાર
- ✧ कुबोध=મિથ્યાજ્ઞાન
- ✧ दण्ड=લાકડી
- ✧ प्रचय=સમૂહ
- ✧ भाण्ड=વાસણ
- ✧ प्रभो!=હે સ્વામી
- ✧ जगच्छरण्य!=જગતનો આશ્રય...
- ✧ संसारचक्रे=સંસારરૂપી ચક્ર પર
- ✧ कुवोधदण्डेन=મિથ્યાજ્ઞાનરૂપી યષ્ટિ વડે
- ✧ भ्रमयन्=ભ્રમણ કરાવતો
- ✧ कर्ममहाकुलालः=કર્મરૂપી મોટો કુંભાર
- ✧ माम्=મને
- ✧ दुःखप्रचयस्थभाण्डम्=દુઃખનો સમૂહ જેમાં રહેલ છે તેવું ભાજન
- ✧ करोति=કરે છે
- ✧ ततः=તેથી
- ✧ रक्ष=તું રક્ષા કર

**※ શ્લોકનો ભાવાર્થ :**

હે સ્વામી, હે જગદાધાર, કર્મસત્તાસ્વરૂપ કુંભાર મિથ્યાજ્ઞાનની યષ્ટિ વડે મને સંસારરૂપી ચક્ર પર ખૂબ ભટકાવે છે અને વિવિધ વિપત્તિઓનું ભાજન બનાવે છે. તેથી મારી રક્ષા કરો !

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

संसारेति । 'कर्ममहाकुलालः' षड्जीवनिकायमनन्ताऽऽत्मसङ्घमौदयिकभावमूलासु परिणाम-सन्तापासु विभिन्नाऽवस्थासु स्थापयदस्ति कर्म, कुम्भकृन्मृत्तिकामिव, अतः कर्मेव महाकुलालः । 'मां' मदाऽऽत्मानं । 'संसारचक्रे' चतुरशीतिलक्षप्रमितासु जीवयोनिसु । 'कुबोधदण्डेन' मिथ्यात्ववासनया, विपरीततत्त्वपक्षपात एव मिथ्यात्ववासना । 'भ्रमयन्' पुनः पुनर्निक्षिपन् । 'दुःखप्रचयस्थभाण्डं' नरक-तिर्यग्-निगोदादिप्रोद्भूतमहाक्लेशभाजनं करोति ।

'हे प्रभो !' प्रभवन्ति कर्मक्षयादेकादशाऽतिशया यस्मिन् सः । 'हे जगच्छरण्य' ! चरमावर्तिजनानां धर्महेतुरूप ! । 'ततः' विपरीततत्त्वपक्षपातात् । मां रक्ष ॥

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) કુંભાર માટીનો પિંડ લઈને એને ચક્ર ઉપર સ્થાપે છે પછી દંડ વડે ચક્રને ઘૂમાવી-ઘૂમાવીને માટીમાંથી જુદાં-જુદાં ભાજન તૈયાર કરે છે. કર્મસત્તા કુંભાર જેવી છે. જે છ જીવનિકાયમાં રહેલા આ સંસારના અનંતા જીવોને ઔદયિકભાવની જુદી-જુદી અવસ્થાઓમાં ભ્રમણ કરાવે છે. ઔદયિકભાવથી જન્ય થયેલી આ પ્રત્યેક અવસ્થા પરિણામે સંતાપ આપનારી પૂરવાર થાય છે. આત્મા માટી જેવો છે. ચોર્યાશી લાખ જીવાયોનિ ચક્રના સ્થાને છે. જીવાયોનિરૂપી ચક્ર પર આત્મારૂપી માટીને કર્મસત્તા નામનો કુંભાર સ્થાપે છે, એ પછી મિથ્યાજ્ઞાનના દંડ વડે આત્માને ત્યાં ખૂબ રખડાવે છે. *સરવાળે નરક, નિગોદ અને તિર્યંચગતિ વિગેરેના રૌરવ દુઃખો જ્યાં રહેલાં છે તેવી* દુર્ગતિઓનું ભાજન આત્મા બનતો જાય છે.

આ એક ખૂબ બોધક રૂપક છે.

(૨) ચક્રને ભમાવવા માટે દંડની પહેલી જરૂર પડે છે તેમ આત્માના સંસારભ્રમણમાં પ્રધાન ભૂમિકા કુબોધની છે માટે કુબોધને ઉપરોક્ત રૂપકમાં દંડની ઉપમા આપવામાં આવી છે. कुवोध ની વ્યાખ્યા 'મિથ્યાત્વની વાસના' એવી અત્રે કરવામાં આવી છે. ઉમેરાયું છે, વિપરીતતત્ત્વનો પક્ષપાત એટલે જ મિથ્યાત્વની વાસના.

(૩) प्रभु શબ્દની વ્યુત્પત્તિ કરતાં અત્રે કહેવાયું છે, ઘાતીકર્મના ક્ષયથી અગ્યાર અતિશયો જેમનામાં પ્રગટ્યાં છે તે પ્રભુ છે.

(૪) जगच्छरण्य । પદની વ્યાખ્યા 'ચરમાવર્તી જીવોની ધર્મપ્રવૃત્તિમાં મુખ્યહેતુરૂપ' એવી અહીં કરવામાં આવી છે.

(૫) રક્ષા માટે અત્રે પ્રભુને પ્રાર્થના થયેલી છે. ततः रक्ष । તેથી બચાવી લે. તેથી એટલે ? અસત્યના પક્ષપાતથી, તત્ત્વાભાસના આગ્રહથી.

✦ ✦ ✦

※ **अवतरणिका :**

सप्तमगुणस्थानाऽवधिमध्यवसायाऽऽदिविशुद्धिमभिलपन्नाह—

※ **ભાવાર્થ :**

સાતમા ગુણસ્થાનક સુધીની ક્રમિક અધ્યવસાય વિશુદ્ધિની અભિલાષા હવેની ગાથામાં રજૂ કરે છે.

**कदा त्वदाज्ञाकरणाऽऽप्ततत्त्व-स्त्यक्त्वा ममत्वादि भवैककन्दम् ।**

**आत्मैकसारो निरपेक्षवृत्ति-र्मोक्षेऽप्यनिच्छो भवितास्मि नाथ ! ॥ ९ ॥**

※ **अन्वय :**

हे नाथ ! भवैककन्दं ममत्वादि त्यक्त्वा त्वदाज्ञाकरणाऽऽप्ततत्त्वो निरपेक्षवृत्तिरात्मैकसारो मोक्षेऽप्यनिच्छः कदा भवितास्मि ? ॥

※ **શબ્દાર્થ :**

✧ भवैककन्दम्=સંસારના કંદસમાન
✧ ममत्वादि=મોહાદિને
✧ त्यक्त्वा=ત્યાગીને
✧ त्वदाज्ञा=તારી આજ્ઞા
✧ करण=પરિપાલન
✧ आप्ततत्त्वः=મળ્યું છે તત્ત્વ= આગમજ્ઞાન જેને...
✧ त्वदाज्ञाकरणाप्ततत्त्वः=તારી આજ્ઞાના પાલન દ્વારા મેળવ્યું છે આગમજ્ઞાન જેને...
✧ निरपेक्षवृत्तिः=નિઃસ્પૃહબુદ્ધિ છે જેને તે
✧ आत्मैकसारः=આત્મરમણતાવાળો
✧ मोक्षे=મોક્ષમાં
✧ अपि=પણ
✧ अनिच्छः=ઇચ્છારહિત
✧ कदा=ક્યારે
✧ भवितास्मि=હું થઈશ

※ **શ્લોકનો ભાવાર્થ :**

સંસારવૃક્ષના કંદસમાન મમત્વાદિબંધનને ત્યાગીને હે નાથ ! તારી આજ્ઞાના પાલન દ્વારા આગમજ્ઞાતા ક્યારે બનીશ ? એ પછી નિઃસ્પૃહ પરિણામ ક્યારે મેળવીશ ? આત્મરમણતા ક્યારે થશે અને અંતે મોક્ષની પણ ઇચ્છા વિનાની અવસ્થા ક્યારે મને પ્રાપ્ત થશે ? ॥ ૯ ॥

※ **तत्त्वरुचिर्वृत्तिः :**

कंदेति । 'हे नाथ !' अविरतित्रासितेभ्यो विरतिप्रदायक ! । कदाऽहं 'भवैककन्दं' फलितभववृक्षस्य कन्दसमानं । 'ममत्वादि' शव्दादिपु पञ्चविपयेपु प्रतिकूलाऽनुकूलपक्षभावं । 'त्यक्त्वा' विहाय । 'त्वदाज्ञाकरणाऽऽप्ततत्त्वः' जिनवचनपरिपालनेन कलिताऽऽगमपदार्थः । 'निरपेक्षवृत्तिः' व्यावर्तित-परपदार्थाऽभिलापः । 'आत्मैकसारः' संलीननिजरमणत्वः । 'मोक्षेऽप्यनिच्छः' भव-मोक्षसमानमति-राप्तसप्तमगुणस्थानत्वात्, अत्र 'अनिच्छा' शव्देन मोक्षद्वेपोनेङ्गितोवर्तते किन्तु तदुत्कण्ठाऽभावः समभिलपितोऽस्ति । 'भवितास्मि' भावी ? ।

अत्रैतद् गूढम्-कविरिह सम्यग्दर्शनादारभ्य सप्तमगुणस्थानाऽवधिं विशुद्धिक्रमं प्रार्थते । तत्र प्रथमं साधुधर्मः, द्वितीयमागमाऽध्ययनम्, तृतीयं निप्पृहपरिणामः, तुर्यमध्यात्मभावना, पञ्चमञ्चाऽप्रमत्तसंयमः ।

कवियोजितेपु पदाऽवलीपु पञ्चैत एवं घटन्ते (१) 'ममत्वादि त्यक्त्वा' इत्यंशेन साधुधर्मः (२) 'आप्ततत्त्व' इत्यंशेन आगमवोघः (३) 'निरपेक्षवृत्ति' रित्यंशेन निस्पृहपरिणामः (४) 'आत्मैकसार' इत्यंशेन अध्यात्मभावः (५) 'मोक्षेऽप्यनिच्छ' इत्यंशेन च सप्तमगुणस्थानलाभः प्रार्थितोऽत्राऽस्ति । एतेषां कारणावली त्वेंवं संभवति । (१) ममत्वादित्यागफलं प्रव्रज्यैव, (२) प्रव्रज्यासाफल्यं प्रवचन-ज्ञानद्वारा, (३) आगमवोधफलं अतिचारपरिहारेच्छाततश्च निःस्पृहपरिणामः, (४) अपेक्षासंयमफलं अध्यात्म, (५) अध्यात्मपरिणतेः परिपाकः सप्तमगुणस्थानम् ।

※ **ટીકાનો ભાવાર્થ :**

(૧) નાથ શબ્દની વ્યાખ્યામાં કહેવાયું છે, અવિરતિથી ત્રાસેલાંને વિરતિ આપનારા જે છે તે નાથ છે.

(૨) મમત્વાદિ દોષનો ત્યાગ એટલે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં અનુકૂળ-પ્રતિકૂળ બુદ્ધિનો ત્યાગ. આ અનુકૂળ-પ્રતિકૂળની બુદ્ધિ જ સંસારરૂપી વૃક્ષને ફલિત કરે છે.

(૩) આ શ્લોકમાં કુમારપાળ રાજાએ જે પાંચ અવસ્થાઓ મેળવવાના મનોરથ પ્રગટ કર્યા છે તેમાં ગર્ભિત રીતે સમ્યગ્દર્શનથી આરંભીને સાતમા ગુણસ્થાનક સુધીનો વિશુદ્ધિક્રમ માંગી લીધો છે. કુમારપાળ રાજાના પાંચ મનોરથો સાથે ગર્ભિતરૂપે જોડાયેલી ઉપરોક્ત વિશુદ્ધિક્રમ સંબંધી પાંચ પ્રાર્થના આ મુજબની છે– ૧. સાધુધર્મ, ૨. આગમાભ્યાસ, ૩. નિઃસ્પૃહ પરિણામ, ૪. અધ્યાત્મની પરિભાવના, ૫. અપ્રમત્ત સંયમ.

કુમારપાળના પાંચ મનોરથોમાં આ પાંચ પ્રાર્થના કેવી રીતે સમાયેલી છે તે હવે જોઈએ.

(૧) કવિએ મમત્વત્યાગનો મનોરથ પ્રથમક્રમે રજૂ કર્યો છે. મમત્વત્યાગનું ફળ પ્રવ્રજ્યા છે માટે આ મનોરથ દ્વારા સાધુધર્મની માંગણી થઇ જાય છે.

(૨) બીજા નંબરે આજ્ઞાપાલન દ્વારા તત્ત્વપ્રાપ્તિનો મનોરથ વ્યક્ત થયો છે. સાધુધર્મની સફળતા આગમાભ્યાસ દ્વારા થાય છે અને આ આગમાભ્યાસ વડે વિશિષ્ટ તત્ત્વપ્રાપ્તિ સંભવે છે માટે બીજા મનોરથ દ્વારા આગમ અધ્યયન ઇચ્છાયેલું છે.

(૩) ત્રીજા નંબરે અપેક્ષારહિત અવસ્થાનો મનોરથ છે. આગમના બોધનું એ ફળ છે, અતિચારના ત્યાગનો પરિણામ પ્રગટે. આ પરિણામ આત્માને નિસ્પૃહતા તરફ લઈ જાય છે. માટે ત્રીજા મનોરથ દ્વારા નિઃસ્પૃહ પરિણામ પણ પ્રાર્થ્યો છે.

(૪) ચોથા નંબરે આત્મરમણતાનો મનોરથ પ્રગટ કર્યો છે. ત્રીજા નંબરે જે નિઃસ્પૃહ પરિણામ મેળવ્યો છે તેના ફળરૂપે અધ્યાત્મ આવ્યા વિના રહેતું નથી. અધ્યાત્મ કહો કે આત્મરમણતા, બંને એકાર્થક છે માટે ચોથા મનોરથમાં અધ્યાત્મની પ્રાર્થના સમાયેલી છે.

(૫) પાંચમા નંબરે મોક્ષની પણ અનિચ્છાનો મનોરથ છે. અહિં અનિચ્છાનું તાત્પર્ય દ્વેષ નથી, પરંતુ ઉત્કંઠાનો અભાવ છે. આ સ્થિતિ અધ્યાત્મની સતત સાધનાના પરિપાકરૂપે પ્રગટે છે. જેને સાતમા ગુણસ્થાનકે આવનારું અપ્રમત્ત સંયમ કહેવાય. અહીં ભવનો રાગ નથી તેમ મોક્ષનો પણ રાગ નથી. પુદ્‌ગલઘટના પ્રત્યે માત્ર સાક્ષીભાવ છે. આવું અપ્રમત્ત સંયમ=સાતમું ગુણસ્થાનક, આ પાંચમા મનોરથ દ્વારા ઇચ્છાયેલું છે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

लोलपरिणामं निगृह्य परब्रह्मरतये मनोरथयन्नाह–

**※ ભાવાર્થ :**

ચંચળ ચિત્તનો નિગ્રહ કરીને પરબ્રહ્મની પ્રીતિનો મનોરથ હવેની ગાથામાં રજૂ થયો છે.

**तव त्रियामापतिकान्तिकान्तै-र्गुणैर्नियम्याऽऽत्ममनःप्लवङ्गम् ।**

**कदा त्वदाज्ञाऽमृतपानलोलः स्वामिन् ! परब्रह्मरतिं करिष्ये ? ॥ १० ॥**

**※ अन्वय :**

हे स्वामिन् ! तव त्रियामापतिकान्तिकान्तैर्गुणैरात्ममनःप्लवङ्गं नियम्य त्वदाज्ञामृतपानलोलः परब्रह्मरतिं कदा करिष्ये ॥

**※ શબ્દાર્થ :**

✧ स्वामिन्!=નાયક ! ✧ त्रियामापति=ચંદ્રમા

✧ कान्ति=કિરણ
✧ कान्त=શોભા
✧ त्रियामापतिकान्तिकान्तैः=ચંદ્રમાની જ્યોત્સ્ના જેવી શોભા છે જેને તેવા વડે
✧ गुणैः=(૧) ગુણો વડે, (૨) દોરડા વડે
✧ प्लवङ्ग=વાનર
✧ आत्ममनःप्लवङ्गम्=આત્મા અને મનરૂપી કપિને
✧ नियम्य=કાબૂમાં લઈને
✧ लोल=ચંચળ
✧ त्वदाज्ञामृतपानलोलः=તારી આજ્ઞારૂપી અમૃતપાન માટે ઉત્કંઠ
✧ परब्रह्म=વિશુદ્ધાવસ્થા
✧ परब्रह्मरतिम्=વિશુદ્ધાત્મસ્વરૂપની પ્રીતિને
✧ कदा करिष्ये=ક્યારે કરીશ ?

**※ શ્લોકનો ભાવાર્થ :**

હે સ્વામિન્ ! ચંદ્રમાની જ્યોત્સના જેવા ઉજ્જ્વળ આપના ગુણો છે. આ ગુણોરૂપી સાંકળ વડે મારા ચંચળમનને કાબૂમાં લઈને તારી આજ્ઞાના અમૃતપાન માટે ઉત્કંઠ થઈ વિશુદ્ધ આત્મરમણતા ક્યારે સાધીશ ? ॥ ૧૦ ॥

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

तवेति । 'हे स्वामिन् !' कोटाकोटिदेववृन्दनेतः! । 'तव' भवतः । 'त्रियामापतिकान्तिकान्तैः' चन्द्रमसोज्योत्स्नासदृशैरर्थादत्यन्तमुज्ज्वलैः । 'गुणैः' स्पष्टम् । इदमत्र तात्पर्यम्-कश्चित् प्रश्नयति, वीतरागस्य गुणाश्चन्द्रज्योत्स्नाभिस्साकं दृष्टान्तायितास्तत्र कोऽस्ति हेतुविशेषः ? समादधामि, वीतरागेन क्षायिकभावजन्मानोगुणाः संप्राप्ताः, क्षायिकभावजेभ्योगुणेभ्यः पूर्वाचार्यैः शशिद्युतेर्दृष्टान्तमुक्तम्, **यथा योगदृष्टिसमुच्चये** भगवान् हरिभद्रसूरिः परादृष्ट्यामष्टम्यां तद्गतबोधाय शशिदृष्टान्तं न्ययुङ्क्त ।

'आत्ममनःप्लवङ्गं' मदात्मसङ्गतं यत्परिणामचापल्यं तदेव कपिस्तं । 'नियम्य' वशीकृत्य । 'त्वदाज्ञाऽमृतपानलोलः' जिनवचनाऽवगाहनोत्कण्ठितः । 'परब्रह्मरतिं' विशुद्धाऽऽत्मरमणतां । 'कदाऽहं करिष्ये ?' कदा लप्स्ये ॥

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) स्वामिन् ! પદની વ્યાખ્યા અત્રે કોટાકોટી દેવસમૂહના જે નેતા છે તે... એવી કરવામાં આવી છે. જે અરિહંતનો મહિમા સૂચવે છે.

(૨) ચંદ્રમાની જ્યોત્સ્ના જેવા વીતરાગના ઉજ્જ્વળ ગુણો છે. આ વિધાનમાં ઊંડું તાત્પર્ય રહેલું છે. આ રહ્યું : પ્રશ્ન થાય છે કે વીતરાગના ગુણો માટે ચંદ્રની જ્યોત્સ્નાનું દૃષ્ટાંત જ કેમ આપવામાં આવ્યું ? કારણ છે, વીતરાગને ક્ષાયિકભાવના ગુણો પ્રાપ્ત થયેલાં છે. ક્ષાયિકભાવના ગુણો માટે પૂર્વાચાર્યોએ ચંદ્રજ્યોત્સ્નાનું દૃષ્ટાંત આપેલું છે.

**સૂરિપુરંદર, શ્રી હરિભદ્રસૂરિમહારાજે યોગદષ્ટિસમુચ્ચયમાં યોગની આઠ દષ્ટિ વર્ણવેલી છે. ત્યાં આઠમી પરાદષ્ટિમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ સ્વીકારી છે. સ્પષ્ટ છે, કેવળજ્ઞાન આવે એટલે ક્ષાયિક ભાવના ગુણોની જ વિદ્યમાનતા રહે. હવે એ ઉલ્લેખનીય છે કે પરાદષ્ટિના બોધને પ્રસ્તુત ગ્રંથમાં ચંદ્રજ્યોત્સ્નાનું દૃષ્ટાંત અપાયેલું છે. આમ, ઉપરોક્ત ચર્ચા પરથી અહિં અરિહંતના ગુણ માટે પ્રયોજાયેલું ચંદ્રનું દૃષ્ટાંત અર્થગંભીર છે એ નક્કી થયું.**

(૩) મન કપિ જેવું ચંચળ છે. ચપળ મનને બાંધી રાખનારી સાંકળ અરિહંતના ગુણો છે. મતલબ, એ ગુણો પ્રત્યેનો સમર્પણભાવ છે.

(૪) આજ્ઞારૂપી અમૃતપાનની ઉત્કંઠા એટલે જિનવચનના અવગાહનની તલપ. પરબ્રહ્મની રતિ એટલે વિશુદ્ધ આત્મરમણતા.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

ईशकृपां स्वीकुर्वन् मन्मथनिग्रहाय च प्रार्थयन्नाह–

**※ ભાવાર્થ :**

વીતરાગની કૃપાનો સ્વીકાર અને કામના નિગ્રહની પ્રાર્થના હવેના શ્લોકમાં થઇ છે.

**एतावतीं भूमिमहं त्वदङ्घ्रि-पद्मप्रसादाद् गतवानधीश ! ।**
**हठेन पापास्तदपि स्मराद्या ही मामकार्येषु नियोजयन्ति ।। ११ ।।**

**※ अन्वय :**

हे अधीश ! त्वदङ्घ्रिपद्मप्रसादादहं एतावतीं भूमिं गतवान्, तदपि स्मराद्याः पापाः मां हठेनाऽकार्येषु नियोजयन्ति ।।

**※ શબ્દાર્થ :**

- अधीश!=દેવાધિદેવ
- अङ्घ्रि=ચરણ
- पद्म=કમળ
- प्रसाद=કૃપા
- त्वदङ्घ्रिपद्मप्रसादाद्=તારા ચરણકમળની કૃપાથી
- एतावतीम्=આટલી
- भूमिम्=ભૂમિને / કક્ષાને
- गतवान्=પામેલો (છું)
- स्मराद्याः=કામ વિગેરે
- हठेन=બળાત્કારે
- माम्=મને
- अकार्येषु=અનુચિત કાર્યોમાં
- नियोजयन्ति=ગોઠવે છે

**※ શ્લોકનો ભાવાર્થ :**

હે દેવાધિદેવ ! તારા ચરણકમળની કૃપાથી આટલી કક્ષા સુધી હું પહોંચ્યો છું. તો પણ કામાદિ દોષો મને બળાત્કારે પણ અનુચિત પ્રવૃત્તિઓમાં ધકેલે છે. ॥ ૧૧ ॥

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

एतावतीमिति । 'हे अधीश !' सकलसुराऽसुरसेवाग्रहणाऽधिकारिन् ! । अहं 'त्वदङ्घ्रिपद्मप्रसादाद्' तवचरणकमलाऽऽसेवनेन परमार्थतः पूर्वस्मिन् जयताकभवे स्वद्रव्यकृतजिनभक्त्यैवाऽर्थाद् भक्त्योपार्जितस्य कुशलपुन्यस्योदयेनैव । 'एतावतीं भूमिं' सद्गुरु-सदधर्मप्राप्त्यादिकं राज्यादिसम्पदाञ्च । 'गतवान्' प्राप्तवानस्मि ।

'ही' खेददर्शकाऽव्ययपदम् । 'तदपि' सत्यामपि पूर्वोक्तायां कुशलपुन्यप्राप्तसामग्र्यां । 'स्मराद्याः पापाः' कामाऽभिलाषास्तत्सहभाविनश्चाऽन्ये दोषाः । 'मां' मदात्मानं । 'अकार्येषु' व्रतविपरीतप्रवृत्तिषु । 'हठेन' वलात्कारेण । 'नियोजयन्ति' परिवध्नन्ति ।

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) તીર્થંકર માટે આ શ્લોકમાં अधीश શબ્દ પ્રયોજાયેલો છે. अधीश શબ્દની વ્યાખ્યા આ રીતે કરવામાં આવી છે : સકળ સુરો અને અસુરોની સેવા સ્વીકારવાનો અધિકાર જેમને પ્રાપ્ત થયેલો છે તે अधीश છે.

(૨) કુમારપાળ રાજાએ અહીં 'त्वदङ्घ्रिपद्मप्रसादाद् एतावतीं भूमिमहं गतवान्' આપના ચરણકમળની સેવાથી હું આટલી કક્ષાએ પહોંચ્યું છું એવો એકરાર કર્યો છે. ઉપરોક્ત પદનો વિસ્તૃત અર્થ આ રીતનો છે,

પૂર્વ જન્મમાં કુમારપાળનો આત્મા જયતાક નામનો લૂંટારું હતો. પાપના માઠાં ફળો એ જ ભવમાં આંશિક રીતે એને અનુભવવા પડ્યાં. એથી કંઇક શાંત થયેલા તેણે જૈન શ્રેષ્ઠીના ઘરે નોકરી સ્વીકારી. શેઠની જિનભક્તિ જોઇને જિનરાજ પ્રત્યે જયતાકને પણ બહુમાન પ્રગટ્યું. તેણે અત્યંત દરિદ્ર અવસ્થામાં પણ પોતાની પાંચકોડી દ્વારા અઢાર ફૂલ ખરીદીને સ્વદ્રવ્યથી જિનપૂજા કરી. **પૂર્વજન્મમાં કરેલી સ્વદ્રવ્યકૃત જિનપૂજા અહીં त्वदङ्घ्रिपद्मप्रसादाद् પદ દ્વારા ઇંગિત થયેલી છે.**

પૂર્વજન્મમાં કરેલી જિનપૂજાના પ્રભાવે કુમારપાળે ત્યારે કુશળ પુન્ય=પુન્યાનુબંધી પુન્ય બાંધેલું, જેનો ઉદય કુમારપાળના ભવમાં થયો. ફલતઃ રાજ્ય સંપદા મળી. સદ્ગુરુ અને સદ્ધર્મ મળ્યાં. **કુશળપુન્યથી મળેલી આ બધી સામગ્રી एतावतीं भूमिम् પદ દ્વારા સૂચિત થયેલી છે.**

(૩) स्मराद्याः પદમાં અત્રે કામ અને કામના સહભાવી દોષો દા.ત. કૌતુક, ભય, અધૈર્ય, હાસ્ય ઇત્યાદિકનો સ્વીકાર કરવામાં આવે છે.

(૪) अकार्य પદનો પ્રસ્તુત શ્લોકના સંદર્ભમાં શ્રાવકોચિત વ્રતોથી વિપરીત કાર્ય એવો અર્થ ઇષ્ટ ગણવામાં આવ્યો છે.

✦ ✦ ✦

※ **अवतरणिका :**

जिननाथे सत्यपि मेऽहितमिति पूत्कुर्वन्नाह–

※ **ભાવાર્થ :**

તીર્થંકર પ્રભુ જેવા સ્વામી છે છતાં મારું અહિત થાય છે એવો પોંકાર હવેની ગાથામાં થયો છે.

**भद्रं न किं त्वय्यपि नाथ ! नाथे, सम्भाव्यते मे यदपि स्मराद्याः ।**

**अपाक्रियन्ते शुभभावनाभिः, पृष्ठिं न मुञ्चन्ति तथापि पापाः ॥ १२ ॥**

※ **अन्वय :**

हे नाथ ! त्वय्यपि नाथे मे भद्रं किं न संभाव्यते ? यदपि स्मराद्याः पापाः शुभभावनाभिः अपाक्रियन्ते तथाऽपि पृष्ठिं न मुञ्चन्ति ! ॥

※ **શબ્દાર્થ :**

✧ नाथे=નાથ તરીકે
✧ त्वय्यपि=તું હોતે છતે પણ
✧ मे=મારું
✧ भद्रं=કલ્યાણ
✧ किम् न=શા માટે નહિ
✧ सम्भाव्यते=સંભવે
✧ यदपि=જો કે
✧ स्मराद्याः=કામ વિગેરે
✧ पापाः=દોષો
✧ शुभभावनाभिः=સારી ભાવનાઓ વડે
✧ अपाक्रियन्ते=દૂર કરાય છે
✧ तथापि=તો યે
✧ पृष्ठिं=પીછો
✧ न मुञ्चन्ति=છોડતાં નથી

※ **શ્લોકનો ભાવાર્થ :**

હે પ્રભુ ! તારા જેવો સ્વામી હોવા છતાં મારું કલ્યાણ કેમ નથી થતું ? જો કે કામ વિગેરે પાપોને નિર્મળ ભાવનાઓ દ્વારા હું દૂર તો કરું છું છતાં તે હજી પીછો નથી છોડતાં. ॥ ૧૨ ॥

※ **तत्त्वरुचिर्वृत्तिः :**

भद्रमिति । 'हे नाथ !' भगवन् ! । 'नाथे त्वय्यपि' सकलजन्तुसमुद्धारसमर्थे भगवति नाथत्वेनाऽङ्गीकृतेऽपि । 'किं' केन कारणेन । 'मे' मम । 'भद्रं' अनवद्यमनोयोगसंपादनं न संभाव्यते ? । 'यदपि' प्रतिविकल्पः । 'स्मराद्याः पापाः' कामवासनादिगूढतमदोषाः । 'शुभभावनाभिः' उपायद्वयीभिः

सैवं (१) विपाकविचयधर्मध्यानेन (२) संवेगस्योत्कर्षकरणेन च, सूक्ष्मदोषनिग्रहाय मनोऽतिचार-प्रतिकाराय चाऽसावुपायद्वयी साध्वी वर्तते, साधुचरितैः सोपादेया । 'अपाक्रियन्ते' दूरं निक्षिप्यते । 'तथापि' सत्यपि तन्निराकरणस्य प्राग्वर्णिते पुरुषार्थे । 'पृष्ठिं' सन्निधिं, न मुञ्चन्ति ।

※ **ટીકાનો ભાવાર્થ :**

(૧) સ્વામી જો સમર્થ છે તો પછી સેવકની રક્ષા થવી જ જોઇએ. તીર્થંકર જેવા સ્વામી છે તો પછી કામદોષ વિગેરે પાપોથી તેમના ભક્ત એવા આપણો છૂટકારો થવો જ જોઇએ.

(૨) भद्रं मे किं न संभाव्यते ? મારું કલ્યાણ કેમ નથી થતું ? આવી ફરિયાદ જિનરાજ સમક્ષ કુમારપાળનૃપે કરી છે. ટીકામાં ઉપરોક્ત 'भद्र' પદની વ્યાખ્યા 'નિષ્પાપ મનોયોગની પ્રાપ્તિ' એવી કરવામાં આવી છે. **કલ્યાણનો મતલબ નિષ્પાપ માનસ.**

(૩) મૂળ કૃતિમાં લખ્યું છે : કામદોષ વિગેરેને દૂર કરવાનો પ્રયત્ન શુભભાવનાઓ દ્વારા થાય છે. અહીં शुभभावनाभिः પદની વ્યાખ્યામાં **માનસિક પાપોના નિગ્રહ માટે બે ઉપાયોનો નિર્દેશ થયો છે–**

(૧) **વિપાકવિચયધર્મધ્યાન :** જે દોષથી મન ગ્રસાઇ રહ્યું છે તે દોષના ભાવિવિપાકોનું ચિંતન એટલે વિપાકવિચયધર્મધ્યાન.

(૨) **સંવેગના ઉત્કર્ષનો પ્રયત્ન :** સંવેગ એટલે મોક્ષાભિલાષ. મોક્ષાભિલાષને દઢ કરવો, વારંવાર મનને તે માટે પ્રેરવું એ સંવેગના ઉત્કર્ષ માટેનો યત્ન કહેવાય.

આ બે ઉપાયો દ્વારા માનસિક પાપોથી ક્રમશઃ છૂટી શકાય છે. કમ સે કમ તે પાપોને નબળા પાડી શકાય છે. શ્રદ્ધાળુ પુરુષોએ સૂક્ષ્મદોષોના નિરાકરણ માટે ઉપરોક્ત આ બે ઉપાયો સદા ય સેવવા જેવા છે.

✦ ✦ ✦

※ **अवतरणिका :**

जिनदर्शनविरहबीजं नरकपातफलमित्युपदिशन्नाह–

※ **ભાવાર્થ :**

તીર્થંકરના દર્શનનો વિરહ જ નરકગમનનું કારણ બન્યો છે એવું હવેની ગાથામાં જણાવે છે.

**भवाऽम्बुराशौ भ्रमतः कदापि, मन्ये न मे लोचनगोचरोऽभूः ।**

**निस्सीमसीमन्तकनारकादि-दुःखातिथित्वं कथमन्यथेश ! ॥ १३ ॥**

※ **अन्वय :**

हे ईश ! भवाम्बुराशौ भ्रमतः मे कदापि लोचनगोचरो नाऽभूः, अन्यथा निस्सीमसीमन्तकनारकादि-दुःखातिथित्वं कथम् ? ॥

※ **શબ્દાર્થ :**

- ✧ ईश!=સ્વામિન્ !
- ✧ कदापि=ક્યારેય પણ
- ✧ अम्बुराशि=સમુદ્ર
- ✧ भवाऽम्बुराशौ=સંસારરૂપ સમુદ્રમાં
- ✧ भ्रमतः=ભ્રમણ કરતાં
- ✧ मे=મારે
- ✧ लोचन=નેત્ર
- ✧ गोचर=વિષય
- ✧ लोचनगोचरः=નેત્રનો વિષય
- ✧ नाऽभूः=તું નથી થયો
- ✧ अन्यथा=નહિતર
- ✧ निस्सीम=સીમા બહારનું
- ✧ सीमन्तक=એક નરકાવાસનું નામ
- ✧ अतिथित्व=મહેમાનગત
- ✧ निस्सीमसीमन्तकनारकादिदुःखातिथित्वं= સીમન્તક વિગેરે નરકાવાસોની સીમા બહારની મહેમાનગત
- ✧ कथम्=શા માટે ?

※ **શ્લોકનો ભાવાર્થ :**

હે નાથ ! સંસારસાગરમાં ભ્રમણ કરતાં-કરતાં મે તને ક્યારેય જોયો નથી. નહિતર સીમન્તક વિગેરે નરકાવાસોની સીમા બહારની મહેમાનગત શા માટે મારે માણવી પડે ! ॥ १३ ॥

※ **तत्त्वरुचिर्वृत्तिः :**

भवाऽम्बुराशाविति । 'हे ईश!' सकलजीवद्रव्येषु अग्रगामित्वं विधातुं योग्यो यः सः । 'भवाऽम्बुराशौ' प्रवाहतोऽनाद्यनन्तपुद्‌गलपरावर्तप्रमितोऽयं संसारवासः, व्यक्तितश्च द्वेधा, (१) अनादिसान्तोऽपि स (२) अनाद्यनन्तोऽपि, चरमावर्तिभव्यात्मनामपेक्षया प्रथमोविकल्प ऊरीकार्यस्तथा चाऽभव्याऽत्मनामपेक्षया द्वयोविकल्प ऊरीकर्तव्यः, स च भवोदुस्तरत्वेन समुद्रोपमस्तस्मिन् । 'भ्रमतः' योनिचक्रवाले इतस्ततः पुनः पुनोऽटतः । 'मे' मदात्मनः । 'लोचनगोचरः' दर्शनविषयीभूतः । 'कदापि' प्राक्तनेऽनन्ताऽनन्तेऽनेहसि । 'नाऽभूः' त्वं न भूतवान् ।

'अन्यथा' विपरीततायां सत्यां अर्थात् प्राप्तेऽर्हद्दर्शने । 'निस्सीमसीमन्तकनारकादिदुःखातिथित्वम्' अनेकवारं सीमापरं 'सीमन्तक' प्रमुखाऽऽह्वेपु वहुरुद्रेषु पीडोत्कटेषु नरकवासेषु निवसनम् । 'कथं' कस्मात् संभाव्यत इति प्रश्नदर्शकपदम् ।

इदमत्र तात्पर्यम् - जिनदर्शनविरहबीजं नरकादिबाधाफलम् । निःसेवितबीजत्वेन नोऽन्तशोनरकपातः संजातः । अथ जिनदर्शनं भक्तिक्लिन्नं विधीयते, नरकसंभवोऽवश्यं निराक्रियते ।

※ **ટીકાનો ભાવાર્થ :**

(१) પ્રવાહની અપેક્ષાએ આ સંસાર અનાદિ-અનંત છે. વ્યક્તિની અપેક્ષાએ આ સંસાર (१) અનાદિ-સાંત પણ છે. (२) અનાદિ-અનંત પણ છે. (१) ચરમાંવર્તમાં આવી ચૂકેલાં

ભવ્યાત્માઓની અપેક્ષા ગ્રહણ કરો તો સંસાર અનાદિ-સાંત છે. (૨) અભવ્ય જીવો કદીય ચરમાવર્તમાં આવતાં નથી તેથી તેમની અપેક્ષાએ આ સંસાર અનાદિ-અનંત છે.

આમ, અનાદિ-અનંત સ્થિતિ એ સંસારનું સ્વરૂપ થયું.

(૨) આ સંસારથી પાર ઉતરેલાં તો અનંતા છે પરંતુ લગભગ અતિ કઠિનાઇપૂર્વક તેઓ સંસારથી તર્યા છે. દુસ્તરતાની અપેક્ષાએ સંસારને સાગરની ઉપમા આપવામાં આવી છે.

(૩) ગણી ન શકીએ એટલી વાર આપણો આત્મા નરકગતિનો અતિથિ બનેલો છે. નરકગતિના 'સીમન્તક' જેવા અતિરુદ્ર અને પીડાદાયક નરકાવાસોમાં સાગરોપમો વ્યતીત કરી ચૂક્યો છે. ઉત્કટ પીડા ત્યાં સહન કરી છે. કારણ ? ભૂતકાળમાં ક્યારેય આપણને જિનેશ્વરનું દર્શન લાધ્યું ન હતું.

(૪) ઉપરોક્ત ઉપદેશનું તાત્પર્ય એ છે કે નરક-તિર્યંચગતિમાં આત્માનું જે અધઃપતન થાય છે એ તો ફળ છે. આ ફળનું બીજ પહેલાં શોધો. બીજ નિરસ્ત થશે તો ફળ સ્વતઃ નિરસ્ત થઇ જશે. એનું બીજ છે, તીર્થંકરના દર્શનનો વિરહ.

જિનદર્શનનો અર્થ તીર્થંકરને જોવા એવો જેમ થાય છે તેમ 'તીર્થંકરનો ધર્મ' એવો પણ એનો એક અન્ય અર્થ છે. (૧) દર્શન મતલબ કે જોવું. (૨) દર્શન મતલબ કે ધર્મ. અહીં બંને અર્થ સાપેક્ષપણે ઘટી શકે છે.

**આજ સુધીમાં આપણા આત્માએ ધર્મના અભાવસ્વરૂપ જિનદર્શનના વિરહ-બીજનું પુષ્કળ નિઃસેવન કર્યું છે એટલે અનંતીવાર નરકગતિરૂપ ફળ ચાખવા પડ્યાં છે.** હવે જિનધર્મનું ભક્તિભીના હૈયે આસેવન કરીશું તો નરકગમનનો સંભવમાત્ર નહિ રહે.

(૫) તીર્થંકરને અહીં ઈશ કહ્યાં છે. ઈશ પદની વ્યાખ્યા સકળ જીવદ્રવ્યોનું નેતૃત્વ કરવા માટે જે યોગ્ય છે તે એવી કરવામાં આવી છે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

महामहिमानौ जिनचरणौ तच्छरणमङ्गीकुर्वन्नाह—

**※ ભાવાર્થ :**

વીતરાગના ચરણો મહામહિમાશાળી છે, તેનું શરણ હવેની ગાથામાં સ્વીકારવામાં આવે છે.

**चक्राऽसि-चापाऽङ्कुश-वज्रमुख्यैः, सल्लक्षणैर्लक्षितमङ्घ्रियुग्मम् ।**

**नाथ ! त्वदीयं शरणं गतोऽस्मि, दुर्वारमोहादिविपक्षभीतः ॥ १४ ॥**

**※ अन्वय :**

हे नाथ ! दुर्वारमोहादिविपक्षभीतः (अहं) त्वदीयं चक्राऽसि-चापाऽङ्कुश-वज्रमुख्यैः सल्लक्षणैः लक्षितं अङ्घ्रियुग्मं शरणं गतोऽस्मि ।

**※ શબ્દાર્થ :**

✧ चक्र=ચક્ર
✧ असि=તલવાર
✧ चाप=ધનુષ્ય
✧ अङ्कुश=અંકુશ
✧ वज्र=ઇન્દ્રનું શસ્ત્ર
✧ मुख्य=પ્રમુખ
✧ चक्राऽसिचापाऽङ्कुशवज्रमुख्यैः= ચક્ર, અંકુશ, વજ્ર, તલવાર વિગેરે...
✧ सल्लक्षणैः=શુભ લક્ષણો વડે
✧ लक्षितम्=અંકિત, સુશોભિત એવા
✧ त्वदीयम्=તારાં
✧ युग्म=બે, જોડલું
✧ अंघ्रियुग्मम्=ચરણયુગલનાં
✧ शरणम्=આશ્રયને
✧ दुर्वार=દુઃખેથી રોકાય તેવા
✧ भीत=ડરેલ
✧ दुर्वारमोहादिविपक्षभीतः=દુઃખેથી રોકાય તેવા રાગાદિ શત્રુથી ડરેલ એવો (હું)
✧ गतोऽस्मि=પામેલો છું
✧ नाथ!=સ્વામી

**※ શ્લોકનો ભાવાર્થ :**

હે નાથ ! રાગાદિ અજેય અંતરંગ શત્રુઓથી હું ડરી ગયો છું. એથી ચક્ર, વજ્ર, તલવાર, ધનુષ્ય, અંકુશ જેવા શુભચિહ્નોથી અંકિત થયેલાં તારાં ચરણકમળનું મે શરણ સ્વીકાર્યું છે. ॥ ૧૪ ॥

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

चक्रेति । 'हे नाथ !' नाथ्यत इति नाथः, अत्रैवं सन्दर्भः, लौकान्तिकदेवैः संयमस्वीकाराय कृता नाथना यस्मै सः । 'त्वदीयं' तावकीनं । 'चक्राऽसिचापाङ्कुशवज्रमुख्यैः' तरवारि-धनुष्य-शङ्ख-घण्टाप्रमुखैः सर्वोत्कृष्टपुण्यप्रकृतिपरिचायकैरष्टाऽधिकसहस्रसङ्ख्यकैः । 'सल्लक्षणैः' चक्रि-तीर्थङ्क-रादि बाह्याऽन्तरंगसाम्राज्यसूचकैश्चिह्नैः । 'लक्षितं' अङ्कितम् । 'अङ्घ्रियुग्मं' चरणद्वयं । 'दुर्वारमोहादि-विपक्षभीतः' रागादिभाववैरिगण एव विपक्षः स च श्रुतकेवलिभिरपि दुर्निवार्यश्चेदस्मादृशां पामराणां का प्रभुता ? अतस्तेन भयं प्राप्तः । पूर्वोक्तं त्वच्चरणयुग्मं 'शरणंगतोऽस्मि' दासत्वं प्रतिपन्नोऽस्मि अङ्गीकृतदासत्वेनैव स्वीकृतशरणसाफल्यात् ।

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) તીર્થંકર ભગવંતને અહીં नाथ ! શબ્દ વડે સંબોધાયાં છે. नाथ શબ્દનો અર્થ સંસ્કૃત ભાષામાં માંગવું=પ્રાર્થના કરવી એવો પણ થાય છે. આ અર્થનો સંદર્ભ લઇને नाथ શબ્દની વ્યાખ્યા 'લોકાંતિક દેવો દ્વારા સંયમ સ્વીકાર માટે જેમને પ્રાર્થના થઇ હતી તેવા પ્રભુ' એવી અત્રે કરવામાં આવી છે.

(૨) તીર્થંકરના ચરણોમાં વજ્ર, શંખ, ઘંટ, ધનુષ્ય, તલવાર, અંકુશ, ચક્ર વિગેરે ૧૦૦૮ શુભ-ચિહ્નો અંકિત થયેલાં હોય છે. આ લક્ષણો તેમની સર્વોત્કૃષ્ટપુન્યપ્રકૃતિના પરિચાયક છે.

(૩) રાગાદિભાવશત્રુઓથી હું ડરેલો છું એવું મૂળ કૃતિમાં કહેવાયું છે. આ કથનની સ્પષ્ટતા ટીકામાં આ રીતે થઈ છે : શ્રુતકેવળીઓ માટે પણ આ રાગાદિશત્રુઓ દુર્જેય છે માટે આપણા જેવા પામર આત્માઓએ આ શત્રુઓથી ડરવું પડે તે અત્યંત સ્વાભાવિક છે.

(૪) શરણનો સ્વીકાર કરવો એટલે કે દાસત્વનો સ્વીકાર કરવો. જિનેશ્વરના ચરણનું શરણ લેવું એટલે દાસત્વ અંગીકાર કરવું. દાસત્વ સ્વીકારો તો જ શરણાગતિ સાર્થક ઠરે છે. જ્યાં દાસત્વનો સ્વીકાર નથી તેવી શરણાગતિ માત્ર શબ્દો પૂરતી અસરકર્તા હોય છે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

जिनोत्कर्षं स्वाऽपकर्षञ्च संवेदयन्नाह–

**※ ભાવાર્થ :**

અરિહંતના ઉત્કર્ષનું અને આત્માના અપકર્ષનું સંવેદન હવેની ગાથામાં વર્ણવાયું છે.

**अगण्यकारूण्य ! शरण्य ! पुण्य !, सर्वज्ञ ! निष्कण्टक ! विश्वनाथ ! ।**
**दीनं हताशं शरणागतञ्च, मां रक्ष रक्ष स्मरभिल्लभल्लेः ।। १५ ।।**

**※ अन्वय :**

हे अगण्यकारूण्य !, शरण्य !, पुण्य !, सर्वज्ञ !, निष्कण्टक !, विश्वनाथ !, दीनं हताशं शरणागतं मां स्मरभिल्लभल्लेः रक्ष रक्ष ।।

**※ શબ્દાર્થ :**

- ✧ पुण्य!=સૌભાગ્યશાલી,
- ✧ शरण्य!=શરણયોગ્ય,
- ✧ निष्कण्टक!=આક્ષેપરહિત,
- ✧ सर्वज्ञ!=સમગ્ર જગતના જ્ઞાતા,
- ✧ विश्वनाथ!=ત્રણ લોકના સ્વામી,
- ✧ अगण्यकारुण्य!=ગણી ન શકાય તેટલો કરુણાભાવ રાખનારા !
- ✧ दीनम्=દુ:ખી
- ✧ हताशम्=મનોબળ હારી ગયેલ
- ✧ शरणागतम्=આશરો લેનાર એવા
- ✧ माम्=મને
- ✧ स्मर=કંદર્પ
- ✧ भिल्ल=વનેચર
- ✧ भल्लि=ભાલો
- ✧ स्मरभिल्लभल्लेः=કંદર્પરૂપી ભીલના ભાલાથી
- ✧ रक्ष रक्ष=બચાવો, બચાવો

### ※ શ્લોકનો ભાવાર્થ :

આપ વિશ્વના નાયક છો, સર્વજ્ઞ છો, સૌભાગી છો, આક્ષેપરહિત છો, શરણરૂપ છો અને અપારકરુણાશીલ છો. હું દીન છું, હતાશ છું અને શરણે આવેલ છું. નાથ ! કંદર્પરૂપી વનેચરના ભાલાથી મને બચાવી લો ! ॥ ૧૫ ॥

### ※ तत्त्वरुचिर्वृत्तिः :

अगण्येति । 'हे अगण्यकारुण्य !' जीवसङ्ख्याया अप्यधिकतमं करुणारसमानं यस्य सः । 'शरण्य !' सर्वश्रेष्ठशरणाऽर्ह !, सकल-शरणदातृभ्योऽप्यधिकसङ्ख्यकजीवानां शरणदानत्वात् सर्व-श्रेष्ठशरण्यत्वमर्हति प्रतिष्ठितम् । 'सर्वज्ञ !' भूत-भावि-वर्तमानगोचरां समस्तद्रव्य-गुण-पर्यायमालां जानाति यः सः । 'निष्कण्टक !' कुतीर्थिकैः शत्रुताग्रस्तैरपि स्त्रीहरण-व्रतनाशादयो जघन्या आरोपा भगवति नाऽक्षिप्तास्तेन भगवानर्हन्नेव निष्कण्टकोवर्तते । 'विश्वनाथ !' ऊर्ध्वाऽधस्तिर्यग्लोक-विवर्तिनां भूतानां स्वामी यः सः । मां-मदात्मानं, कीदृशं ? 'दीनं' सहायाय प्रार्थनाकरम् । पुनः कथंरूपं ? 'हताशं' ध्येयप्राप्तिपूर्वोज्झितमनोवलम् । पुनः कीदृशं ? 'शरणागतं' स्वेच्छया प्रभु-चरणसेवास्वीकारकरम् । 'स्मरभिल्लभल्लेः' कन्दर्पोवनेचर इवाऽसभ्यः साधुचरिताऽनभिज्ञः स एव भिल्लस्तस्य भल्लेः-कुन्ताद्, 'रक्ष-रक्ष' त्राहि त्राहि ॥

### ※ ટીકાનો ભાવાર્થ :

પ્રસ્તુત, પંદરમાં શ્લોકમાં તીર્થંકર માટે ૬ વિશેષણો પ્રયોજવામાં આવ્યાં છે– (૧) अगण्य कारुण्य (૨) शरण्य (૩) पुण्य (૪) सर्वज्ञ (૫) निष्कण्टक (૬) विश्वनाथ... આ છ વિશેષણોની અર્થગંભીર વ્યાખ્યા નીચે મુજબ છે–

(૧) अगण्यकारुण्य!=તીર્થંકરનો કરુણારસ ગણી ન શકાય તેવો વિશાળ છે. શી રીતે ? આ સંસારમાં જીવોની જેટલી સંખ્યા છે તેથી પણ વધુ માત્રામાં કરુણારસ તીર્થંકરમાં સમાયેલો છે માટે તેઓ अगण्यकारुण्य છે.

(૨) शरण्य!=શરણ માટેની સૌથી વધુ યોગ્યતા અરિહંતમાં છે. કેમ ? આ સંસારમાં શરણ આપનારા જેટલાં પણ સ્થાન છે, તે બધાએ જેટલાં જીવોને શરણું આપ્યું છે; એથી વધુ જીવોને એક અરિહંત શરણ આપે છે.

(૩) पुण्य!=તીર્થંકરનામકર્મનો ઉદય જ્યારે થાય છે ત્યારે શેષ તમામ પુણ્યપ્રકૃતિઓ પ્રાયઃ ઉદયમાં આવવા માંડે છે. આ રીતે તીર્થંકરનો પુણ્યપ્રકર્ષ ચક્રવર્તી અને ઇંદ્રથી પણ બળવાન બને છે. માટે તીર્થંકરદેવો સાક્ષાત્ પુણ્યસ્વરૂપ છે.

(૪) सर्वज्ञ!=તીર્થંકરો ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળના સકળ દ્રવ્યોના સમસ્ત પર્યાયો અને ગુણોને એકી સાથે જાણનારા હોવાથી સર્વજ્ઞ છે.

(૫) निष्कण्टक!=કુતીર્થિકો પણ અરિહંત ભગવંત ઉપર સ્ત્રીનું અપહરણ કરવાનો અથવા વ્રતખંડન કરવાનો જઘન્ય આક્ષેપ કરી શક્યાં નથી. એટલું ઉચ્ચતમ પ્રભુનું ચારિત્ર હતું. આથી પ્રભુ निष्कण्टक છે.

(૬) विश्वनाथ!=ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકમાં જે જે દેવો અને તેમના ઇંદ્રો, મનુષ્યો અને તેમના રાજાઓ રહે છે તે સહુએ વીતરાગનું સેવાવ્રત સ્વીકારેલું છે માટે પ્રભુ विश्वनाथ છે.

આપણો આત્મા (૧) દીન છે (૨) હતાશ છે (૩) શરણાગત છે. આ ત્રણેય અવસ્થાઓની વ્યાખ્યા નીચે મુજબ છે.

(૧) दीनं=સહાય મેળવવા માટે આજીજી કરે તેને દીન કહેવાય. આ સ્થિતિ આપણા આત્માને લાગુ પડે છે માટે તે दीन છે.

(૨) हताशं=જે ધ્યેય સાથે પ્રવૃત્તિ શરૂ કરી હોય તે ધ્યેયની સિદ્ધિ થયા પૂર્વે જ પ્રવૃત્તિ કરવાનું મનોબળ તૂટી જાય તે હતાશા છે. આવી હતાશા આપણા આત્મામાં ધરબાયેલી જ છે માટે આપણે हताश છીએ.

(૩) शरणागतं=સ્વેચ્છાથી સેવાનો સ્વીકાર કરવો તેનું નામ શરણાગતિ. આપણે સ્વેચ્છાથી જિનચરણની સેવા સ્વીકારી છે માટે પ્રભુના शरणागत છીએ.

કંદર્પ વનેચર=ભીલ તુલ્ય છે. કંદર્પજનિત અધ્યવસાયો ભીલના હાથમાં રહેલા ભાલા સમાન છે. એનાથી બચેલાં રાખવાની પ્રાર્થના અત્રે થઇ છે.

✦ ✦ ✦

※ **अवतरणिका :**

दुष्कृतनाशोपायस्तु जिन एवेति संवदन्नाह—

※ **ભાવાર્થ :**

દુષ્કૃતના ક્ષયનો ઉપાય અરિહંત જ છે એવું હવેની ગાથામાં કહે છે.

**त्वया विना दुष्कृतचक्रवालं, नाऽन्यः क्षयं नेतुमलं ममेश ! ।**
**को वा विपक्षप्रतिचक्रमूलं, चक्रं विनाच्छेत्तुमलम्भविष्णुः ? ।। १६ ।।**

※ **अन्वय :**

हे ईश ! मम दुष्कृतचक्रवालं क्षयं नेतुं त्वया विनाऽन्योनाऽलम्, विपक्षप्रतिचक्रमूलंच्छेत्तुं चक्रं विना को वाऽलंभविष्णुः ? ।।

**※ શબ્દાર્થ :**

- ✧ ईश!=હે સ્વામિન્
- ✧ मम=મારા
- ✧ दुष्कृत=પાપો
- ✧ चक्रवाल=સમૂહ
- ✧ दुष्कृतचक्रवालम्=પાપસમૂહને
- ✧ क्षयम्=નાશ તરફ
- ✧ नेतुम्=લઇ જવા માટે
- ✧ त्वया विना=તારા વિના
- ✧ अन्यः=બીજા
- ✧ नाऽलम्=સમર્થ નથી
- ✧ विपक्ष=શત્રુપક્ષ
- ✧ प्रतिचक्रमूलं=પ્રતિવાસુદેવ છે મૂળ જેનું તેવા
- ✧ विपक्षप्रतिचक्रमूलं=પ્રતિવાસુદેવના સૈન્યને
- ✧ छेत्तुम्=તોડવા માટે
- ✧ चक्रं विना=ચક્ર સિવાય
- ✧ को वा=કોણ
- ✧ अलंभविष्णुः=સમર્થ છે ?

**※ શ્લોકનો ભાવાર્થ :**

હે સ્વામિન્ ! મારા પાપસમૂહનો ક્ષય કરવા માટે તારા વિના અન્ય કોઇ સમર્થ નથી. પ્રતિવાસુદેવના સૈન્યને તોડવા માટે સુદર્શન ચક્ર સિવાય કોઇ તાકાતવર હોઇ શકે ? ॥ ૧૬ ॥

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

त्वयेति ! 'हे ईश !' पापशुद्धिदातः ! । 'त्वया विना' भगवता प्राप्तलोकोत्तरदैवत्वेन विना । 'अन्यः' लोकिकदैवत्ववान् । 'मम' मामकीनं । 'दुष्कृतचक्रवालं' अनेकपापसम्भवमतिचारसैन्यम् । 'क्षयं नेतुम्' शोधनीकर्तुं-प्रत्युपायं प्रायश्चित्तरूपं प्रदातुम् । 'नाऽलं' न क्षमः । अयमत्र दृष्टान्तः- 'विपक्षप्रतिचक्रमूलं' प्रत्यर्धचक्री प्रतिवासुदेवः, स एव मूलमाश्रयमुद्‌गमं यस्य तादृशं विपक्षं प्रतिचक्रिणः सैन्यम् । 'छेत्तुं' विनाशयितुम् । 'चक्रं विना' सहस्रयक्षैः सेवितं शस्त्रविशेषं चक्रं सुदर्शननामानं विमुच्य । 'को वाऽलं भविष्णुः ?' सवलः कोऽन्योऽस्ति ? ।

सारांश एवम्-अनादिसंगताः पापसंस्काराः प्रतिचक्रवर्तिसैन्यसमानाश्चेदर्हतां सेवास्तानामूलं निहन्तुं सुदर्शनचक्रसमा, सेवध्वम् ॥

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) તીર્થંકર દેવો માટે અહીં ईश શબ્દ વપરાયો છે. ઇશ શબ્દની વ્યાખ્યા ટીકામાં पापशुद्धिदातः ! પાપોનું પ્રાયશ્ચિત્ત દેનારા એવી કરવામાં આવી છે.

(૨) અતિચારોની શુદ્ધિ કરાવવાનું સામર્થ્ય લૌકિક દેવોમાં હોતું નથી. તે કેવળ અરિહંતમાં જ હોય છે. કેમ કે લોકોત્તરકક્ષાનું દેવત્વ અરિહંતને પ્રાપ્ત થયેલું છે.

(૩) પ્રતિવાસુદેવના સૈન્યને મૂળમાંથી ઉખેડી દેવું હોય તો એક હજાર યક્ષદેવો જેનું સાનિધ્ય કરે છે તેવું સુદર્શનચક્ર હાથવગું હોવું જોઇએ. સુદર્શનચક્ર સિવાય એકેય શસ્ત્રની એવી તાકાત નથી કે પ્રતિવાસુદેવના સૈન્યનો મૂળમાંથી નાશ કરી દે.

બસ, દુષ્કૃતોનું આસેવન કરવાના આપણા સંસ્કારો ખૂબ ઊંડા છે. દુષ્કૃતો સ્વયં પણ પ્રબળ બળવાન છે. પુષ્કળ માત્રામાં આપણે દુષ્કૃતો કર્યા છે. મિથ્યાત્વી દેવોમાં દુષ્કૃતોનો ક્ષય કરવાની જ શક્તિ નથી તો પછી કરાવવાની શક્તિ શેં હોઇ શકે ? એ શક્તિ માત્ર વીતરાગભગવંતમાં છે.

(૪) તાત્પર્ય એ છે કે અનાદિથી આત્માને વળગેલાં પાપના સંસ્કારો પ્રતિવાસુદેવના સૈન્ય સમાન છે. જ્યારે જિનરાજની સેવા સુદર્શન ચક્ર જેવી છે. જે પાપસંસ્કારોનો સમૂળગો નાશ કરી દે છે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

भावाऽरिबाधया रुदन्नाह–

**※ ભાવાર્થ :**

અંતરંગ શત્રુઓની પીડા અંગેનાં આંસુ હવેના શ્લોકમાં દર્શાવવામાં આવે છે.

**यद् देवदेवोऽसि महेश्वरोऽसि, बुद्धोऽसि विश्वत्रयनायकोऽसि ।**
**तेनाऽन्तरङ्गारिगणाऽभिभूत-स्तवाऽग्रतोरोदिमि हा ! सखेदम् ॥ १७ ॥**

**※ अन्वय :**

देवदेवोऽसि, महेश्वरोऽसि, बुद्धोऽसि, विश्वत्रयनायकोऽसि, तेन तवाग्रतः अन्तरंगारिगणाभिभूतः (अहं) सखेदं हा! रोदिमि ॥

**※ શબ્દાર્થ :**

- ✧ यद्=કારણકે
- ✧ देवदेवोऽसि=તું દેવાધિદેવ છે
- ✧ महेश्वरोऽसि=તું શંકર છે
- ✧ बुद्धोऽसि=તું બુદ્ધ છે
- ✧ विश्वत्रयनायकोऽसि=ત્રણે લોકનો નાથ છે
- ✧ तेन=તેથી
- ✧ तवाऽग्रतः=તારી સમક્ષ
- ✧ अंतरंग=અંદરના=માનસિક
- ✧ अरि=શત્રુ
- ✧ गण=સમૂહ
- ✧ अभिभूत=હારેલ

✧ अंतरंगारिगणाऽभिभूतः=માનસિક શત્રુઓના સમૂહથી હારેલ (હું)
✧ सखेदम्=વિષાદ સહિત
✧ रोदिमि=રડું છું
✧ हा=ખેદદર્શક અવ્યયપદ

## ☼ શ્લોકનો ભાવાર્થ :

તું દેવાધિદેવ છે, શંકર છે, બુદ્ધ છે, ત્રણ ભુવનનો નાથ છે તેથી તારી સમક્ષ હું ખેદપૂર્વક રડી રહ્યો છું કેમકે આંતરિક શત્રુઓના ટોળાએ મને હરાવી દીધો છે. ॥ ૧૭ ॥

## ☼ तत्त्वरुचिर्वृत्तिः :

यदिति । 'देवदेवोऽसि' त्वं देवानामुपर्यसि, द्विधा, (१) प्रथमं-सर्वेषु मिथ्यात्ववासितेषु लौकिकदेवेष्वर्हतामुपरित्वं तद्गतदोषाऽभावात्, (२) द्वितीयम्-सम्यग्दृग्भिश्चतुःषष्टिदेवेन्द्रैः सेवाऽङ्गीकरणात्तेष्वप्यर्हतामुपरित्वम् । 'महेश्वरोऽसि' ऐश्वर्यवान् ईश्वरोऽसामान्यैश्वर्यवांश्च महेश्वरोनिगद्यते, चतुस्त्रिंशदतिशयानामसाधारणैश्वर्यप्राप्तेस्त्वं महेश्वरोऽसि, शम्भुपक्षे कामदानवनिग्रहेण प्राप्तब्रह्मचर्यैश्वर्यान्महेशोऽसि । 'बुद्धोऽसि' प्राप्तकेवलज्ञान-दर्शनोऽसि । 'विश्वत्रयनायकोऽसि' पञ्चकल्याणकवेलायां त्रिलोकवासिजन्तुनां सुखप्रदानेन त्रिलोकीपतिरसि ।

'तेन तवाऽग्रतः' कारणेनाऽनेन त्वत्समक्षम् । अन्तरंगारिगणाभिभूतः' काम-क्रोध-मद-मान-माया-लोभैः धृतानेकपर्यायाऽन्तरैः पराजितः (अहं) । 'सखेदम्' हार्दिकपश्चात्तापपूर्वकम् । 'रोदिमि' स्वकृतदुष्कृतं गर्हामि ॥

## ☼ ટીકાનો ભાવાર્થ :

(૧) વીતરાગ ભગવંતો દેવોના પણ દેવ છે. देवदेवोऽसि તું દેવોનોં પણ દેવ છે. આ પદની વ્યાખ્યા અહીં એવી થઇ છે કે અરિહંતો દેવોના ઉપરી છે. બે રીતે– (૧) લૌકિક સઘળા દેવો મિથ્યાત્વથી વાસિત છે તેથી દોષોથી ભરેલાં છે. આ દોષોને પ્રભુએ દૂર કર્યાં હોવાથી એમનામાં લોકોત્તર દેવત્વ પ્રગટ્યું છે. આ રીતે લૌકિક દેવો કરતાં તેઓ ઉપરના સ્થાને છે. (૨) સમ્યગ્દષ્ટિ ૬૪ ઇંદ્રોએ પણ પ્રભુની સેવા સ્વીકારી છે તેથી તેમનાથી પણ ઉપરના સ્થાને અરિહંત છે.

(૨) महेश्वरोऽसि વીતરાગ ભગવંત મહેશ્વર છે. ઐશ્વર્યને ધારણ કરે તે ઇશ્વર. વિશાળ ઐશ્વર્યને પામે તે મહેશ્વર. પ્રભુને ૩૪ અતિશયોનું અદ્વિતીય ઐશ્વર્ય સાંપડ્યું છે તેથી મહેશ્વર છે.

હવે, મહેશ્વરનો અર્થ શંકર કરો તો પણ તે વીતરાગમાં આ રીતે ઘટી શકશે. પ્રભુએ કામદાનવનો નિગ્રહ કર્યો છે અને બ્રહ્મચર્યના ઐશ્વર્યથી પ્રભુયુક્ત છે તેથી મહેશ્વર છે.

(૩) તીર્થંકરો बुद्ध છે. શી રીતે ? કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં બોધગ્રહણ કરવાની જે શબ્દાતીત ક્ષમતા છે તે અન્યત્ર ક્યાંય નથી. આવા કેવળજ્ઞાન અને કેવળદર્શન વીતરાગદેવે મેળવ્યાં છે એથી તેઓ બુદ્ધ છે.

(૪) તીર્થંકરો ત્રણ લોકના નાથ છે. विश्वत्रयनायकोऽसि । આ પદની વ્યાખ્યામાં કહેવાયું છે : પાંચ કલ્યાણકોની વેળાએ ત્રણે લોકના જન્તુઓને પ્રભુએ સુખનું પ્રદાન કર્યું છે તેથી તેમનું ત્રિભુવનપતિ પદ યોગ્ય ઠરે છે.

(૫) કામ, ક્રોધ, લોભ, મદ, માન, માયા... આ છ અંતરંગ શત્રુઓ છે. તેમનાથી આપણો આત્મા હાર્યો છે. હારનું દુઃખ રડવું છે તો એ માટેનું સ્થળ વીતરાગ ભગવંત છે. અહીં રડવું=रोदिमि ની વ્યાખ્યા સ્વકૃત-દુષ્કૃતની ગર્હા કરું છું એવી થઈ છે. ખેદપૂર્વક રડવાનો અર્થ પશ્ચાત્તાપપૂર્વક દુષ્કૃત ગર્હા કરું છું એવો દર્શાવાયો છે.

✦ ✦ ✦

**❊ अवतरणिका :**

मोहतिमिरोबलवत्तर इत्यनुभवन्नाह–

**❊ ભાવાર્થ :**

મોહનું અંધારું અતિ બળવાન છે એવો અનુભવ હવેની ગાથામાં પ્રસ્તુત કરે છે.

**स्वामिन्नधर्मव्यसनानि हित्वा, मनः समाधौ निदधामि यावत् ।**
**तावत्क्रुधेवाऽन्तरवैरिणो माम-नल्पमोहान्ध्यवशं नयन्ति ।। १८ ।।**

**❊ अन्वय :**

हे स्वामिन् ! अधर्मव्यसनानि हित्वा यावत् मनः समाधौ निदधामि तावत् क्रुधेव अन्तरवैरिणो मां अनल्पमोहान्ध्यवशं नयन्ति ।।

**❊ શબ્દાર્થ :**

- ✧ अधर्म=ધર્મવિરોધ
- ✧ व्यसन=ચૌર્યાદિ સાત વ્યસન
- ✧ अधर्मव्यसनानि=ધર્મનો વિરોધ તેમજ ચોરી વિગેરે સાત વ્યસનોને
- ✧ हित्वा=ત્યાગીને
- ✧ यावत्=જેટલામાં
- ✧ मनः=મનને
- ✧ समाधौ=ઉપશમમાં
- ✧ निदधामि=સ્થાપું છું
- ✧ तावत्=તેટલામાં
- ✧ क्रुधेव=જાણે ક્રોધ વડે
- ✧ अंतरवैरिणः=ભાવશત્રુઓ

✧ मां=મને
✧ अनल्प=પુષ્કળ
✧ मोहान्ध्य=મોહનો અંધકાર
✧ वश=તાબે
✧ अनल्पमोहान्ध्यवशं=પુષ્કળ મોહતિમિરને હવાલે
✧ नयन्ति=લઈ જાય છે

**※ શ્લોકનો ભાવાર્થ :**

હે નાથ ! ધર્મના વિરોધને અને ચૌર્યાદિ સાતવ્યસનને ત્યજી દઈને જ્યાં હું મનને ઉપશમમાં સ્થાપું છું, ત્યાં જાણે ક્રોધે ભરાયેલાં ભાવશત્રુઓ મને મોહના ગાઢ અંધારા તરફ ખેંચી જાય છે. ॥ ૧૮ ॥

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

स्वामिनिति । 'हे स्वामिन्' मम धर्मगुरो !, जीवनदायिन् ! । 'यावत्' पुरुषार्थाऽतिशयेन । 'अधर्मव्यसनानि' अधर्मश्च व्यसनानि चेत्यधर्मव्यसनानि, पापानुबन्धप्रभवः परमार्थविरोधी क्रिया-व्यापारोऽधर्मः, परस्त्रीसेवनादीनि व्यसनानि, उभयान्यपि । 'हित्वा' परित्यज्य । 'मनः समाधौ' मानसं संवेगवासितायां परिणामधारायां । 'निदधामि' स्थापयामि । 'तावत्' स्थापनाप्रवृत्तेरनुक्षणमेव । 'क्रुधेव' द्वेषेण इव । 'अन्तरवैरिणः' विषय-कषायाः । 'मां' मदात्मानम् । 'अनल्पमोहान्ध्यवशं' पुनर्निर्भेदायाऽतिदुष्करोऽविवेकग्रस्तविचारः स एव तमः, तस्य वशं-अधीनं 'नयन्ति' क्षिपन्ति ।

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) તીર્થંકર દેવો આપણા ધર્મગુરુ છે માટે પણ સ્વામી છે અને જીવનના દાતા છે એથી પણ સ્વામી છે.

(૨) **પાપના અનુબંધના કારણે ઉદ્ભવેલો અને મોક્ષ માટે પ્રતિકૂળ એવો મન-વચન-કાયાનો વ્યાપાર એટલે અધર્મ.** પરમાર્થનો વિરોધી પ્રત્યેક અધ્યવસાય અધર્મ છે. **પરમાર્થનો વિરોધ એટલે મોક્ષનો વિરોધ. પરમાર્થનો સ્વીકાર એટલે મોક્ષની આકાંક્ષાનો સ્વીકાર.**

(૩) સમાધિની વ્યાખ્યા કરતાં અત્રે કહેવામાં આવ્યું છે કે મોક્ષની અભિલાષા એટલે સંવેગ. આવા સંવેગથી ઓત-પ્રોત થયેલી પરિણામોની ધારાને ચિત્તની સમાધિ કહેવાય.

(૪) મોહનો અંધકાર એટલે શું ? સાર અને અસારના વિવેકની ગેરહાજરીને અહિં મોહનો અંધકાર કહેવામાં આવ્યો છે. અવિવેકને આધીન થયેલું વિચારતંત્ર એટલે મોહનું અંધારું. આ અંધારાને ભેદવું અત્યંત મુશ્કેલ છે.

* **अवतरणिका :**

हेये हेयबुद्धेरभावोमां बाधत इति पूत्कुर्वन्नाह–

* **ભાવાર્થ :**

હેય પદાર્થમાં હેય બુદ્ધિ નથી ટકતી એવી ફરિયાદ હવેની ગાથામાં કરી છે.

**त्वदागमाद् वेद्मि सदैव देव ! मोहादयो यन्मम वैरिणोऽमी ।**

**तथापि मूढस्य पराऽऽप्तबुद्ध्या, तत्सन्निधौ ही न किमप्यकृत्यम् ।। १९ ।।**

* **अन्वय :**

देव ! त्वदागमाद् सदैव वेद्मि यदमी मोहादयो मम वैरिणः, तथाऽपि मूढस्य (मम) तत्सन्निधौ पराप्तबुद्ध्या किमप्यकृत्यम् न हि ।।

* **શબ્દાર્થ :**

- देव!=અરિહંત !
- त्वदागमाद्=જિનપ્રવચન થકી
- वेद्मि=જાણું છું
- यद्=કે
- अमी=આ
- मोहादयः=મોહાદિ દોષો
- मम=મારા
- वैरिणः=શત્રુઓ છે
- तथापि=તો પણ
- मूढस्य=મૂઢ એવા મને
- तत्सन्निधौ=તે (મોહાદિની) હાજરીમાં
- पराप्तबुध्या=(તે મોહાદિ) ભગવાન હોય તેવી મતિથી
- किमपि=સ્હેજ પણ
- अकृत्य=ન કરવા યોગ્ય
- न=(લાગતું) નથી

* **શ્લોકનો ભાવાર્થ :**

હે દેવ ! તારા આગમોના માધ્યમે એ જાણું છું કે આ મોહાદિ દોષો મારા શત્રુ છે છતાં એ દોષોની ઉપસ્થિતિમાં જાણે તે બધાં મારા પરમેશ્વર હોય તેમ કશુંય અકૃત્ય લાગતું નથી. ।। ૧૯ ।।

* **तत्त्वरुचिर्वृत्तिः :**

त्वदागमादिति । 'हे देव !' क्षायिकभावनिष्पन्नविलसदात्मानुभव ! । 'त्वदागमाद्' गुरुसन्निधौ त्वद्वचननिक्षेपग्रहणादर्थादागमादिप्रवचनश्रवणात् क्रमशः स्थिरबोधात् । 'वेद्मि' अनुभवामि । यद् 'अमी मोहादयः' मनो-वाक्-कायव्यापारान् पापरूपान् पापफलान् पापानुवन्धिनश्च सर्जयन्त्योमलिन-परिणतयः । 'मम' आत्मनः । 'वैरिणः' शत्रव एव । 'तथापि' एवं सत्यपि । 'मूढस्य' अल्पाऽऽ-गमस्याऽपि बह्वागमाऽहङ्कारप्राप्तस्य मम । 'तत्सन्निधौ' मोहादीनामुदयेन प्रस्ताविते पापव्यापारे ।

'पराप्तबुद्ध्या' परमदोषमयोऽपि स पापव्यापारोविषयोपभोगादिरुप आप्तवदुपादेय एतावत्या तीव्रासक्त्या । 'किमपि अकृत्यं न' कणाग्रमपि हेयभावो भासते न हि । 'ही' खेदार्थम् ।।

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) તીર્થંકર દેવો માટે અહીં દેવ શબ્દ પ્રયોજાયો છે. આ દેવ શબ્દની વ્યાખ્યા ક્ષાયિકભાવ દ્વારા ઉત્પન્ન થયેલો આત્માનુભૂતિનો વિલાસ જેમનામાં છે તેવા ભગવંત...' એવી કરવામાં આવી છે.

(૨) **આગમો તો તીર્થંકરનો વચનનિક્ષેપો છે. જેની પ્રાપ્તિ શાસ્ત્રબોધ દ્વારા આજે પણ સંભવિત છે. શાસ્ત્રબોધ સદ્ગુરુની કૃપા વિના મળે તે શક્ય નથી.** શાસ્ત્રબોધ મળ્યા પછી તેનું સ્થિરીકરણ થવું જોઇએ. જે સાતત્યપૂર્વકના પ્રયત્નથી થાય છે.

(૩) **મોહાદિ દોષો એટલે ? મન, વચન અને કાયાના વ્યાપારોને પાપરૂપ, પાપફલક અને પાપાનુબંધી બનાવી દેનારી મલિન પરિણતિ...**

(૪) ટીકા કહે છે : આપણે સાવ થોડું જ્ઞાન પામ્યાં છીએ છતાં ઘણાં જ્ઞાની હોઇએ એવો અહંકાર ધારણ કર્યો છે માટે આપણે મૂઢ છીએ.

(૫) વિષયસુખના ઉપભોગની પ્રવૃત્તિ પાપવ્યાપાર સ્વરૂપ છે. જે અત્યંત દોષમય છે છતાં એમાં આપણને એવી આસક્તિ છે જાણે વિષયોને ભગવાન જ માની લીધા હોય. આ આસક્તિના કારણે વિષયચેષ્ટામાં અથવા પાપવ્યાપારમાં આપણે હેયબુદ્ધિ પણ ટકાવી શકતાં નથી.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

मोहादिभ्योविभ्यन्नाह–

**※ ભાવાર્થ :**

મોહાદિ દોષોથી ડરેલા ગ્રંથકાર તેની રજૂઆત કરે છે.

**म्लेच्छै-र्नृशंसैरतिराक्षसैश्च, विडम्बितोऽमीभिरनेकशोऽहम् ।**
**प्राप्तस्त्विदानीं भुवनैकवीर !, त्रायस्व मां यत्तवपादलीनम् ।। २० ।।**

**※ अन्वय :**

अमीभिः म्लैच्छैः नृशंसैः अतिराक्षसैश्च अहमनेकशोविडम्बितः,भुवनैकवीर ! इदानीं (त्वं) प्राप्तः, तव पादलीनं मां त्रायस्व ।।

※ **શબ્દાર્થ :**

✧ अमीभिः=આ બધા વડે
✧ म्लेच्छैः=મ્લેચ્છો વડે
✧ नृशंसैः=ઘાતકીઓ વડે
✧ अतिराक्षसैः=રાક્ષસ કરતાં પણ ભૂંડા તત્ત્વો વડે
✧ अहम्=હું
✧ अनेकशः=અનેકવાર
✧ विडम्बितः=વિડંબના પામેલો છું
✧ इदानीम्=હવે
✧ प्राप्तः=(તું) મળ્યો છે
✧ तव=તારા
✧ पादलीनम्=ચરણોમાં ડૂબેલાં
✧ मां=મને
✧ भुवनैकवीर!=હે જગતમાં એકમાત્ર પરાક્રમશીલ !
✧ त्रायस्व=બચાવી લે

※ **શ્લોકનો ભાવાર્થ :**

આ (મોહાદિ) મ્લેચ્છો, ઘાતકીઓ અને રાક્ષસ કરતાં પણ ભૂંડા તત્ત્વો વડે હું વારંવાર વિડંબના પામ્યો છું. હે વીર ! હવે તું પ્રાપ્ત થયો છે. તારા ચરણોમાં ડૂબેલાં એવા મને બચાવી લે. ॥ ૨૦॥

※ **तत्त्वरुचिर्वृत्तिः :**

म्लेच्छैरिति । पूर्वविवृता मोहादयोदोषाः कीदृशा वर्तन्ते ? तन्निरुपयति । 'अमीभिः' मोहादिभिः । कथंभूतैः ? 'म्लेच्छैः' भवाटवीमुल्लङ्घयतां भव्यात्मनां सद्‌गतिधनहरणत्वेन म्लेच्छताऽऽपन्नैः । पुनः कथंरूपैः ? 'नृशंसैः' दोपवुद्धिदानेन सद्‌गतावपि दुर्गतिमार्गे हठान्नयनत्वाद् म्लेच्छाधिकक्रूरैः । पुनः कीदृग्भिः ? 'अतिराक्षसैः' प्राप्तबोधिष्वपि सुमनस्स्वभिनिवेशमुत्पादनेन द्रव्यतोविभाषया, भावतो निश्चयेन व्रतखण्डनकरत्वेन राक्षसादपि निम्नैः । 'च' समुच्चयार्थकः । 'अहं' मदात्मा । 'अनेकशः' पूर्व-पूर्वतरजन्मसु वारंवारम् । 'विडम्बितः' छल नाविषयीकृतः ।

एवं सत्यथाऽयमेवोपायः- 'भुवनैकवीर !' त्रिभुवनजनस्तब्धकारिपराक्रमशील ! । 'इदानीं' अस्मिन् भवे । त्वं 'प्राप्तः' शरणीकृतः । 'यद्' अतः । 'तव' भगवतः । 'पादलीनं' सेवाकरणाऽभिलापुकम् । 'मां' मदात्मानं । 'त्रायस्व' मोहादिभ्यः रक्ष रक्ष ॥

※ **ટીકાનો ભાવાર્થ :**

(૧) આ શ્લોકમાં મોહાદિ આંતરિક દોષોનો પરિચય કરાવવામાં આવ્યો છે. એ પછી આ દોષોનો તિરસ્કાર કરવામાં આવ્યો છે અને અંતે ઉક્ત દોષોથી બચાવી લેવાની અભ્યર્થના પણ કરવામાં આવી છે.

(૨) મોહાદિ દોષો કેવાં ?

A–મ્લેચ્છ જેવા.

B–ઘાતકી જેવા.

C–રાક્ષસથી ભૂંડા.

શા માટે ?

A– અટવી ઉલ્લંઘન કરનારનું ધન લૂંટી લેનારા મ્લેચ્છો હોય છે. સંસારસ્વરૂપ અટવીનું ઉલ્લંઘન કરી રહેલાં આરાધક પાસે સદ્ગતિસ્વરૂપ જે ધન રહેલું છે તેને ઝૂંટવી લેવાની વૃત્તિ આ મોહાદિ દોષોની છે માટે તે म्लेच्छ છે.

B– અમાનવીય-ક્રૂર કાર્યો કરનારને नृशंस કહેવાય. नृ એટલે માનવ અને शंस એટલે માનવને લજવે તેવા કાર્યો કરનાર. મોહાદિ દોષો नृशंस છે. કેમ કે ધર્મક્રિયાના બળે સદ્ગતિમાં પહોંચી ગયેલાં જીવોમાં પણ તે પાપબુદ્ધિ પેદા કરાવે છે અને એ રીતે તે જીવોને ફરીને બળાત્કારે દુર્ગતિના માર્ગે લઇ જાય છે.

C– સમ્યગ્દર્શન પામેલા જીવોમાં મિથ્યામતનો અથવા મતિકલ્પિત મતનો અભિનિવેશ પેદા કરાવવાનું અકાર્ય આ મોહાદિ દોષો કરે છે. અભિનિવેશ જ્યાં પેદા થયો ત્યાં વ્રતખંડન થયાં વિના રહેતું નથી. અભિનિવેશ જેને પેદા થયો છે તેવા સાધુના દ્રવ્યસાધુધર્મનું ખંડન થાય પણ ખરૂં અને ન પણ થાય. પરંતુ તેના ભાવસાધુધર્મનું ખંડન તો તત્ક્ષણ થઇ જાય છે. આમ, મોહની સેનાએ સાધુપણા સુધી પહોંચી ગયેલાં આત્માને સાધુવેશમાં રહેવા દઇ તેના સાધુપણાને જ ખતમ કરી દીધું. એથી મોહાદિ દોષો अतिराक्षस રાક્ષસથી ભૂંડા છે.

(૩) આ મોહાદિ દોષોથી આપણો આત્મા પૂર્વ-પૂર્વતર જન્મમાં ખૂબ કદર્થના પામ્યો છે. આ ભવમાં અરિહંતની સેવા સ્વીકારવાની હવે તૈયારી છે માટે આપણે અધિકારપૂર્વક કહીએ છીએ કે હે અરિહંત ! મને બચાવી લો !

✦ ✦ ✦

**※ अवतरणिका :**

संयमग्रहणेच्छां प्रकटयन्नाह–

**※ ભાવાર્થ :**

સંયમગ્રહણનો મનોરથ હવેની ગાથામાં પ્રકટ કર્યો છે.

**हित्वा स्वदेहेऽपि ममत्वबुद्धिं, श्रद्धापवित्रीकृतसद्विवेकः ।**
**मुक्ताऽन्यसङ्गः समशत्रुमित्रः, स्वामिन् ! कदा संयममातनिष्ये ? ।। २१ ।।**

※ **अन्वय :**

हे स्वामिन् ! स्वदेहेऽपि ममत्वबुद्धिं हित्वा श्रद्धापवित्रीकृतसद्विवेकः मुक्तान्यसङ्गः समशत्रुमित्रः कदा संयममातनिष्ये ? ।। २१ ।।

※ **શબ્દાર્થ :**

- ✧ स्वामिन्=હે ભગવંત !
- ✧ स्वदेहे=પોતાની કાયામાં
- ✧ अपि=પણ
- ✧ ममत्वबुद्धिं=મોહબુદ્ધિને
- ✧ हित्वा=ત્યાગીને
- ✧ श्रद्धा=સમ્યક્ત્વ
- ✧ पवित्रीकृत=પાવન કરેલ
- ✧ सद्विवेक=સાચા-ખોટાનો નિર્ણય
- ✧ श्रद्धापवित्रीकृतसद्विवेकः=સમ્યક્ત્વ વડે પાવન કરેલ સમ્યગ્ વિવેક બુદ્ધિવાળો
- ✧ मुक्त=છોડેલ
- ✧ अन्यसङ्ग=બીજા (પૌદ્ગલિક)નો સહવાસ
- ✧ मुक्तान्यसंगः=છોડી દીધો છે અન્યનો સંગ જેણે તેવો
- ✧ समशत्रुमित्रः=દુશ્મન અને મિત્ર ઉપર સમાન મતિવાળો
- ✧ कदा=ક્યારે
- ✧ संयमं=દીક્ષાને
- ✧ आतनिष्ये=ગ્રહણ કરીશ !

※ **શ્લોકનો ભાવાર્થ :**

હે ભગવંત ! પોતાની કાયા ઉપર પણ મોહબુદ્ધિ ત્યાગીને, સમ્યક્ત્વ દ્વારા પાવન થયેલી વિવેકબુદ્ધિ ધારણ કરી, અન્ય પદાર્થોનો સંગ છોડી દઈ, દુશ્મન અને મિત્રો પર તટસ્થ મતિ પ્રાપ્ત કરી હું ક્યારે પ્રવ્રજ્યા સ્વીકારીશ ? ॥ ૨૧ ॥

※ **तत्त्वरुचिर्वृत्तिः :**

हित्वेति । 'हे स्वामिन् !' भगवन् ! । 'स्वदेहेऽपि' निजशरीरेऽपि, किं पुन र्धन-धान्य-कलत्र-पुत्रादिषु ! इति 'अपि' शब्दस्याऽर्थः । 'ममत्वबुद्धिं' अधिकारभावनां मदीयेदं न परकीयमित्याकाराम् । 'हित्वा' त्यक्त्वा । 'श्रद्धापवित्रीकृतसद्विवेकः' दर्शनमोहस्य क्षयोपशमेन क्षयेन वा धवलीभूतया हेयोपादेयनिर्णयबुद्ध्या स्थिरवैराग्यवासनः । 'मुक्ताऽन्यसङ्गः' गृहीतस्वजनादिधूननः । 'समशत्रुमित्रः' शत्रौ मित्रे च निष्पक्षपरिणामः । कदा 'संयमं' भागवतीं प्रव्रज्यां 'आतनिष्ये' संगृहीष्ये ? ।।

※ **ટીકાનો ભાવાર્થ :**

(૧) શરીર ઉપર પુષ્કળ મોહ છે. કારણ કે આ શરીર મારું છે એવી અધિકારભાવના ત્યાં રહેલી છે. શરીર પ્રત્યેની મોહબુદ્ધિને હટાવવી હોય તો પ્રથમ આ શરીર મારું છે એવી

અધિકારભાવનાને હટાવવી પડે. આથી જ स्वदेहेऽपि ममत्वबुद्धिं हित्वा ની વ્યાખ્યા 'શરીર પ્રત્યેની અધિકારભાવના ત્યાગીને' એવી અત્રે કરી છે.

- અહીં अपि શબ્દનો પ્રયોગ સૂચક છે. શરીર પ્રત્યે પણ એવું જે કહ્યું એનો અર્થ એ થયો કે શરીર સિવાયના પુત્ર, કલત્ર, ધન, ધાન્ય વિગેરે પરિગ્રહના જેટલાં વિષય છે તે સહુમાં પણ મમત્વની બુદ્ધિ ત્યાગી દેવાની છે.
- મમત્વબુદ્ધિ એટલે 'આ મારું છે, અન્યનું નહિ' એવી અધિકારભાવના.

(૨) વૈરાગ્યને જો સ્થિર કરવો હોય તો હેય શું છે અને ઉપાદેય શું છે એનો ડગલે ને પગલે નિર્ણય કરી શકે તેવી બુદ્ધિ જોઇએ. હેય અને ઉપાદેયનો નિર્ણય કરનારી આ પ્રકારની બુદ્ધિ એટલે સાચી વિવેકબુદ્ધિ. આવી વિવેકબુદ્ધિ ત્યારે જ પ્રગટ થાય જ્યારે દર્શન મોહનીયનો ક્ષયોપશમ અથવા ક્ષય થયો હોય.

વિવેકબુદ્ધિ સમ્યગ્દર્શન દ્વારા પેદા થાય છે અને વૈરાગ્યની સ્થિરતાને પેદા કરે છે.

(૩) સ્વજન વિગેરે પરપદાર્થોનો ત્યાગ કરવો એનું નામ સ્વજનધૂનન. આવું સ્વજન-ધૂનન કરવા જેવું છે એમ માનવું અને આ મંતવ્યનું આચરણ પણ કરવું એનું નામ मुक्तान्यसंगः અવસ્થા.

(૪) નિષ્પક્ષપરિણામ એટલે જ સાચી સમાનતાની ભાવના. જે દુશ્મન અને મિત્ર ઉપર હોવી જોઇએ.

(૫) ઉપરોક્ત ચારે મુદ્દાઓની વિચારણા શ્લોકમાં થઇ છે અને આ ચાર કાર્યો કર્યા પછી સંયમ સ્વીકારવાની ઇચ્છા કવિએ પ્રગટ કરી છે. જેની ટૂંકી નોંધ નીચે મુજબ છે–

A– શરીર અને અન્ય તમામ પદાર્થો પ્રત્યેની અધિકારભાવનાનો ત્યાગ.

B– સમ્યક્ત્વ વડે પેદા થયેલી હેય અને ઉપાદેયનો નિર્ણય કરતી વિવેકી પ્રજ્ઞા.

C– સ્વજનધૂનન.

D– નિષ્પક્ષ પરિણામ... અને એ પછી સંયમ સ્વીકાર.

✦ ✦ ✦

**❊ अवतरणिका :**

आत्मीयोऽहं नोपेक्ष्यश्चेति संवेदयन्नाह–

**❊ ભાવાર્થ :**

હું અરિહંતનો આત્મીય છું અને ઉપેક્ષાને લાયક નથી એવી સંવેદના હવેની ગાથામાં રજૂ થઇ છે.

**त्वमेव देवो मम वीतराग !, धर्मो भवद्दर्शितधर्म एव ।**
**इति स्वरूपं परिभाव्य तस्मान्नोपेक्षणीयो भवता स्वभृत्यः ।। २२ ।।**

**※ अन्वय :**

हे वीतराग ! त्वमेव मम देवः, भवद्दर्शितधर्म एव धर्मः, तस्मादिति स्वरूपं परिभाव्य भवता स्वभृत्यः नोपेक्षणीयः ।।

**※ શબ્દાર્થ :**

- ✧ वीतराग!=હે રાગરહિત !
- ✧ त्वम्=તું
- ✧ एव=જ
- ✧ मम=મારો
- ✧ देवः=દેવ (છે)
- ✧ भवद्दर्शितः=આપનો દર્શાવેલો
- ✧ धर्मः=ધર્મ
- ✧ एव=જ
- ✧ धर्मः=(મારે) ધર્મ (છે)
- ✧ तस्माद्=તેથી
- ✧ इति=આ પ્રમાણે
- ✧ स्वरूपम्=પરિસ્થિતિને
- ✧ परिभाव्य=વિચારીને
- ✧ भवता=આપના દ્વારા
- ✧ स्वभृत्यः=પોતાનો સેવક
- ✧ न उपेक्षणीयः=ઉપેક્ષાલાયક નથી

**※ શ્લોકનો ભાવાર્થ :**

હે વીતરાગ ! આપ જ મારા દેવ છો. આપનો કહેલો ધર્મ જ મારો ધર્મ છે. તેથી આ પ્રકારની પરિસ્થિતિનો વિચાર કરી આપે આપના સેવકની ઉપેક્ષા કરવી જોઇએ નહિ. ॥ ૨૨ ॥

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

त्वमिति । 'हे वीतराग !' अस्तरागदोषः त्रयोदशगुणस्थानलम्भनत्वात् । 'त्वमेव' भगवानेव । 'मम देवः' आगमपरीक्षया देवत्वेन स्वीकृतत्वान्मदाराध्यतमः । अत्र 'एवकार' प्रयुक्त्या निर्दिष्टमिदम् यदुत 'एवकारमात्रे' सर्वत्र नानेकान्तविरोधः, अनेकान्तविरोधस्तु विकल्पस्याऽप्रतिसेवायाम्, एवकार-मात्रविरोधिनस्त्वविदिताऽनेकान्ता वर्तन्ते, जैनप्रवचने यथास्थानं स्वीकृतिरेवकारस्य । 'धर्मः' क्रिया-हेतुः शुभपरिणामफलः । सोऽपि 'भवद्दर्शित एव' समवसरणं विराजताऽर्हता प्ररूपितो यः स एव। 'इति स्वरूपं' पूर्वोक्तमर्थात् प्रतिज्ञावाचकेन पूर्वपदद्वयेन विज्ञप्तस्वकीयविश्वासयोग्यत्वम् । 'परिभाव्य' विचार्य । 'भवता' भगवता त्वया । 'स्वभृत्यः' दासानुदासोऽहम् । 'नोपेक्षणीयः' न सर्वथोपेक्षाविषयी-कर्तव्यः । ननुवीतरागो नोपेक्षां दधाति, न प्रीतिं, तदानीमेवं प्रार्थनारीतिर्वीतरागविषये कथं संगता भवति ? संगतमिदम्, कारणमेवम्, वयं रागायत्ता उक्तया प्रार्थनारीत्या वीतरागाय प्रीतिं वर्धयिष्यामहे, तया भगवत्कृपाग्रहणयोग्यता विकासः, योग्यताविकासेन गुणविकासोऽवश्यंभावी तेन च श्रेयः परंपरा।।

**✻ ટીકાનો ભાવાર્થ :**

(૧) મારા દેવ એકમાત્ર અરિહંત છે અને મારો ધર્મ જે અરિહંતે ભાખ્યો છે તે જ છે. આવી एवकार=જકાર પૂર્વકની પ્રતિજ્ઞા પ્રસ્તુત શ્લોકમાં મહારાજાએ કરી છે. एवकार=જકાર અનેકાંતવાદને સંમત છે કે નહિ ? એની ટૂંકી ચર્ચા ટીકામાં પ્રસ્તુત થઇ છે.

જ્યાં જ્યાં एवकार=જકારનો પ્રયોગ દષ્ટિગોચર બને છે ત્યાં-ત્યાં અનેકાંતવાદનું ખંડન માની લેવાની જરૂર નથી. અનેકાંતનું ખંડન एवकार માં નથી, પરંતુ વિકલ્પના (અપેક્ષાઓના) અસ્વીકારમાં છે. **જેઓ एवकार=જકારનો પ્રયોગ થાય જ નહિ તેમ સમજી બેઠા છે તેઓ અનેકાંતવાદથી હજી અપરિચિત છે. જૈનશાસનમાં યથાસ્થાને एवकार=જકારનો સ્વીકાર થયેલો છે.**

(૨) દેવ તેને કહેવાય જે આપણી શ્રદ્ધા અને પૂજાનું પાત્ર છે. આપણું મનોગત જ્યાં આપણે રજૂ કરી શકીએ છીએ. જે આપ્ત છે.

(૩) **શ્રદ્ધાનો જે હેતુ છે તે દેવ છે અને ક્રિયાનો જે હેતુ છે તે ધર્મ છે.** धर्मः क्रियाहेतुः । આવો ધર્મ એટલે સમવસરણમાં વિરાજેલા અરિહંતે કહેલો ધર્મ.

(૪) વીતરાગ ક્યાંય પક્ષપાત રાખતા નથી. કોઇનીય ઉપેક્ષા કરતાં નથી કે કોઇનેય પ્રીતિ કરતાં નથી તો પછી વીતરાગને તમે મારી ઉપેક્ષા કરો નહિ એવું કહેવું અસંગત નથી ? શિષ્યે પ્રશ્ન કર્યો છે. ઉત્તર : ના. અસંગત નથી. એનું કારણ સાંભળો. આ એક પ્રકારની પ્રાર્થના પદ્ધતિ છે. એવી પદ્ધતિ જેના થકી વીતરાગ પ્રત્યેનો આપણો પ્રશસ્તરાગ વૃદ્ધિ પામે છે. **પ્રશસ્તરાગની વૃદ્ધિ જેમ જેમ અરિહંત પ્રત્યે થશે તેમ તેમ તેમની કૃપા ઝીલવાની યોગ્યતા આપણામાં વિકસતી જશે.** યોગ્યતાનો વિકાસ ગુણ વિકાસની તક ઉભી કરશે અને ગુણનો વિકાસ કલ્યાણની પરંપરાનું પ્રદાન કરશે.

✦ ✦ ✦

**✻ अवतरणिका :**

कामादयोदोषास्त्वत्संवन्धिनं रोषं मयि वर्षयन्तीत्यावेदयन्नाह—

**✻ ભાવાર્થ :**

કામાદિ દોષો વીતરાગ પ્રત્યેનો રોષ મારી ઉપર ઠાલવી રહ્યાં છે એવું આવેદન હવેની ગાથામાં થયું છે.

**जिता जिताशेष-सुराऽसुराद्याः कामादयः काममभी त्वयेश!**
**त्वां प्रत्यशक्तास्तव सेवकं तु, निघ्नन्ति ही मां परुषं रुषैव ॥ २३ ॥**

※ **अन्वय :**

हे ईश ! त्वया अमी जिताशेषसुरासुराद्याः कामादयः कामं जिताः, त्वां प्रत्यशक्ताः (ते) तव सेवकं मां परुषं रुषैव ही निघ्नन्ति ॥

※ **શબ્દાર્થ :**

- ✧ ईश!=હે સ્વામિન્ !
- ✧ त्वया=તારા વડે
- ✧ जित=જિતેલ
- ✧ अशेष=સઘળા
- ✧ सुर=દેવ
- ✧ असुर=દાનવ
- ✧ आद्य=વિગેરે
- ✧ जिताशेषसुरासुराद्याः=જીતેલાં છે સઘળા દેવો અને દાનવોને જેણે તેવાં
- ✧ अमी=આ
- ✧ काम=કંદર્પ
- ✧ आदि=વિગેરે
- ✧ कामादयः=કામાદિક દોષો
- ✧ जिताः=જીતાયેલાં છે
- ✧ त्वां प्रति=તારા પ્રત્યે
- ✧ अशक्ताः=નિર્બલ (તેઓ)
- ✧ तव=તારા
- ✧ सेवकं=દાસ એવા
- ✧ मां=મને
- ✧ रुषेव=જાણે ક્રોધથી
- ✧ परुषं=નિર્દય રીતે
- ✧ निघ्नन्ति=મારે છે
- ✧ ही=ખેદાર્થક પદ
- ✧ कामं=ખરેખર

※ **શ્લોકનો ભાવાર્થ :**

હે ભગવન્ ! સઘળાય દેવો અને દાનવોને જીતનારા આ કામાદિક દોષોને તે ખરેખર જીતી લીધાં છે. તારા પ્રત્યે તેઓ નિર્બળ છે એથી તારા સેવક એવા મને જાણે બદલાની વૃત્તિથી નિર્દય રીતે હણે છે. ॥ ૨૩ ॥

※ **तत्त्वरुचिर्वृत्तिः :**

जिता इति । 'ईश !' सद्‌गतिपथप्रदानेन जगन्मात्रस्याऽधिपत्यधारिन् ! । 'अमी' परिचिताश्चिरकालेन । 'कामादयः' चत्वारः कषाया नव च नोकषायाश्चारित्रमोहोदयजन्मानः परिणामविशेषाः । कीदृशास्ते ? 'जिताऽशेषसुराऽसुराद्याः' स्वाधीनीकृता ब्रह्म-विष्णु-महेश-सांईनाथ-तिरूपति-सिद्धिविनायकप्रमुखाः अहमिन्द्रपर्यन्ता मिथ्यादृष्टयोनिखिला लौकिकदेवा यैस्ते तथा चाऽवरुद्धा अविरतिवासिताः सम्यग्दृष्टयोदेवा अपि यैस्ते । 'जिताः' निरस्ताः । अत एव ते कामादयः 'त्वां प्रत्यशक्ताः' वीतरागविषये धूलीभूतसामर्थ्याः । 'तव सेवकं मां' भगवत आज्ञापक्षधरं माम् । 'रुषेव' स्वामिगततेजोद्वेषेनेव-पराभवोद्‌भुतप्रतिशोधेनेव । 'परुषं' निर्दयम् । 'निघ्नन्ति' मारयन्ति ।

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) તીર્થંકર દેવો જગતના જીવોને સદ્ગતિનો માર્ગ દર્શાવે છે તેથી સ્વાભાવિક રીતે જ તેઓ જગતનું આધિપત્ય મેળવવાના અધિકારી છે.

(૨) ચાર કષાયો અને નવ નોકષાયો કામાદિક દોષો તરીકે વિવક્ષિત છે. આ કામાદિક દોષો એટલે શું ? ચારિત્ર મોહનીય કર્મના ઉદયના કારણે ઉદ્ભવેલાં મલિન પરિણામો એટલે કામાદિ દોષો.

(૩) બ્રહ્મા, વિષ્ણુ, શંકર, સાંઇબાબા, તિરૂપતિ, સિદ્ધિવિનાયક, વૈષ્ણોદેવી, મહાલક્ષ્મી વિગેરે મિથ્યાદૃષ્ટિ દેવો પણ કામાદિક દોષોથી વાસિત છે અને અવિરતિધર એવા સમ્યગ્દૃષ્ટિ દેવો પણ આ કામાદિક દોષોથી અવરોધાયેલાં છે. કામાદિક દોષોને જીતનારા એકમાત્ર અરિહંત છે.

(૪) પ્રભુ, આપને જીતવામાં નાસીપાસ પૂરવાર થયેલા આ કષાયો તેમજ નોકષાયો આપના સેવક એવા મને ખૂબ ખરાબ રીતે પરેશાન કરે છે. આપના પ્રત્યેનો તેજોદ્વેષ જાણે મારી ઉપર ઉતારે છે. આપના થકી મળેલી હારનો બદલો જાણે મારી સાથે વાળે છે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

निर्गुणमपि मां मोक्षं नयत्विति निवेदयन्नाह–

**※ ભાવાર્થ :**

હું નિર્ગુણ છું છતાં મને મોક્ષમાં લઇ જાઓ એવું નિવેદન હવેની ગાથામાં થયું છે.

**सामर्थ्यमेतद् भवतोऽस्ति सिद्धिं, सत्त्वानशेषानपि नेतुमीश ! ।**
**क्रियाविहीनं भवदङ्घ्रिलीनं, दीनं न किं रक्षसि मां शरण्य ! ॥ २४ ॥**

**※ अन्वय :**

ईश ! शरण्य ! अशेषानपि सत्त्वान् सिद्धिं नेतुं भवत एतत् सामर्थ्यमस्ति, दीनं क्रियाविहीनं भवदङ्घ्रिलीनं मां किं न रक्षसि ? ॥ २४ ॥

**※ શબ્દાર્થ :**

- ✧ ईश!=હે સ્વામી !
- ✧ शरण्य!=હે શરણયોગ્ય !
- ✧ अशेषान्=સઘળા
- ✧ सत्त्वान्=પ્રાણીઓને
- ✧ अपि=પણ
- ✧ सिद्धिं=મોક્ષને વિશે

✧ नेतुं=લઇ જવા માટે
✧ भवतः=આપની
✧ एतत्=આ
✧ सामर्थ्यं=સમર્થતા
✧ अस्ति=છે
✧ दीनं=ઉત્સાહ વિનાના
✧ क्रियाविहीनं=આચાર રહિત
✧ भवदङ्घ्रिलीनं=આપના ચરણોમાં લીન
✧ मां=મને
✧ किं=શા માટે
✧ न=નથી
✧ रक्षसि=રક્ષતો ?

## ❊ શ્લોકનો ભાવાર્થ :

હે ભગવંત , હે શરણાગતવત્સલ ! સઘળાંય પ્રાણીઓને મોક્ષમાં લઇ જવાનું સામર્થ્ય આપનામાં રહેલું છે છતાં આપના ચરણોમાં રક્ત બનેલાં, દીન-હીન અને ક્રિયારહિત એવા મને શા માટે નથી ઉદ્ધરતાં ? ॥ ૨૪ ॥

## ❊ तत्त्वरुचिर्वृत्तिः :

सामर्थ्यमिति । 'ईश !' अष्टप्रातिहार्यशोभाभिरीशितुं योग्यः यः सः । 'शरण्य !' आश्रयाय विश्वास्यः यः सः । 'अशेषानपि सत्त्वान्' अव्यावहारिकनिगोदजीवादारभ्यः प्राप्तचरमावर्तान् संज्ञिपंचेन्द्रिय-पर्यन्तान् सकलान् जीवान् । 'सिद्धिं' मोक्षं कर्मशून्याऽवस्थाविशेषम् । 'नेतुं' स्वोपकारद्वारा प्रदातुम् । 'भवतः' भगवतः । 'सामर्थ्यमस्ति' तादृशं ध्यानोत्कर्षबलं वर्तते ।

एवं सत्यपि 'मां' मदात्मानं । कीदृशं ? 'क्रियाविहीनं' प्रमादप्रचूरतया विशिष्टव्रतनिर्निष्पन्नं प्राप्त-व्रतविराधनाकरञ्च । पुनः कथंभूतं ? 'दीनं' निरूत्साहताप्राप्तम् । पुनरपि कथंरूपं ? 'भवदङ्घ्रिलीनं' त्वत्सेवापक्षपातपवित्रम् । 'किं न रक्षसि' कस्मान्न हि उद्धरसि ? ॥

## ❊ ટીકાનો ભાવાર્થ :

(૧) અવ્યવહારરાશિમાં સૂક્ષ્મનિગોદની અંદર પડેલા એકેન્દ્રિય જીવોથી માંડીને વ્યવહારરાશિમાં આવીને ચરમાવર્ત સુધી અને એમાં પણ સંજ્ઞી પંચેન્દ્રિય અવસ્થા સુધી પહોંચેલા તમામ આત્માઓને મોક્ષનું પ્રદાન કરી દેવાનું સામર્થ્ય વીતરાગ ભગવંતમાં રહેલું છે. અહીં સામર્થ્યનો અર્થ ધ્યાનનો વિશિષ્ટકક્ષાનો ઉત્કર્ષ કરવાનો છે.

ક્ષપકશ્રેણિ દરમ્યાન વીતરાગ ભગવંતોનું ધ્યાન ઉપરોક્ત ઉત્કર્ષથી સંપન્ન હોય છે. આ અવસ્થાને આશ્રયીને ઉક્ત કથન થયેલું છે.

(૨) મોક્ષ એટલે કર્મરહિત અવસ્થા.

(૩) વીતરાગ ભગવંતો આઠ પ્રાતિહાર્યોની શોભા વડે શોભી રહ્યાં છે. માટે ઈશ છે. આશ્રય માટેનું વિશ્વાસપાત્ર સ્થાન છે તેથી शरण्य છે.

(૪) આપણો આત્મા સ્વીકારેલાં વ્રતોની વિરાધના કરે છે અને વિશિષ્ટ કક્ષાના વ્રતોના સ્વીકારથી દૂર રહે છે. માટે क्रियाविहीन છે. વ્રત સ્વીકારના ઉત્સાહથી રહિત છે માટે दीन છે.

(૫) વીતરાગની સેવાનો પક્ષપાત જેમને છે તેમને વીતરાગના ચરણમાં લીન બનેલાં કહેવાય.

✦ ✦ ✦

※ **अवतरणिका :**

तव चरणस्मरणं शक्र-चक्रित्वादप्यतिरिच्यते ।

※ **ભાવાર્થ :**

પ્રભુના ચરણોનું સ્મરણમાત્ર પણ ઇન્દ્ર અને ચક્રવર્તિપણાથી વિશેષ લક્ષ્મીનું કારણ છે એવું હવેની ગાથામાં કહેવાશે.

**त्वत्पादपद्मद्वितयं जिनेन्द्र !, स्फुरत्यजस्रं हृदि यस्य पुंसः ।**
**विश्वत्रयीश्रीरपि नूनमेति, तत्राश्रयार्थं सहचारिणीव ।। २५ ।।**

※ **अन्वय :**

हे जिनेन्द्र ! यस्य पुंसः हृदि त्वत्पादपद्मद्वितयं अजस्रं स्फुरति तत्राऽऽश्रयार्थं विश्वत्रयीश्रीरपि सहचारिणीव नूनमेति ।।

※ **શબ્દાર્થ :**

- ✧ जिनेन्द्र!=કેવલીઓમાં અગ્રગામી
- ✧ यस्य=જેના
- ✧ पुंसः=પુરુષના
- ✧ हृदि=હૃદયમાં
- ✧ त्वत्पादपद्मद्वितयम्=તારા ચરણકમલરુપી યુગ્મ
- ✧ अजस्रं=હંમેશા
- ✧ स्फुरति=વિકસે છે
- ✧ तत्र=ત્યાં
- ✧ आश्रयार्थम्=સેવા માટે
- ✧ विश्वत्रयीश्री=ત્રણ લોકની લક્ષ્મી
- ✧ अपि=પણ
- ✧ सहचारिणीव=દાસીની જેમ
- ✧ नूनम्=નિશ્ચે
- ✧ एति=આવે છે

※ **શ્લોકનો ભાવાર્થ :**

હે જિનેશ્વર ! જે પુરુષના હૃદયમાં આપના ચરણરૂપ કમલયુગ્મ હંમેશા સ્ફુરાયમાન બને છે ત્યાં ત્રણે લોકની લક્ષ્મી સેવા માટે દાસીની જેમ પહોંચી જાય છે. ॥ ૨૫ ॥

✻ **तत्त्वरुचिर्वृत्तिः :**

त्वदिति । 'जिनेन्द्र !' केवलिपर्षदप्यग्रगामी यः सः । 'यस्य पुंसः' मार्गानुसारिणस्त्वद्‌भक्तस्य । 'हृदि' चित्तैकाग्र्यपूर्वकम् । 'त्वत्पादपद्मद्वितयं' तव सहस्रलक्षणलक्षितं चरणकमलद्वयम् । 'अजस्रं' प्रत्यहं 'स्फुरति' वहुमानाऽतिशयगोचरीभवति । 'तत्र' एतद्‌भक्तस्य । 'आश्रयाऽर्थं' सेवाकरणार्थं । 'विश्वत्रयीश्रीः' लोकाऽऽश्चर्यकारिणी पुन्यराशिः शक्र-चक्रित्वादिपदलक्ष्मीः । 'सहचारिणीव' दासीवत् । 'नूनमेति' निश्चे सङ्‌गच्छति ।।

✻ **ટીકાનો ભાવાર્થ :**

(૧) તીર્થંકરદેવો કેવલીભગવંતોની પર્ષદામાં અગ્રગણ્ય છે માટે जिनेन्द्र છે.

(૨) તીર્થંકરદેવના ચરણોને હૃદયમાં ધારણ કરવા એટલે એ ચરણો પ્રત્યે એકાગ્રતાપૂર્વક ભક્તિ ધારણ કરવી.

(૩) માર્ગાનુસારીપણા સુધી પહોંચેલો પુરુષ જો વીતરાગના ચરણો પ્રત્યે એકાગ્રતાપૂર્વક બહુમાન ધારણ કરે તો પુન્યનો એવો વિશિષ્ટ બંધ તેને થાય જેના પ્રભાવે દેવલોકમાં ઇંદ્રની પદવી અને માનવલોકમાં ચક્રવર્તીપણું પ્રાપ્ત થઇ શકે. સામાન્ય મનુષ્યને દુર્લભ એવો પુન્યનો પુંજ એના જીવનમાં અનુભૂતિનો વિષય બને.

તાત્પર્ય એ છે કે ભક્ત પાસે બે પરિબળ એકત્ર થવા જોઇએ. એક, જિનરાજ પ્રત્યેનો બહુમાનભાવ. બે, માર્ગાનુસારીની અવસ્થા... આ પછી જિનભક્તિનો પ્રભાવ પ્રગટ થયાં વિના નથી રહેતો.

✦ ✦ ✦

✻ **अवतरणिका :**

दोषाऽऽकरोऽहमस्मीति निजं निन्दन्नाह–

✻ **ભાવાર્થ :**

હું દોષોની ખાણ છું એવી આત્મનિંદા હવેની ગાથામાં કરવામાં આવે છે.

**अहं प्रभो ! निर्गुणचक्रवर्ती, क्रूरो दुरात्मा हतकः सपाप्मा ।**
**ही दुःखराशौ भववारिराशौ, यस्मान्निमग्नोऽस्मि भवद्‌विमुक्तः ।। २६ ।।**

✻ **अन्वय :**

हे प्रभो ! अहं क्रूरः, दुरात्मा, हतकः, सपाप्मा, निर्गुणचक्रवर्ती अस्मि यस्माद् भवद्‌विमुक्तः दुःखराशौ ही भववारिराशौ निमग्नः (अस्मि) ।।

### ❊ શબ્દાર્થ :

✧ प्रभो!=હે સ્વામી !
✧ अहं=હું
✧ निर्गुणचक्रवर्ती=અવગુણીઓનો સરદાર
✧ क्रूरः=હિંસક
✧ दुरात्मा=દુર્જન
✧ हतकः=ભાગ્યહીન
✧ सपाप्मा=ભારેકર્મી (પાપવાળો)
✧ अस्मि=છું
✧ यस्माद्=જેથી
✧ ही=દુઃખની વાત છે કે
✧ भवद्विमुक्तः=આપના વિના
✧ दुःखराशौ=દુઃખના ભંડાર જેવા
✧ भववारिराशौ=સંસાર સાગરમાં
✧ निमग्नः=ડૂબેલો (છું)

### ❊ શ્લોકનો ભાવાર્થ :

હે સ્વામી ! હું અવગુણીઓમાં સરદાર છું, હિંસક છું, દુર્જન છું, નિર્ભાગી છું, ભારેકર્મી છું જેથી આપનાથી છૂટો થઇ દુઃખોના ભંડાર જેવા સંસારસાગરમાં ડૂબી રહ્યો છું. ॥ ૨૬ ॥

### ❊ तत्त्वरुचिर्वृत्तिः :

अहमिति । 'प्रभो !' प्रभवति घातिकर्मक्षयेन सर्वोत्कृष्टभावदयायाः क्षायिकी स्थितिर्यस्मिन् सः । 'अहं' मदात्मा एवंविधो वर्तते । कीदृशः ? 'निर्गुणचक्रवर्ती' विश्वे येऽपि जीवा गुणविहीनास्तेषु प्रथमतमः । इदमत्र गूढम्-गुणाऽपरिचयादन्ये गुणविहीनाः, अहं सति गुणपरिचयेऽपि गुणद्वेषी अतः निर्गुणेषु प्रथमतमः । पुनः कथंरूपः ? 'दुरात्मा' दोषविपाकनिरीक्षणेऽपि दोषभयस्याऽल्पत्वाद् निर्ध्वंसपरिणामप्रायः । पुनः कथंभूतः ? 'क्रूरः' षडजीवनिकायमर्दकः । पुनः कीदृक्षः ? 'हतकः' निर्भाग्यशेखरः । पुनः किंविशिष्टः ? 'सपाप्मा' पापसेवननिरतोऽविरतिनिवासाद् ।

'यस्माद्' उक्तकारणपरम्परया । 'भवद्विमुक्तः' परमात्मभक्तिसंज्ञारहितः । 'दुःखराशौ' परिषहोपसर्गभण्डारे । 'भववारिराशौ' भव एव वारिराशिस्तस्मिन् । 'निमग्नोऽस्मि' विनष्टोऽस्मि ।

### ❊ ટીકાનો ભાવાર્થ :

(૧) પ્રભુ શબ્દની વ્યાખ્યા અત્રે આ રીતની થઇ છે : સર્વોત્કૃષ્ટ ભાવકરુણાની ક્ષાયિક અવસ્થા જેમનામાં ઉત્પન્ન થઇ ચૂકી છે તે પ્રભુ ।

(૨) મારો આત્મા નિર્ગુણ ચક્રવર્તી છે અર્થાત્ વિશ્વમાં જેટલાં પણ અવગુણીઓ છે તે સહુમાં પ્રથમ છે. આ વાતનું તાત્પર્ય એ છે કે જગતના અન્ય જીવોને ગુણોનો પરિચય હજી લાધ્યો નથી એથી તેઓ ગુણહીન છે. જ્યારે મારો આત્મા ગુણોનો પરિચય થવા છતાં ગુણો મેળવવા માટે યત્નમાન તો નથી બનતો, ઉપરથી ગુણો પ્રત્યે દ્વેષ ધારણ કરે છે એથી નિર્ગુણીઓમાં ચક્રવર્તી સમાન છે.

(૩) મારો આત્મા દુરાત્મા=દુર્જન છે. શા માટે ? દોષોના ભયંકર વિપાકો નજર સામે જોવા છતાં દોષોનો ભય હજી ઘણી અલ્પ માત્રામાં મને સ્પર્શે છે એથી હું નિર્ધ્વંસ પરિણામની નજીક છું એવું મને ભાસે છે માટે.

(૪) છ જીવનિકાયની સંમર્દના (હિંસા) કરનારો હું છું માટે પ્રગટ રીતે ક્રૂરતાના લક્ષણો ન હોવા છતાં ક્રૂર છું.

(૫) भवद्विमुक्तः=હું આપનાથી છૂટો પડેલો છું. આ પદનું તાત્પર્ય એ છે કે આપની ભક્તિની સંજ્ઞા મને જાગી નથી. **ભક્તિ માટે મનનો સ્વયંભૂ ઉત્સાહ એટલે ભક્તિસંજ્ઞા.** ભક્તિસંજ્ઞા જો છે તો આપણે સંસારી હોવા છતાં જિનરાજથી છૂટા પડેલાં નથી.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

सुधासागरमज्जनोपमं जिनदर्शनमिति भावयन्नाह–

**※ ભાવાર્થ :**

તીર્થંકરનું દર્શન અમૃતના સાગરમાં ડૂબકી સમાન છે એવી ભાવના હવેની ગાથામાં રજૂ થઇ છે.

**स्वामिन् ! निमग्नोऽस्मि सुधासमुद्रे, यन्नेत्र-पात्राऽतिथिरद्य मेऽभूः ।**
**चिन्तामणौ स्फूर्जति पाणिपद्मे, पुंसामसाध्यो न हि कश्चिदर्थः ।। २७ ।।**

**※ अन्वय :**

हे स्वामिन् ! सुधासमुद्रे निमग्नोऽस्मि यदद्य मे नेत्र-पात्राऽतिथिरभूः, चिन्तामणौ पाणिपद्मे स्फूर्जति पुंसां कश्चिदर्थः न हि असाध्यः ।।

**※ શબ્દાર્થ :**

- ✧ स्वामिन्!=હે ભગવંત
- ✧ सुधासमुद्रे=અમૃતના સાગરમાં
- ✧ निमग्नः=ડૂબેલો
- ✧ अस्मि=છું
- ✧ यद्=જેથી
- ✧ अद्य=આજે
- ✧ मे=મારે
- ✧ नेत्रपात्राऽतिथिः=આંખોરૂપી પાત્રનો મહેમાન
- ✧ अभूः=તું થયો
- ✧ चिन्तामणौ=ચિંતામણિરત્ન
- ✧ पाणिपद्मे=કરકમળમાં
- ✧ स्फूर्जति=વિકસતે છતે
- ✧ पुंसां=પુરુષોને
- ✧ कश्चिद्=કોઇ પણ
- ✧ अर्थः=વાંછિત
- ✧ असाध्यः=પ્રાપ્ત ન થાય તેવું
- ✧ न=નથી
- ✧ हि=ખરેખર

**※ શ્લોકનો ભાવાર્થ :**

હે ભગવંત ! અમૃતના સાગરમાં હું ડૂબ્યો છું કેમકે આજે મારી આંખોના અતિથિ આપ બન્યાં છો. જેને ચિંતામણિ રત્ન હાથવગું છે તેવા પુરુષને કઇ વસ્તુ અપ્રાપ્ય હોઇ શકે ? ॥ ૨૭ ॥

**※ तत्त्वरुचिर्वृत्तिः :**

स्वामिनिति । 'स्वामिन् !' उत्सर्गाऽपवादवचनदाता । 'सुधासमुद्रे' आनन्दरसमहासागरेऽर्थाद् **योगशतकग्रन्थोक्तस्य** समाधिचतुष्कस्य द्वितीयस्मिन् प्रकार आनन्दसमाधौ तदभावे जिनदर्शनेन सुधातुल्यहर्षस्याऽऽभावात् । 'निमग्नोऽस्मि' अन्तः प्रविष्टोऽस्मि । कस्माद् ? तद् दर्शयति 'यद्' कारणेनाऽनेन । 'मम नेत्रपात्राऽतिथिः' मदीयं नयनद्वयं तदेवभाजनं तस्मा अतिथिः । 'अभूः' त्वमभवः । 'पाणिपद्मे' करकमले । 'चिन्तामणौ' आराधयतां वाञ्छितदायी रत्नविशेषस्तस्मिन् । 'स्फूर्जति' विकासप्राप्ते सति । 'पुंसां' साधितचिन्तामणीनां पुरुषाणाम् । 'कश्चिदर्थः' कोऽपि मनोगतपदार्थः । 'असाध्यो न हि' अशक्यो न वर्तते ।

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) તીર્થંકર દેવો ઉત્સર્ગવચન અને અપવાદવચનનું પ્રદાન કરનારા છે. એમની આજ્ઞાને અનુલક્ષીને જ ઉત્સર્ગ તેમજ અપવાદનો નિર્ણય થાય છે. તેથી તેઓ અમારા સ્વામી છે કેમકે સમગ્ર મોક્ષમાર્ગ ઉત્સર્ગ અને અપવાદમાં સમાયેલો છે.

(૨) "તીર્થંકરનું દર્શન આજે લાધ્યું છે એથી હું અમૃતના સાગરમાં ડૂબકી લગાવું છું." કવિના આ કથનમાં જે सुधासमुद्र પદની યોજના થયેલી છે એનું તાત્પર્ય ટીકામાં આ રીતે ખોલવામાં આવ્યું છે : સુવિહિત શિરોમણિ, **પૂ. પૂર્વાચાર્યપ્રવર, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે 'યોગ શતક' નામના ગ્રંથની રચના કરી છે અને તેમાં સમાધિના ચાર પ્રકારો વર્ણવ્યાં છે. એ પૈકીના બીજા પ્રકારની સમાધિ એટલે આનંદસમાધિ. અહીં सुधासमुद्र નો તાત્પર્યાર્થ आनन्दसमाधि છે. કારણકે આનંદસમાધિની કક્ષા આવ્યા વિના જિનદર્શન દ્વારા અમૃત લેપ જેવી પ્રસન્નતા મળવી સંભવિત નથી.**

(૩) ચિંતામણી રત્ન હાથવગું થયા પછી કોઇ અભિલાષા અધૂરી-અસાધ્ય રહેતી નથી તેમ વીતરાગનું દર્શન થયા પછી કોઇ વસ્તુની ઇચ્છા રહેવી શક્ય નથી, જેમને તેમાં પરમાનંદનો અનુભવ થઇ ગયો છે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

भक्तिप्रकर्षं दर्शयन्नाह—

※ **ભાવાર્થ :**

પ્રભુ પ્રત્યે ભક્તિનો પ્રકર્ષ હવેની ગાથામાં દર્શાવવામાં આવ્યો છે.

**त्वमेव संसारमहाऽम्बुराशौ निमज्जतो मे जिन ! यानपात्रम् ।**
**त्वमेव मे श्रेष्ठसुखैकधाम, विमुक्तिरामाघटनाऽभिराम ! ॥ २८ ॥**

※ **अन्वय :**

हे जिन ! संसारमहाऽम्बुराशौ निमज्जतो मे त्वमेव यानपात्रम्, हे विमुक्तिरामाघटनाऽभिराम ! त्वमेव मे श्रेष्ठसुखैकधाम ॥

※ **શબ્દાર્થ :**

- जिन!=હે ભગવંત !
- संसारमहाम्बुराशौ=સંસારરૂપી મહાસાગરમાં
- निमज्जतः=ડૂબતાં
- मे=મારે
- त्वं=તું
- एव=જ
- यानपात्रम्=જહાજરૂપ (છે)
- त्वमेव=તું જ
- मे=મારા
- श्रेष्ठसुखैकधाम=મોક્ષ સુખનો આધાર (છે)
- विमुक्ति=મોક્ષ
- रामा=પત્ની
- घटना=મિલાપ
- अभिराम=સુંદર
- विमुक्तिरामाघटनाऽभिराम !=હે મોક્ષસુંદરીના મિલાપ વડે સુંદર !

※ **શ્લોકનો ભાવાર્થ :**

હે ભગવંત ! સંસારસાગરમાં ડૂબતાં મારા માટે જહાજ સમાન આપ જ છો. હે મોક્ષસુંદરીના મિલાપ વડે શોભનાર, આપ જ મારા મોક્ષ સુખના આધાર છો. ॥ ૨૮ ॥

※ **तत्त्वरुचिर्वृत्तिः :**

त्वमिति । हे 'जिन !' पूर्वव्यावर्णितस्वरूप ! । 'संसारमहाऽम्बुराशौ' अनन्तोत्सर्पिण्यवसर्पिण्यवधिर्यः कालपरावर्तः स एव महासागरोपमस्तस्मिन् । 'निमज्जतः' पतनं कुर्वतोऽर्थाद् भववृद्धिं कुर्वतः । 'मे' मदात्मनः । 'त्वमेव' भगवानर्हन्नेव । 'यानपात्रं' नूतनभववृद्धेर्निवारणोपायं प्राप्तभवस्थितेश्च लङ्घनोपायम् । वर्तत इति शेषः ।

'हे विमुक्तिरामाघटनाऽभिराम !' मोक्ष एव सुन्दरी, तस्याः संयोगेन सुन्दरतम ! । 'मे' मम, 'श्रेष्ठसुखैकधाम' निर्वाणयुवतिपरिचयस्थलीभूतः । 'त्वमेव' भवानेव ॥

**※ ટીકાનો ભાવાર્થ :**

(૧) પુદ્ગલપરાવર્તના જે ચાર પ્રકારો છે તે પૈકી કાલપુદ્ગલપરાવર્તનો સ્વીકાર અહીં 'संसारमहाम्वुराशौ' પદની વ્યાખ્યામાં કરવામાં આવ્યો છે. અનંતી ઉત્સર્પિણીઓ અને અનંતી અવસર્પિણીઓ આ કાળ પુદ્ગલપરાવર્તમાં પસાર થઇ જાય છે. માટે આ કાળપુદ્ગલપરાવર્ત સ્વયં સમુદ્રતુલ્ય અગાધ છે. સંસારમાં ડૂબવું એટલે આવા કાળપુદ્ગલપરાવર્તમાં ઝંપલાવવું.

(૨) સંસારસાગરમાં ડૂબી રહેલી આત્માને બચાવનારું જહાજ અરિહંત છે. यानपात्रं त्वमेव । આ પદની વ્યાખ્યામાં કહેવાયું છે કે અરિહંતો નૂતનભવવૃદ્ધિનું નિવારણ કરાવનારા છે અને જેટલી ભવસ્થિતિ નિયત થયેલી છે તેનું સુખેથી લંઘન કરાવનારા છે એથી यानपात्र સમાન છે.

(૩) અરિહંત દેવોને સ્વયંને મોક્ષસુંદરીનો મિલાપ થઇ ચૂકેલો છે. આપણે જો મોક્ષસુંદરીનો સંયોગ ઇચ્છીએ છીએ તો આ સંયોગ માટે મોક્ષસુંદરી સાથે પરિચય જરૂરી છે. મોક્ષસુંદરી સાથે પરિચય=મુલાકાત કરવાની ભૂમિ એટલે અરિહંત ભગવંતો. त्वं मे श्रेष्ठ सुखैकधाम પદની વ્યાખ્યામાં ઉક્ત રજૂઆત કરવામાં આવી છે.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

प्रभुप्रणाम-स्तव-पूजनमाहात्म्यमावेदयन्नाह—

**※ ભાવાર્થ :**

પ્રભુના પૂજન, સ્તવન અને પ્રણામનો મહિમા હવેની ગાથામાં રજૂ કરે છે.

**चिन्तामणिस्तस्य जिनेश ! पाणौ, कल्पद्रुमस्तस्य गृहाङ्गणस्थः ।**
**नमस्कृतो येन सदाऽपि भक्त्या, स्तोत्रैः स्तुतो दामभिरर्चितोऽसि ॥ २९ ॥**

**※ अन्वय :**

हे जिनेश ! येन भक्त्या सदापि नमस्कृतः, स्तोत्रैः स्तुतः, दामभिरर्चितोऽसि तस्य पाणौ चिन्तामणिः, तस्य गृहाङ्गणस्थः कल्पद्रुमः ॥

**※ શબ્દાર્થ :**

✧ जिनेश!=હે તીર્થંકર !
✧ चिन्तामणिः=ચિંતામણી રત્ન
✧ तस्य=તે પુરુષના
✧ पाणौ=હાથમાં (છે)

✧ कल्पद्रुमः=કલ્પવૃક્ષ
✧ तस्य=તે પુરુષના
✧ गृहाङ्गणस्थः=ઘરઆંગણે રહેલ (છે)
✧ येन=જે પુરુષ દ્વારા
✧ सदापि=હંમેશા
✧ भक्त्या=ભક્તિ વડે
✧ नमस्कृतः=તું પ્રણામ કરાયેલ (છે)
✧ स्तोत्रैः=સ્તોત્રો વડે
✧ स्तुतः=સ્તવાયેલ (છે)
✧ दामभिः=પુષ્પમાળા વડે
✧ अर्चितः=પૂજાયેલ
✧ असि=છે

**❊ શ્લોકનો ભાવાર્થ :**

હે ભગવંત ! જે પુરુષ ભક્તિ વડે હંમેશા આપને પ્રણામ કરે છે, સ્તોત્રો વડે સ્તવે છે, પુષ્પમાળાઓ વડે પૂજે છે તે પુરુષના હાથમાં ચિંતામણિ રત્ન રહેલું છે અને કલ્પવૃક્ષ તેના ઘરના આંગણે ખીલ્યો છે. ॥ ૨૯ ॥

**❊ तत्त्वरुचिर्वृत्तिः :**

चिन्तामणिरिति । 'हे जिनेश !' घातिघातकरेषु वरिष्ठतमो यः स । 'येन' मार्गानुसारिगृहस्थेन, द्रव्यस्तवाऽधिकारत्वादत्र गृहस्थस्य ग्रहणम्, द्रव्यस्तवस्य मार्गानुसारित्वत आरम्भादत्र मार्गानुसारिणोग्रहणम् । 'भक्त्या' हार्दिकबहुमानाशयेन । सदाऽपि त्वं 'नमस्कृतः' शिरोनमनं नमस्कर्म तेन सत्कृतः । 'स्तौत्रैः स्तुतः' महिमाऽभिधायिभिर्मधुरसुन्दरैः श्लोकैरभिवादितः । 'दामभिरर्चितोऽसि' पुष्पमालाभिः पूजितोऽसि । 'तस्य' उक्तमार्गानुसारिणो भक्तस्य । 'पाणौ' करपुटे । 'चिन्तामणिः' देवताधिष्ठितोमनोवाञ्छितविश्रायी रत्नविशेषः । तथा च 'कल्पद्रुमः' देववासितः संकल्पितपदार्थदाता तरुविशेषः । स च तस्य 'गृहाङ्गणस्थः' साक्षादिव वर्तते ।

**❊ ટીકાનો ભાવાર્થ :**

(૧) ઘાતીકર્મોનો ઘાત કરે તેને जिन કહેવાય. ઘાતીકર્મોનો ઘાત કરનારામાં અગ્રીમ તીર્થંકરો છે માટે તેમને जिनेश કહેવાય.

(૨) તીર્થંકર પ્રભુને પ્રણામ, સ્તવન, પૂજા વિગેરે દ્વારા ભજનારા ભક્તને કલ્પવૃક્ષ તેમજ ચિંતામણિરત્ન આધીન થાય છે તે સાચું છે પરંતુ અહીં ભક્ત કેવો હોવો જોઇએ તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ટીકામાં આ વિષયનું સ્પષ્ટીકરણ નીચે મુજબનું થયું છે.

"દ્રવ્યસ્તવનો અધિકાર પ્રસ્તુત શ્લોકમાં પ્રસ્તુત થયો છે એથી એ સમજવું પડે કે ગૃહસ્થને આશ્રયીને અત્રે વિવરણ થયું છે. હવે દ્રવ્યસ્તવની શરૂઆત ગૃહસ્થોમાં પણ માર્ગાનુસારીપણાથી થાય છે તેથી એ પણ સમજવું પડે કે માર્ગાનુસારીપણું પામી શકનારા ગૃહસ્થને અનુલક્ષીને જ અહીં વ્યાખ્યાન થયું છે."

તાત્પર્ય એ છે કે માર્ગાનુસારીની કક્ષા સુધી પહોંચી શકનારો આત્મા ઉત્કટ બહુમાનપૂર્વક પૂજા, પ્રણામ, સ્તવન વિગેરે કરે તો ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ તેને આધીન થાય છે. પરંતુ માર્ગાનુસારીની કક્ષાને નહિ સ્પર્શી શકનારા આત્માઓ જિનભક્તિનો આવો વિશિષ્ટ લાભ અનુભવી શકતાં નથી.

(૩) ભક્તિ એટલે હૃદયનું હાર્દિક બહુમાન. નમસ્કાર એટલે મસ્તક વડે પ્રણામ કરવો તે. સ્તોત્ર એટલે મહિમાવાચક મધુર શ્લોકો.

✦ ✦ ✦

**※ अवतरणिका :**

लोकोत्तरदैवतमेकमात्राऽर्हत्येवेति घोषयन्नाह–

**※ ભાવાર્થ :**

લોકોત્તર દેવતત્ત્વ તો એકમેવ અરિહંતમાં જ ઘટે છે એવી ઘોષણા હવેની ગાથામાં થઇ છે.

**निमील्य नेत्रे मनसः स्थिरत्वं, विधाय यावज्जिन! चिन्तयामि ।**
**त्वमेव तावन्न परोऽस्ति देवो निःशेषकर्मक्षयहेतुरत्र ।। ३० ।।**

**※ अन्वय :**

हे जिन ! नेत्रे निमील्य मनसः स्थिरत्वं विधाय यावच्चिन्तयामि तावदत्र निःशेषकर्मक्षयहेतुः त्वमेवाऽस्ति, परोदेवोन ।।

**※ શબ્દાર્થ :**

- ✧ जिन!=હે વીતરાગ !
- ✧ यावत्=જેટલામાં
- ✧ नेत्रे=બે આંખોને
- ✧ निमील्य=મીંચીને
- ✧ मनसः=મનનું
- ✧ स्थिरत्वम्=સ્થિરીકરણ
- ✧ विधाय=કરીને
- ✧ चिन्तयामि=વિચારું છું
- ✧ तावत्=તેટલામાં - ત્યાં
- ✧ अत्र=અહીં
- ✧ निःशेपकर्मक्षयहेतुः=સંપૂર્ણ કર્મોના નાશનો હેતુ
- ✧ त्वं=તું
- ✧ एव=જ
- ✧ अस्ति=છે
- ✧ परः=બીજો
- ✧ देवः=દેવ
- ✧ न=નહિ

※ **શ્લોકનો ભાવાર્થ :**

હે ભગવંત ! આંખો બંધ કરીને અને મનને સ્થિર કરીને વિચાર કરું છું ત્યારે જણાય છે કે સકળ કર્મોના ક્ષયનો હેતુ તો એકમાત્ર તું જ છે. અન્યદેવતા નહિ. ॥ ૩૦ ॥

※ **तत्त्वरुचिर्वृत्तिः :**

निमील्येति । 'हे जिन !' प्राप्तानन्तज्ञानादिचतुष्टय ! । अहं 'नेत्रे निमील्य' नयनद्वयं परिच्छाद्य । 'मनसः स्थिरत्वं विधाय' तत्त्वाऽतत्त्वनिर्णयाय शास्त्रविचारणायामैकाग्र्यमपेक्षते तदवलम्ब्य । 'यावत् चिन्तयामि'वर्णयिष्यत्तत्त्वनिर्णयाय प्रयते । 'तावदत्र' तत्त्व-निर्णयप्रवृत्तेः परिपाकः लभते मन्मनसि । 'त्वमेव देवोऽस्ति' वीतराग एव आप्तो वर्तते । कीदृशः ? 'निःशेषकर्मक्षयहेतुः' सकलपापसङ्घात-विघातनकारणम् । 'न परः' लौकिकदेवगणोनह्येव स्वकीयकर्मणां छद्मनामेव क्षयस्याऽभावात् ।

※ **ટીકાનો ભાવાર્થ :**

(૧) અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય આ ચારને અનંતજ્ઞાનાદિ ચતુષ્ટય કહેવાય. આ ચતુષ્ટય જેમને પ્રાપ્ત થયું છે તેને जिन કહેવાય.

(૨) તત્ત્વ અને અતત્ત્વના નિર્ણય માટે શાસ્ત્રોની વિચારણામાં એકાગ્રતા જોઈએ. એ વિના તત્ત્વનિર્ણય થવો મુશ્કેલ છે. અહીં કવિ કહે છે : 'મનને સ્થિર કરીને હું ચિંતન કરું છું.' मनसः स्थिरत्वं विधाय । આ પદની વ્યાખ્યામાં સ્પષ્ટીકરણ થયું છે કે મનને સ્થિર કરીને ચિંતન કરવું એટલે શાસ્ત્રવિચારણામાં ચિત્તને એકાગ્ર બનાવી તત્ત્વનો નિર્ણય કરવો.

(૩) લોકોત્તર દેવતત્ત્વ ક્યાં છે ? એનો નિર્ણય કરવા માટે કવિ કટિબદ્ધ થયા છે. એ માટે આંખો બંધ કરીને જ્યાં શાસ્ત્રવિચારણામાં એકાગ્રતા કેળવે છે ત્યાં એમને તત્ત્વનો નિર્ણય લાધે છે કે સકળ પાપોના નાશનું કારણ બની શકે એવું લોકોત્તર કક્ષાનું દેવતત્ત્વ તો માત્ર વીતરાગ પરમાત્મા જ છે. લૌકિક દેવો સ્વયં પોતાના ઘાતીકર્મોનો ક્ષય નથી કરી શક્યાં તેથી તેઓ લોકોત્તરદેવતત્ત્વ સ્વરૂપ બનતા નથી.

✦ ✦ ✦

※ **अवतरणिका :**

कुतीर्थिकदैवतस्य भक्तेर्विफलतामाह–

※ **ભાવાર્થ :**

મિથ્યાત્વી દેવોની ભક્તિ ફળહીન છે તેવું હવેની ગાથામાં ફલિત થાય છે.

**भक्त्या स्तुताः अपि परे परया परेभ्यो–**
**मुक्तिं जिनेन्द्र ! ददते न कथञ्चनाऽपि ।**

**सिक्ताः सुधारसघटैरपि निम्बवृक्षाः**

**विश्राणयन्ति न हि चूतफलं कदाचित् ॥ ३१ ॥**

※ **अन्वय :**

हे जिनेन्द्र ! परेभ्योऽपि परया भक्त्या स्तुताः परे कथञ्चनाऽपि मुक्तिं न ददते, सुधारसघटैः सिक्ता अपि निम्बवृक्षाः चूतफलं कदाचिन्न हि विश्राणयन्ति ॥

※ **શબ્દાર્થ :**

- जिनेन्द्र!=હે તીર્થંકર પ્રભુ !
- परेभ्यः=શ્રેષ્ઠથી
- अपि=પણ
- परया=શ્રેષ્ઠ એવી
- भक्त्या=ભક્તિ વડે
- स्तुताः=સ્તવાયેલાં
- परे=અન્ય દેવો
- कथञ्चन=કોઈ રીતે
- अपि=પણ
- मुक्तिं=મોક્ષને
- न=નથી
- ददते=આપતાં
- सुधारसघटैः=અમૃતરસના ઘડાઓ વડે
- सिक्ताः=સિંચાયેલાં
- अपि=પણ
- निम्ववृक्षाः=લીંબડાના ઝાડ
- चूतफलं=આમ્રફળ
- कदाचित्=ક્યારેય
- न=નથી
- विश्राणयन्ति=આપતાં
- हि=ખરેખર

※ **શ્લોકનો ભાવાર્થ :**

હે ભગવંત ! શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ એવી ભક્તિ વડે સ્તવેલાં અન્ય દેવો કોઈ રીતે ય મોક્ષને નથી આપતાં... અમૃતરસના કુંભાઓ વડે પણ સિંચાયેલાં લીંબડાના ઝાડ આમ્રફળ ક્યારેય નથી આપતાં. ॥ ૩૧ ॥

※ **तत्त्वरुचिर्वृत्तिः :**

भक्त्येति । प्रथममत्र दृष्टान्तं विव्रीयते । यथा 'सुधारसघटैरपि' पुष्करावर्तमेघैर्देवप्रदत्ताऽमृत-जलैर्वाऽपि । 'सिक्ताः' पुनः पुनः परिप्लाविताः । 'निम्बवृक्षाः' प्रसिद्धाः । 'चूतफलं' आम्रफलम् । 'कदाचिन्न विश्राणयन्ति' त्रिकालेऽपि नहि प्रददते । तथैव 'हे जिनेन्द्र !' प्रथमपरमेष्ठिन् ! । 'परेभ्यः परया' अननुभूतपूर्व्या श्रेष्ठेष्वपि श्रेष्ठया । 'भक्त्या' विधि+श्रद्धासमन्वितेन बहुमानाऽऽशयेन । 'स्तुता अपि' शरणमङ्गीकृता अपि । 'परे' कुतीर्थिकदेवा **घण्टाकर्ण-भैरवादयश्चाऽपि लक्षणपरीक्षया**

**प्रायो मिथ्यात्विनो भासन्ते** तत एतादृशानामप्यत्र निपातः । 'कथञ्चनाऽपि' युक्तिशतैरपि । 'मुक्तिं न ददते' संसारक्षयं नाऽर्पयन्ति ॥

✻ **ટીકાનો ભાવાર્થ :**

(૧) વૃક્ષ જો લીંબડાનું છે તો તેની પર આમ્રફળ કદીય નથી પાંગરી શકતાં. ભલે એ વૃક્ષ લાંબા સમય સુધી પુષ્કરાવર્ત મેઘની અવિચ્છિન્ન ધારાઓ વડે સીંચાયું હોય કે પછી દેવોના અમૃતજળ વડે પ્લાવિત બનેલું હોય.

બેશક ! આ જ સ્થિતિ કુતીર્થિક દેવોની છે. કુતીર્થિક દેવોની ભક્તિ ગમે તેવી ઉત્કટતાથી, સંપૂર્ણ વિધિ સહિત અને શ્રદ્ધાના આવેગપૂર્વક કરો તો પણ ત્રણ કાળમાં મોક્ષ મળે તેમ નથી.

(૨) परेभ्यः परया भक्त्या=શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ ભક્તિ વડે. આ પદની વ્યાખ્યામાં લખાયું છે કે શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ ભક્તિ એટલે પૂર્વજન્મોમાં અને પૂર્વકાળમાં નહિ અનુભવેલાં ઉત્કટ અધ્યવસાયપૂર્વકની ભક્તિ.

(૩) **અજ્ઞાન જૈનો જેમને આજે પૂજે છે તેવા ઘંટાકર્ણ દેવ તેમજ નાકોડાભૈરવ, ક્ષેત્રપાળભૈરવ વિગેરે ભૈરવદેવો પણ પ્રાયઃ મિથ્યાત્વી છે** એવો મત પ્રસ્તુત શ્લોકની ટીકામાં રજૂ થયો છે. સાથે કથન થયું છે, મિથ્યાત્વી દેવાના લક્ષણો આ ઘંટાકર્ણ-ભૈરવ વિગેરે દેવોમાં લગભગ ઘટે છે માટે તેમને પણ કુતીર્થિક દેવો તરીકે અમે સ્થાપિત કરીએ છીએ.

(૪) जिनेन्द्र એટલે પ્રથમ પરમેષ્ઠી. કારણ ? જેટલા जिन છે તે સહુ પ્રથમ પરમેષ્ઠી નથી હોતાં જ્યારે પ્રથમ પરમેષ્ઠી જે હોય છે તેઓ અવશ્ય जिनेन्द्र છે.

✦ ✦ ✦

✻ **अवतरणिका :**

निर्गुणस्याऽप्युद्धरणे हेतुमाह—

✻ **ભાવાર્થ :**

ગુણહીનને પણ શા માટે ઉદ્ધરવો જોઇએ તેનું કારણ હવે પછીની ગાથામાં કહેવાયું છે.

**भवजलनिधिमध्यान्नाथ ! निस्तारकार्यः,**
**शिवनगरकुटुम्बी निर्गुणोऽपि त्वयाऽहम् ।**
**न हि गुणमगुणं वा आश्रितानां महान्तो—**
**निरूपमकरूणाऽऽर्द्राः सर्वथा चिन्तयन्ति ॥ ३२ ॥**

※ **अन्वय :**

हे नाथ ! निर्गुणोऽपि शिवनगरकुटुम्वी अहं त्वया भवजलनिधिमध्यान्निस्तारकार्यः, निरुपम-करुणार्द्रा महान्त आश्रितानां गुणमगुणं वा सर्वथा न हि चिन्तयन्ति ।।

※ **શબ્દાર્થ :**

- ✧ नाथ!=હે સ્વામી !
- ✧ निर्गुणः=ગુણ વિનાનો
- ✧ अपि=પણ
- ✧ शिवनगरकुटुम्वी=મોક્ષ પુરીનો કુટુંબી એવો
- ✧ अहम्=હું
- ✧ त्वया=તારા વડે
- ✧ भवजलनिधिमध्यात्=સંસારરૂપ સાગરના વચાળેથી
- ✧ निस्तार=ઉદ્ધાર
- ✧ कार्यः=કરવા યોગ્ય (છે)
- ✧ निरुपमकरुणार्द्राः=અનુપમ કરુણા વડે ભીના થયેલાં
- ✧ महान्तः=મહાપુરુષો
- ✧ आश्रितानां=સેવકોના
- ✧ गुणं=ગુણને
- ✧ वा=અથવા
- ✧ अगुणं=દોષને
- ✧ सर्वथा=સર્વથા-બધી રીતે
- ✧ न हि=ખરેખર નથી
- ✧ चिन्तयन्ति=ચિંતવતાં.

※ **શ્લોકનો ભાવાર્થ :**

હે સ્વામિન્ ! ગુણરહિત પણ મોક્ષનગરના કુટુંબી બનનારા મને સંસારસાગરના મધ્યવચાળેથી તારે તારવો જોઇએ. કેમ કે અલૌકિક કરુણાના સ્વામી એવા મહાપુરુષો સેવકોના ગુણ-દોષને ખૂબ વિચારતાં નથી. ॥ ૩૨ ॥

※ **तत्त्वरुचिर्वृत्तिः :**

भवेति ।'हे नाथ !' चतुर्विधसंघस्वामिन् !।'त्वया' भगवता ।'अहं' मदात्मा ।'भवजलनिधिमध्यात्' परिणामस्याऽऽर्त-रौद्रत्वं अन्तरङगः संसारः स एव सागरोपमस्तस्मात् । 'निस्तारकार्यः' आर्तरौद्र-परिणामादुद्धृत्य धर्म-शुक्लध्यानाभ्यां संयुतः कार्यः । कीदृशोऽहं ? 'निर्गुणोऽपि' क्षायिकभावनि-र्निष्पन्नः क्षायोपशिमिकभावस्य शैथिल्येन वारं वारं औदयिकभावस्याऽधीनत्वाद् गुणशून्यः सन् । गुणाऽल्पत्वे गुणहीनत्वमत्रोक्तम् । पुनः कथंरूपः ? 'शिवनगरकुटुम्वी' भविष्यति काले प्राप्तसिद्धा-ऽवस्थायाम् गुणसाम्यात् त्वत्साधर्मिकः ।

अथ निर्गुणस्योद्धरणे निर्दोषतां दर्शयति । 'महान्तः' असामान्यगुणधारिणः । कथंभूतास्ते ? 'निरुपमकरुणाऽऽर्द्राः' साधारणजनाऽसुलभकरुणोद्रेकसंपन्नाः । 'आश्रितानां' शरणाऽऽपन्नानां । 'गुणं वाऽगुणं' दोष-निर्दोषत्वं । 'सर्वथा' प्रत्येकवारं । 'न हि चिन्तयन्ति' मा निर्णयाधीनीकुर्वन्ति ।।

※ **ટીકાનો ભાવાર્થ :**

(૧) તીર્થંકરદેવો ચતુર્વિધસંઘના સ્વામી છે માટે આપણા સહુના નાથ છે.

(૨) આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને વશ થયેલું મન એ જ અંતરંગ સંસાર છે. દુર્ધ્યાન સ્વરુપ આ અંતરંગ સંસાર, સાગરો અને મહાસાગરોથી વધુ અગાધ છે. જ્યારે ધર્મધ્યાન અને શુક્લધ્યાનના માર્ગે ચઢેલું મન એ સંસારસાગરથી આત્માનો નિસ્તાર છે.

અહીં भवजलनिधिमध्यान्निस्तारकार्यः । પદની વ્યાખ્યામાં ટીકા એવું કહે છે કે નાથ ! સંસાર સાગરથી મારો નિસ્તાર કરો. મતલબ, દુર્ધ્યાનમાંથી ઉગારી લઇ શુભધ્યાનમાં મને સ્થાપિત કરો.

(૩) હું निर्गुण=ગુણહીન છું આ પદનું તાત્પર્ય એ છે કે પહેલી વાત, મારો આત્મા ક્ષાયિકભાવને હજી સ્પર્શી શક્યો નથી. બીજી વાત, ક્ષાયોપશમિક ભાવ પણ વારંવાર શિથિલ બની જાય છે અને ત્રીજી વાત, ઉક્ત સ્થિતિને કારણે ધર્મમાર્ગ મળવા છતાં હું ફરી ફરીને ઔદયિકભાવમાં ડૂબકી લગાવી દઉં છું.

આમ, ક્ષાયિકભાવના અભાવને કારણે તેમજ ક્ષાયોપશિમિક ભાવની મંદતાના કારણે ઔદયિક ભાવની પ્રબળતા થઇ જતી હોવાથી હું ગુણહીન છું તેવું પ્રભુ સમક્ષ કરેલું કથન ઉચિત જ છે. ગુણવિહીનતાનો અર્થ અહીં ગુણની અત્યંત મંદતા થયો છે.

(૪) આજે નહિ તો કાલે પણ મને મોક્ષ મળશે. મોક્ષમાં હે નાથ ! તારા જેવાં જ ગુણોનો ધારક હું બનીશ તેથી ત્યારે તારો સાધર્મિક થઇ જઇશ. નાથ, ભવિષ્યના આ સંબંધનો વિચાર કરીને મને સંસારથી ઉદ્ધરી લ્યો.

(૫) પ્રભુ ! હું નિર્ગુણ છું છતાં મને તારો. કેમકે ગુણહીન આત્માને તારવામાં વ્યવહારનયની દૃષ્ટિથી પણ કોઇ દોષ નથી. જગતનો એ શિષ્ટ વ્યવહાર છે કે મહાપુરુષો પોતાના શરણે રહેલાંના ગુણ-દોષનો દરેક મુદ્દે વિચાર નથી કરતાં. તેમની પર કરુણા ધારણ કરે છે. પરાર્થકરણ કરતી વખતે સામું પાત્ર ગુણી છે કે અવગુણી તેનો ભેદ વારંવાર વિચારવાનો હોતો નથી.

✦ ✦ ✦

※ **अवतरणिका :**

जिनाज्ञाऽनुरागवृद्धिं परां प्रार्थयन्नाह–

※ **ભાવાર્થ :**

એકમાત્ર જિનાજ્ઞાના પ્રેમની વૃદ્ધિની પ્રાર્થના છેલ્લી ગાથામાં કરવામાં આવશે.

**प्राप्तस्त्वं बहुभिः शुभैस्त्रिजगतश्चूडामणिर्देवता,**
**निर्वाणप्रतिभूरसावपि गुरुः श्रीहेमचन्द्रः प्रभुः ।**
**तन्नातः परमस्ति वस्तु किमपि स्वामिन् ! यदभ्यर्थये**
**किन्तु त्वद्वचनादरः प्रतिभवं स्ताद् वर्धमानो मम ॥ ३३ ॥**

**※ अन्वय :**

त्रिजगतश्चूडामणिस्त्वं देवता, निर्वाणप्रतिभूरसौ श्री हेमचन्द्रः प्रभुरपि बहुभिः शुभैः प्राप्तः, तदतः परं किमपि वस्तु नास्ति यदभ्यर्थये किन्तु मम त्वद्वचनादरः प्रतिभवं वर्धमानः स्तात् ॥

**※ શબ્દાર્થ :**

- ✧ त्रिजगतः=ત્રણ લોકના
- ✧ चूडामणिः=મસ્તકમણિ સમાન
- ✧ त्वम्=તું
- ✧ देवता=ભગવંત (અને)
- ✧ निर्वाणप्रतिभूः=મોક્ષના જામીન સમાન
- ✧ असौ=આ
- ✧ हेमचन्द्रः=હેમચંદ્રસૂરી
- ✧ प्रभुः=ગુરુ
- ✧ अपि=પણ
- ✧ बहुभिः=ઘણા
- ✧ शुभैः=પુન્ય વડે
- ✧ प्राप्तः=મળ્યાં (છે)
- ✧ तद्=તો
- ✧ अतः=આથી
- ✧ स्वामिन्!=ભગવંત !
- ✧ परं=બીજો
- ✧ किमपि=કોઈ પણ
- ✧ वस्तु=પદાર્થ (એવો)
- ✧ नास्ति=નથી
- ✧ यद्=જે
- ✧ अभ्यर्थये=માંગું છું
- ✧ किन्तु=પરંતુ
- ✧ त्वद्वचनादरः=તારી આજ્ઞા પ્રત્યેનો અનુરાગ
- ✧ मम=મારે
- ✧ प्रतिभवं=હર એક જન્મમાં
- ✧ वर्धमानः=વધનારો
- ✧ स्तात्=થાઓ

**※ શ્લોકનો ભાવાર્થ :**

ત્રણ લોકના મસ્તકમણિ સમાન આપ વીતરાગ ભગવંત જેવા દેવ તેમજ મોક્ષના જામીન સમાન આ હેમચંદ્રસૂરિ જેવા ગુરુ મને મહાભાગ્યથી મળ્યાં છે. તેથી અન્ય કોઈ પદાર્થ એવો નથી જેની હું માંગણી કરું. પરંતુ જિનવચન પ્રત્યેનો મારો અનુરાગ ભવોભવ વૃદ્ધિ પામનારો બનો એટલું જ પ્રાર્થું છું. ॥ ૩૩ ॥

※ **तत्त्वरुचिर्वृत्तिः :**

प्राप्त इति । 'त्वं' परमेश्वरोऽर्हन् । कीदृशः ? 'त्रिजगतः चूडामणिः' विश्वस्य चूडारूपेष्वनुत्तरविमानेषु निवसतां देवानां संशयहरणेन तेषामपीश्वरत्वं प्राप्तः । पुनः कथंभूतः ? 'देवता' लोकोत्तरदेवत्वमापन्नः । तथा च 'श्रीहेमचन्द्रः प्रभुः' तन्नामा सूरिः गुरुत्वेन । कीदृशः स सूरिः ? 'निर्वाणप्रतिभूः' मोक्षस्य साक्षीतुल्यः । 'वहुभिः शुभैः प्राप्तः' अनेकभवाऽर्जितपुण्यप्रकृतिकोटीभिः श्रद्धास्पदीकृतः ।

तदतः 'हे स्वामिन्' साधनामार्गाधारभूत ! । 'परं' अन्यत् 'किमपि वस्तु' इष्टं प्रार्थ्यं वा पदार्थविशेषः । 'नाऽस्ति' न वर्तते । यदभ्यर्थये' यं त्वत्समक्षं प्रार्थये । किन्तु अभ्यर्थय एतत् 'त्वद्वचनादरः' जिनाज्ञापक्षपातमतिः । 'मम' मदात्मनः । 'प्रतिभवं' मोक्षावधि प्रत्येकं जन्म । 'वर्धमानः स्तात्' वृद्धिशीलो भवतु ॥

※ **ટીકાનો ભાવાર્થ :**

(૧) તીર્થંકર દેવો જગતના ચૂડામણિ સમાન છે કેમ કે લોકના ચૂડામણિ સ્થાને રહેલાં અનુત્તર વિમાનોમાં જે દેવો વસે છે તેમના માનસિક સંશયો પણ તીર્થંકરે દૂર કર્યાં છે.

(૨) સાધનાં જીવનનો આધાર તીર્થંકરો છે માટે તેઓ સ્વામી છે.

(૩) કરોડો જન્મની પુન્યપ્રકૃતિઓના બળે લોકોત્તર દેવતત્ત્વસ્વરૂપ અરિહંત મને મળ્યાં છે. તેમજ મોક્ષના જામીન સમાન શ્રી હેમચંદ્રસૂરિ સદ્ગુરુ તરીકે મને મળ્યાં છે. એથી હવે કશું જ માંગવાનું રહેતું નથી. એકમાત્ર માંગણી કરું છું. જિનવચનનો પક્ષપાત મોક્ષ ન મળે ત્યાં સુધી સતત મારા દિલમાં વધતો રહેજો.

✦ ✦ ✦

※ **ટીકાકારની પ્રશસ્તિ :**

**प्राप्तेन तपगच्छस्य, संविग्नपरंपरासु मुनिवृत्तम् ।**
**हितवर्धनेन विहिता, वृत्तिरियं जयतु चिरसमयम् ॥ आर्या ॥**

※ **ભાવાર્થ :**

તપાગચ્છના સંવિગ્નમુનિઓની શાખામાં જેને મુનિજીવન સાંપડ્યું છે એવા હિતવર્ધનવિજયે રચેલી આ 'તત્ત્વરુચિ' નામક વૃત્તિ લાંબા સમય સુધી જય પામો ! ॥

✦ ✦ ✦

# પૂ. મુનિરાજશ્રી
## દ્વારા સર્જિત સાહિત્ય

*** લિખિત :**

- સિદ્ધાંતોના ધનુર્ધારી ........................................ અપ્રાપ્ય
- નહિ જોઇએ, ૨૬૦૦ની રાષ્ટ્રીય ઉજવણી ........................................ અપ્રાપ્ય
- ૬ માસથી અધિક ઉપવાસ જૈન શાસનને માન્ય ખરાં ? ........................ અપ્રાપ્ય
- ૨૬૦૦નું ઝેરીલું આક્રમણ ........................................ અપ્રાપ્ય
- મારી બાર પ્રતિજ્ઞાઓ (ત્રણ આવૃત્તિ) ........................................ રૂ. ૧૦/-
  (શ્રાવકના ૧૨ વ્રતની ટૂંકી અને સરળ સમજ)
- હાંકી કાઢો, ગિરનાર રોપ-વેને ........................................ અપ્રાપ્ય
- સીમંધર સ્વામીની ભાવયાત્રા (બે આવૃત્તિ) ........................................ રૂ. ૧૦/-
- ભાવાચાર્ય વંદના (બે આવૃત્તિ) ........................................ રૂ. ૫/-
- જપો નામ, સૂરિરામ ........................................ રૂ. ૬૦/-
- શ્રદ્ધાંજલિ ........................................ સાદર...
- સમેતશિખરની ભાવયાત્રા ........................................ રૂ. ૧૫/-
- નૂતન અરિહંત વંદનાવલી ........................................ રૂ. ૫/-
- પૂર્વ પુરુષોની અંતિમ આરાધના ........................................ સાદર...
- आत्मनिंदाद्वात्रिंशिका + तत्वरुचि टीका (ભાવાનુવાદ + અન્વય + શબ્દાર્થ સહિત) .... રૂ. ૬૦/-

*** અનુવાદિત :**

- તપા-ખરતર ભેદ ........................................ રૂ. ૫૦/-

*** સંપાદિત :**

- સ્તુતિનંદિની ........................................ રૂ. ૬૫/-
- ગાયું, માનતુંગ સૂરિએ... ........................................ અપ્રાપ્ય
- धन्यचरित्रम् (ગદ્ય) પ્રત ........................................ રૂ. ૧૦૦/-
- कादम्बरी - ૧ અને ૨ (સંસ્કૃત વોલ્યુમ) ........................................ રૂ. ૩૬૫/-
- શોભન સ્તુતિ (અન્વય-અનુવાદ સાથે) ........................................ રૂ. ૨૦૦/-

*** આગામી પ્રકાશન :**

- शोभनस्तुति-वृत्तिमाला (૫ ટીકા + ૧ અવચૂરિ સહિત) ........................ (પ્રેસમાં)

*** સૂચના :**

પ્રાપ્ય પુસ્તકો / ગ્રંથો પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તેમજ જ્ઞાનભંડારને ભેટ આપવામાં આવે છે. જેમને ખપ હોય તેમણે એક P.C. કુસુમ-અમૃત ટ્રસ્ટ, વાપીના સરનામે લખી પુસ્તક મંગાવી લેવા. જ્ઞાનભંડાર માટે જે-તે સંઘ અથવા ટ્રસ્ટના લેટરપેડ પર લખાયેલો પત્ર મોકલવો જરૂરી છે.

અમૃતનો મેઘ વરસાવો તો પણ
લીંબડાના ઝાડ પર આંબા કદી પાકતાં નથી.
જનમો જનમ ભક્તિ કરો તો યે
મિથ્યાત્વી દેવો મોક્ષ કદી આપી શકતાં નથી.

- પરમાર્હત કુમારપાળ

પૂર્વ જન્મોમાં આપણાં આત્માએ જિનપૂજા વિગેરે જે અનુષ્ઠાનો કર્યાં તે પ્રધાનદ્રવ્યસ્તવની કક્ષાના પણ બન્યાં નથી તેનું કારણ જિનવચનનો દ્વેષ કરાવનારો આ પાપાનુબંધ છે.

પાપનો અનુબંધ જિનવચનથી વિપરીત અનુષ્ઠાનોમાં રૂચિ કરાવે છે અને જિનાજ્ઞાનુસારી અનુષ્ઠાનોમાં રૂચિ તો રોકે છે, 'અદ્વેષબુદ્ધિ'ને પણ રોકે છે.

પરમાર્થ એ છે, પ્રધાનદ્રવ્યસ્તવ માટે પણ પાપના અનુબંધનો તે પ્રકારનો ક્ષય જરૂરી છે.

- તત્ત્વરૂચિર્વૃત્તિઃ (શ્લોક-૭ની ટીકા)

Tejas Printers
AHMEDABAD M. 98253 47620